
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 12 સપ્ટેમ્બર 2026 શનિવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ -1
વર્ષ : 18
અંક : 73
તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

નેપાળમાં પુનર્નિર્માણ માટે ₹4.52 લાખ કરોડ લાગશે: આ દેશની GDP કરતાં પણ વધુ, પૂરથી 16 લાખ લોકો.....

4

વિશ્વમાં 2.71 અબજ લોકો પેસિવ સ્મોકિંગનો ભોગ બનેલા છે

6

ટીમ ઈન્ડિયાને ઝટકો! રયાન ડોશેટ બાદ ખરા સમયે ફિઝિયોએ પણ BCCIને સોંપ્યું રાજીનામુ

7

NSEએ IPOનો પ્રાઇસ બેન્ડ ₹1700-1785 નક્કી કર્યો: 17 થી 21 સપ્ટેમ્બર સુધી રોકાણકારો બોલી લગાવી શકશે

## NEWS BRIEF

### યુપીના 26 જિલ્લામાં પૂર: ઉન્નાવમાં રસ્તા પર હોડી ચાલી રહી છે

#### બિહારમાં 44 લાખ લોકો પૂરથી પ્રભાવિત, MPમાં ચોમાસું ફરી સક્રિય

ઉત્તર પ્રદેશમાં આકાશી આફત અને સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે. રાજ્યની મુખ્ય નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે અને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. હાલમાં રાજ્યના ૨૬ જેટલા જિલ્લાઓ પૂરની ચિંતાજનક ઝપેટમાં આવી ગયા છે, જેના કારણે ૪ લાખથી પણ વધુ લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અનરાધાર વરસાદના



કારણે ઉન્નાવ જેવા શહેરોમાં પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા છે અને લોકોએ અવરજવર માટે ગાડીઓને બદલે હોડીઓનો સહારો લેવો પડી રહ્યો છે. હવામાન વિભાગે સમગ્ર રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કર્યું છે, જેમાં આવનારા સમયમાં ૪૮ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદ પડવાની ભીષણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ બિહારમાં પણ પૂરની પરિસ્થિતિ અત્યંત વિકટ અને ભયાનક રૂપ ધારણ કરી ચૂકી છે. રાજ્યની મુખ્ય ૮ નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે, જેના કારણે ૧૪ જિલ્લાઓમાં જળપ્રલય જેવો માહોલ સર્જાયો છે. પૂરના કોપથી રાજ્યની આશરે ૪૪ લાખ જેટલી વિશાળ વસ્તી સીધી રીતે પ્રભાવિત થઈ છે અને હજારો ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

### મણિપુરી સંગીતકારનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ- 15 પાંસળીઓ તૂટેલી મળી

#### છાતી-પેટ પર ભારે હથિયારથી લાગેલી ગંભીર ઈજાઓ, આંતરિક રક્તસ્રાવથી મૃત્યુ



મણિપુરી સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવાયું છે કે તેમનું મૃત્યુ વધુ પડતા રક્તસ્ત્રાવને કારણે થયું હતું. એમ્સ દિલ્હીના ઓટોપ્સી રિપોર્ટમાં તેનું કારણ છાતી અને પેટ પર ગંભીર ઈજાઓ દર્શાવવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, સિંહની છાતી અને પેટની લગભગ 15 પાંસળીઓ તૂટી ગઈ હતી. તેમના શરીર પર માથા, ચહેરા, હાથ, છાતી, પેટ, પીઠ અને પગ પર પણ ઈજાઓ મળી હતી. 54 વર્ષીય વિક્રમ સિંહનું નવી દિલ્હીમાં હુમલા બાદ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસે આ કેસમાં એક સગીર સહિત 8 આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસની FIR મુજબ, 7 સપ્ટેમ્બરે સિંહ દક્ષિણ દિલ્હીના આશ્રમ વિસ્તારમાં ઘરની બહાર અવાજ કરી રહેલા લોકોને રોકવા ગયા હતા, ત્યારબાદ આરોપીઓએ તેમની સાથે મારપીટ કરી હતી. AIIMS દિલ્હીના ફોરેન્સિક મેડિસિનના વડા ડો. સુધીર ગુપ્તાના જણાવ્યા અનુસાર, સિંહનું મૃત્યુ પેટ અને છાતી પર કોઈ ભારે વસ્તુથી હુમલો કરવાથી થયું હતું. રિપોર્ટ અનુસાર, ડાબી બાજુએ પહેલીથી 11મી પાંસળી સુધી ઘણા ફ્રેક્ચર હતા. જમણી બાજુએ છઠ્ઠીથી નવમી પાંસળી સુધી ફ્રેક્ચર મળ્યું. આ ઈજાઓની આસપાસ લોહી જામી ગયું હતું. શરીર પર ઘણા ઉઝરડા, વાદળી નિશાન અને આંતરિક ઈજાઓ પણ મળી હતી. રાસાયણિક અને ટોક્સિકોલોજિકલ તપાસ માટે મૃતકના આંતરિક અંગોના નમૂના એટલે કે વિસેરા સુરક્ષિત રાખવામાં આવ્યા છે. FIR મુજબ, 7 સપ્ટેમ્બરે આરોપીઓ ઈમારતમાં ઘૂસ્યા. તેમણે સિંહનો ત્રણ માળ સુધી પીછો કર્યો અને લાત-ઘૂંસોથી હુમલો કર્યો. સિંહની પત્નીએ બાદમાં આરોપીઓની ઓળખ એવા લોકો તરીકે કરી.

# દિલ્હીમાં પશ્ચિમી દેશો પર પુતિનનો કટાક્ષ

## G7ને 'ગ્રેટ-7' કેમ કહે છે સમજાતું નથી, વર્લ્ડ GDPનો 40% હિસ્સો બ્રિક્સ પાસે!

**નવી દિલ્હી, તા.11**

નવી દિલ્હી ખાતે યોજાયેલી 'બ્રિક્સ બિઝનેસ સમિટ 2026ને સંબોધિત કરતી વખતે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પશ્ચિમી દેશોના જૂથ G7 પર આકરા પ્રહારો કર્યા હતા. પુતિને વૈશ્વિક અર્થતંત્રમાં G7 દેશોના ઘટતા હિસ્સા અને બ્રિક્સની ઝડપથી વધતી આર્થિક શક્તિ વચ્ચેની તુલના રજૂ કરીને પશ્ચિમી દેશોના પ્રભુત્વ પર સવાલો ઉઠાવ્યા હતા.

પુતિને કહ્યું કે આ સંમેલન માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ બ્રિક્સ દેશો વચ્ચે મજબૂત બિઝનેસ-ટુ-બિઝનેસ સંબંધો આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. હાલ સમગ્ર વિશ્વ એક ઊંડા, સંરચનાત્મક અને મૂળભૂત આર્થિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે.



G7 (Group of Seven) જૂથ પર સીધો કટાક્ષ કરતાં પુતિને કહ્યું કે, છેલ્લા 5 વર્ષોમાં વિશ્વના કુલ GDP માં 40 ટકાથી વધુ ઉત્પાદન એકલા બ્રિક્સ દેશો દ્વારા કરવામાં આવ્યું છે. જ્યારે તેની સરખામણીએ કહેવાતા 'G7' કે જેને 'ગ્રેટ-7' કહેવાય છે (મને ખબર નથી કે તેઓ ખુદને એવું કેમ કહે છે) તેનો હિસ્સો માત્ર 29% રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષના વૈશ્વિક આર્થિક વિકાસ દરમાં અડધાથી વધુ હિસ્સો બ્રિક્સ દેશોનો રહ્યો છે, જ્યારે G7 દેશોનો ફાળો માત્ર 18% સુધી સીમિત થઈ ગયો છે. નોંધનીય છે કે પુતિને આટલું કહેતા જ ત્યાં હાજર લોકોએ તાળીઓના ગડગડાટથી અભિવાદન કર્યું હતું.

પુતિને વધુમાં કહ્યું કે, બ્રિક્સ દેશો પાસે વિશ્વની 50 ટકાથી વધુ વસતી છે. વિશાળ વસતીના કારણે આ દેશો પાસે અત્યંત ગતિશીલ, જીવંત અને મજબૂત સ્થાનિક બજારો ઉપલબ્ધ છે, જે આર્થિક સ્થિરતા અને વિકાસને સતત વેગ આપે છે. જે જૂના દેશો 20મી સદીના બીજા ભાગમાં આર્થિક વિકાસના અગ્રેસર હતા, તેમનું સ્થાન હવે નવા ગ્રોથ એન્જિન્સ લઈ રહ્યા છે.

પુતિને કહ્યું કે, અલબત્ત, જૂના પશ્ચિમી નેતાઓ પાસે હજુ પણ શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજીકલ લાભ અને વિજ્ઞાન ક્ષેત્રે મોટો પાયો ઉપલબ્ધ છે. પરંતુ પ્રકૃતિ અને અર્થતંત્રનો નિયમ જ પરિવર્તન છે. વિશ્વ હંમેશા બદલાતું રહે છે અને આજે સત્તા તથા આર્થિક સંતુલન નવા કેન્દ્રો તરફ વળી રહ્યું છે.

## 'વૈશ્વિક GDP અઢી ગણી વધી ત્યારે BRICS દેશોની સાડા ચાર ગણી વધી' BRICS બિઝનેસ ફોરમમાં બોલ્યા PM મોદી

**નવી દિલ્હી, તા.11**

રાજધાની નવી દિલ્હીમાં આયોજિત 18મા બ્રિક્સ શિખર સંમેલન અંતર્ગત 'બ્રિક્સ બિઝનેસ ફોરમ'ના લીડર્સ સેશનમાં વૈશ્વિક આર્થિક શક્તિ અને વિકાસની નવી દિશા સ્પષ્ટ થઈ છે. ભારત આજે ગ્લોબલ સોલ્યુશન અને ઈનોવેશનનું મુખ્ય કેન્દ્ર બનીને ઊભરી રહ્યું છે તેમજ બ્રિક્સ સંગઠન વિશ્વના આર્થિક ગ્રોથ એન્જિન તરીકે પશ્ચિમી દેશોના જૂથ G7ને પણ પાછળ છોડી રહ્યું છે તેવો સ્પષ્ટ સંદેશ આ મંચ પરથી આપવામાં આવ્યો છે.

આ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) એ જણાવ્યું કે, 'બ્રિક્સ બિઝનેસ ફોરમમાં આપ સૌનું સ્વાગત છે. આ વર્ષે આપણે બ્રિક્સના 20 વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. જ્યારે 2006માં આ જૂથ શરૂ થયું ત્યારે તેમાં માત્ર 4 દેશો હતા. આજે બ્રિક્સના સભ્યો અને ભાગીદાર દેશોને મળીને આપણો પરિવાર 21 દેશોનો થઈ ચૂક્યો છે.'



PM મોદીએ આર્થિક આંકડાઓ રજૂ કરતાં આગળ કહ્યું કે, 'આજે બ્રિક્સ દેશો દુનિયાની 50 ટકા વસતી, 40 ટકા જીડીપી અને 25 ટકાથી વધુ વેપારનું પ્રતિનિધિત્વ કરે છે. એટલું જ નહીં, આ વર્ષોમાં જ્યાં વૈશ્વિક જીડીપી લગભગ અઢી ગણી થઈ છે, ત્યાં બ્રિક્સ દેશોની સંયુક્ત જીડીપી સાડા ચાર ગણી વધી છે. બ્રિક્સ દેશો ગ્લોબલ ઈનોવેશન અને સોલ્યુશન માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યા છે અને ભારતમાં આયોજિત આ ફોરમ અત્યાર સુધીનું સૌથી મોટું બ્રિક્સ બિઝનેસ ફોરમ છે.'

આ જ મંચ પરથી રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન (Vladimir Putin) એ પશ્ચિમી દેશોના જૂથ G7 પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે, 'બ્રિક્સ જીડીપી મામલે G7થી આગળ નીકળી ગયું છે અને અમે દુનિયામાં ગ્રોથ એન્જિન બની રહ્યા છીએ. આ સંમેલન માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ બ્રિક્સ દેશો વચ્ચે મજબૂત બિઝનેસ-ટુ-બિઝનેસ સંબંધો આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. હાલ સમગ્ર વિશ્વ એક ઊંડા, સંરચનાત્મક અને મૂળભૂત આર્થિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે.'

G7 (Group of Seven) પર કટાક્ષ કરતાં રશિયન રાષ્ટ્રપ્રમુખએ વધુમાં કહ્યું કે, 'છેલ્લા 5 વર્ષોમાં વિશ્વના કુલ જીડીપીમાં 40 ટકાથી વધુ ઉત્પાદન એકલા બ્રિક્સ દેશો દ્વારા કરવામાં આવ્યું છે. જ્યારે તેની સરખામણીએ કહેવાતા G7, કે જેને ગ્રેટ-7 કહેવાય છે (મને ખબર નથી કે તેઓ ખુદને એવું કેમ કહે છે) તેનો હિસ્સો માત્ર 29 ટકા રહ્યો છે. છેલ્લા 5 વર્ષના વૈશ્વિક આર્થિક વિકાસ દરમાં અડધાથી વધુ હિસ્સો બ્રિક્સ દેશોનો રહ્યો છે, જ્યારે G7 દેશોનો ફાળો માત્ર 18 ટકા સુધી સીમિત થઈ ગયો છે.' નોંધનીય છે કે પુતિને આટલું કહેતા જ ત્યાં હાજર લોકોએ તાળીઓના ગડગડાટથી અભિવાદન કર્યું હતું. પુતિને વધુમાં કહ્યું કે, 'બ્રિક્સ દેશો પાસે વિશ્વની 50 ટકાથી વધુ વસતી છે. વિશાળ વસતીના કારણે આ દેશો પાસે અત્યંત ગતિશીલ, જીવંત અને મજબૂત સ્થાનિક બજારો ઉપલબ્ધ છે, જે આર્થિક સ્થિરતા અને વિકાસને સતત વેગ આપે છે. જે જૂના દેશો 20મી સદીના બીજા ભાગમાં આર્થિક વિકાસના અગ્રેસર હતા, તેમનું સ્થાન હવે નવા ગ્રોથ એન્જિન્સ લઈ રહ્યા છે. અલબત્ત, જૂના પશ્ચિમી નેતાઓ પાસે હજુ પણ શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજીકલ લાભ અને વિજ્ઞાન ક્ષેત્રે મોટો પાયો ઉપલબ્ધ છે. પરંતુ પ્રકૃતિ અને અર્થતંત્રનો નિયમ જ પરિવર્તન છે. વિશ્વ હંમેશા બદલાતું રહે છે અને આજે સત્તા તથા આર્થિક સંતુલન નવા કેન્દ્રો તરફ વળી રહ્યું છે.'

## BRICS સમિટ પર કોંગ્રેસમાં મતભેદ: ચિદમ્બરમે પૂછ્યું- ભારતને શું મળ્યું

### થરૂરે કહ્યું- 11 દેશના નેતાઓને એક મંચ પર લાવવા તે ભારતની તાકાત

**નવી દિલ્હી, તા.11**

ભારતમાં BRICS સમિટને લઈને કોંગ્રેસના બે વરિષ્ઠ નેતાઓના અલગ-અલગ નિવેદનો સામે આવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે હાલમાં યોજાયેલી BRICS સંમેલનોથી ભારતને મળેલા નક્કર ફાયદાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. તેના એક દિવસ પછી, કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે BRICS ને ભારત માટે મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું કે ભારતમાં તેનું સંમેલન યોજાવું એ દેશની મોટી રાજદ્વારી શક્તિ અને પ્રતિષ્ઠા દર્શાવે છે. થરૂરે કહ્યું કે સભ્ય અને નિરીક્ષક દેશોના મોટા નેતાઓ ભારત આવી રહ્યા છે, જે પોતે એક મોટી સિદ્ધિ છે. આટલા દેશોના નેતાઓને એક મંચ પર લાવવું એ ભારતની અન્ય દેશોને સાથે લાવવાની રાજદ્વારી ક્ષમતા દર્શાવે છે. થરૂરે BRICSને ગ્લોબલ સાઉથ માટે એક મહત્વપૂર્ણ મંચ ગણાવ્યું. તેમણે કહ્યું કે ગ્લોબલ સાઉથમાં



100થી વધુ દેશો છે, પરંતુ BRICSમાં સામેલ 11 મુખ્ય દેશો વિશ્વની મોટી વસ્તી અને લગભગ 41% વૈશ્વિક GDPનું પ્રતિનિધિત્વ કરે છે. આવી સ્થિતિમાં, આ જૂથને અવગણી શકાય નહીં. BRICSમાં મતભેદ: તમામ સભ્ય દેશોની વિદેશ નીતિ અને હિત એકસરખા નથી. તેથી મોટા વૈશ્વિક મુદ્દાઓ પર સહમતિ બનાવવી મુશ્કેલ છે.

ઈરાન-ઈઝરાયલ અને રશિયા-યુક્રેન મુદ્દો: મે મહિનામાં BRICS વિદેશ મંત્રીઓની બેઠકમાં આ મુદ્દાઓ પર મતભેદ સામે આવ્યા. સંયુક્ત નિવેદન જારી થઈ શક્યું નહીં. ભારતનું ચેર ડિક્લેરેશન: સંયુક્ત નિવેદનની જગ્યાએ ભારતે BRICS અધ્યક્ષ તરીકે પોતાની તરફથી ચેર ડિક્લેરેશન જારી કર્યું.

## વર્ષનાં અંતમાં 44 વર્ષનું સૌથી શક્તિશાળી વાવાઝોડું ત્રાટકશે: ISROનું રેડ એલર્ટ

**નવી દિલ્હી, તા.11**

ISRO દ્વારા વર્ષ 2026ના ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન દેશના દરિયાકાંઠાના વિસ્તારો માટે એક મહત્વપૂર્ણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. સેટેલાઇટ અને હવામાન ડેટાના આધારે બંગાળની ખાડી અને અરબ સાગરમાં ત્રણ શક્તિશાળી વાવાઝોડાં આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ વખતે વાવાઝોડાંની કુલ વિનાશક ક્ષમતા (PDI) છેલ્લા 44 વર્ષના સરેરાશ કરતાં બમણી નજીક (83%વધુ) રહેવાનું અનુમાન છે. આગામી ત્રણ મહિનામાં દરિયાકાંઠાના રાજ્યો માટે ભારે પવન, અતિભારે વરસાદ અને ઊંચા મોજાંનો મોટો પડકાર ઉભો થઈ શકે છે. આ પૂર્વ-અનુમાનથી સરકારી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોને સમયસર તૈયારી કરવાનો મહત્ત્વની તક મળશે.

ઈસરો(ISRO)ના જણાવ્યા મુજબ 2026ના પોસ્ટ-મોન્સૂન સિઝનમાં નોર્થ ઈન્ડિયન ઓશિયનમાં ત્રણ ચક્રવાતી વાવાઝોડાં(સાયક્લોન) બની શકે છે. PDIથી કોઈ પણ સાયક્લોનની તાકાતનો અંદાજ લગાવવામાં આવે છે. તેમાં વાવાઝોડાના પવનની ઝડપ કેટલી છે અને તે કેટલા સમય સુધી શક્તિશાળી રહે છે, જેવી બાબતો ધ્યાન પર લેવાય છે. સરળ ભાષામાં કહીએ તો, PDI જેટલો વધારે હશે, સાયક્લોન એક્ટિવિટી એટલી જ વધારે મજબૂત હોઈ શકે છે.

રિપોર્ટમાં 1982થી 2025 સુધી ઉત્તર હિંદ મહાસાગરમાં ચોમાસા



પછીની સિઝનમાં આવેલા ચક્રવાતોની સંખ્યા અને તેમના PDIનો અભ્યાસ કરવામાં આવ્યો છે, જે દરમિયાન PDIની સરેરાશ 7.15+10 નોટ્સ ક્યુબ રહી હતી. જ્યારે 2026ના ઓક્ટોબર-ડિસેમ્બરમાં તે વધીને 13.06+10 નોટ્સ ક્યુબ સુધી પહોંચવાનું અનુમાન છે, એટલે કે આ વખતે માત્ર વાવાઝોડાંની સંખ્યા જ નહીં, પરંતુ પવનની ઝડપ અને વાવાઝોડું કેટલા સમય સુધી ટકી રહેશે તેનો પણ અંદાજ લગાવાયો છે.

આ ચોક્કસ અનુમાન તૈયાર કરવા માટે વાતાવરણ અને સમુદ્રની અલગ-અલગ પરિસ્થિતિઓ સાથે જોડાયેલા આશરે 40 વર્ષના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જાન્યુઆરીથી ઓગસ્ટ સુધી મળેલી માહિતીના આધારે ઓક્ટોબરથી ડિસેમ્બરની 'પોસ્ટ મોન્સૂન સિઝન'માં વાવાઝોડું બનવાની શક્યતાઓ અને તેની સંભવિત તાકાત પર અસર કરતા વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખીને આ તારણ કાઢવામાં આવ્યું છે. ઉત્તર હિંદ મહાસાગરની આસપાસ ભારત સહિત અનેક દેશોના દરિયાકાંઠાના વિસ્તારો વાવાઝોડાની ઝપેટમાં આવતા હોય છે. તેથી જો અગાઉથી જ અંદાજ હોય કે કોઈ ચોક્કસ સિઝનમાં સાયક્લોન એક્ટિવિટી વધારે રહી શકે છે, તો આગોતરી તૈયારીઓ કરવી સરળ બની જાય છે. સરકાર અને સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ ટીમોને અગાઉથી જ સજ્જ રાખી શકે છે. માછીમારોને સમુદ્રમાં ન જવાની સમયસર ચેતવણી આપી શકાય છે અને જરૂર પડે તો દરિયાકાંઠે રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની પૂર્વ તૈયારીઓ પણ કરી શકાય છે. જોકે, આ અનુમાન કોઈ એક ચોક્કસ વાવાઝોડાની તારીખ, રસ્તો કે લેન્ડફોલની ચોક્કસ જગ્યા દર્શાવતું નથી.



# ગુજરાતમાં આજથી 15 સપ્ટેમ્બર ભારેથી અતિભારે વરસાદની આગાહી: ઓરેન્જ-યલો એલર્ટ જાહેર

**અમદાવાદ, તા.11**



ગુજરાતમાં ચોમાસાનો વધુ એક સક્રિય રાઉન્ડ શરૂ થવાની શક્યતા વચ્ચે આગામી દિવસોમાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદનું જોર વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના બુલેટિન મુજબ આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે વ્યાપક વરસાદ જોવા મળી શકે છે. ખાસ કરીને 12 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે અલગ અલગ જિલ્લાઓ માટે ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કર્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર બંગાળની ખાડી અને તેની આસપાસના વિસ્તારોમાં લો-પ્રેશર સિસ્ટમ સર્જાઈ છે. આ હવામાન પ્રણાલીની અસરને કારણે આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદી માહોલ વધુ સક્રિય બનવાની શક્યતા છે. હાલમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી રહ્યા છે, પરંતુ 12 સપ્ટેમ્બરથી વરસાદની તીવ્રતામાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે.

10 અને 11 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ જોવા મળવાની શક્યતા છે. જોકે ત્યારબાદ વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદનું જોર વધશે. દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દમણમાં પણ ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

13 સપ્ટેમ્બરે વરસાદની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. હવામાન વિભાગે આ દિવસે રાજ્યના તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને થંડરસ્ટોર્મને લઈને ચેતવણી આપવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને કારણે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દમણ તેમજ દાદરા અને નગર હવેલી માટે પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જ દિવસે અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી સહિતના જિલ્લાઓ માટે યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ અને કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહીને કારણે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તંત્રને પણ સાવચેત રહેવાની જરૂરિયાત ઊભી થઈ છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ વરસાદી સિસ્ટમની અસર જોવા મળી શકે છે. રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવનાને કારણે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ વધુ સક્રિય બનવાની શક્યતા હોવાથી ખેડૂતો અને સ્થાનિક વહીવટી તંત્ર પણ હવામાનની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. 14 સપ્ટેમ્બરે પણ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું સંકટ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે. ડાંગ, નવસારી અને વલસાડ ઉપરાંત દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં અતિભારે વરસાદની શક્યતાને કારણે ઓરેન્જ એલર્ટ ચાલુ રાખવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં સતત અથવા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે.

14 સપ્ટેમ્બરે અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી સહિતના જિલ્લાઓ માટે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેની સાથે સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 15 સપ્ટેમ્બર સુધીમાં વરસાદનું મુખ્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર તરફ ખસવાની શક્યતા છે. પોરબંદર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને દીવ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવનાને કારણે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# M.P. ફિનકોર્પના મિહિર પરીખ સામે વધુ 41 લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ

**અમદાવાદ, તા.11**



અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી 'એમ.પી. ફિનકોર્પ સર્વિસીસ'ના સંચાલક મિહિર જીતેન્દ્ર પરીખ સહિતના આરોપીઓ સામે વધુ એક 41 લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી રૂપેશસિંઘ તોમરે સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં મિહિર પરીખ, તેની પત્ની ધારા પરીખ, માતા ગીતા પરીખ અને હેમરાજસિંહ વિક્રમસિંહ રાણા સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, વર્ષ 2024માં મિહિર પરીખે ફરિયાદીને શેરબજારમાં રોકાણ કરાવવાના બહાને માસિક 2 ટકા અને વાર્ષિક 24 ટકા વળતર આપવાની લાલચ આપી હતી. તે સમયે ફરિયાદી પાસે પૂરતી રોકડ રકમ ન હોવાથી મિહિરે પીરામલ ફાઈનાન્સમાંથી ફરિયાદીના મ્યુચ્યુઅલ ફંડ પોર્ટફોલિયો પર 10.15 ટકાના વ્યાજે લોન અપાવી હતી. ત્યારબાદ એપ્રિલ 2024માં ફરિયાદીએ પોતાના પિતાના બેન્ક ખાતામાંથી 38 લાખ રૂપિયા અને પોતાના ખાતામાંથી 3 લાખ રૂપિયા મળી કુલ 41 લાખ રૂપિયા આરોપીઓની પેઢીના ખાતામાં આરટીજીએસ (RTGS) મારફતે જમા કરાવ્યા હતા. નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા પોતાની 'MY WEALTH' નામની એપ્લિકેશનમાં શેરબજારની વિવિધ કંપનીઓના શેર ખરીદ્યા હોવાનો તથા તેના પર વળતર મળતું હોવાનો બોગસ ડેટા દર્શાવ્યો હતો. ત્રણ મહિના પછી જ્યારે ફરિયાદીએ વળતરની માંગણી કરી ત્યારે મિહિરે નવી કંપની શરૂ કરી હોવાનું કહી સમય પસાર કર્યો હતો. લોનના હપ્તા શરૂ હોવાથી ફરિયાદીએ પોતાના મૂળ નાણાં પરત માંગતા, ડિસેમ્બર 2024માં મિહિરે એક બનાવટી પીડીએફ (PDF) ફાઈલ મોકલીને શેર વેચી દીધા હોવાનો અને બે-ત્રણ દિવસમાં નાણાં મળી જવાનો દાવો કર્યો હતો. જોકે, તપાસ કરતા ફરિયાદી કે તેમના પિતાના નામે કોઈ શેર ખરીદાયા કે વેચાયા ન હોવાનું અને નાણાં આરોપીઓએ અંગત વપરાશમાં લઈ લીધા હોવાનું સામે આવ્યું હતું.

ત્યારબાદ આરોપીઓએ ઓફિસે મળવાનું બંધ કરી દીધું હતું. માધ્યમો દ્વારા ફરિયાદીને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ સંગઠિત થઈને અનેક રોકાણકારો સાથે કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે. સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં અગાઉ પણ આ પેઢી સામે ફરિયાદો નોંધાઈ ચૂકી છે અને કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ થયેલી છે. પોલીસની માહિતી મુજબ, ધર્મેશ શાહ, રંજનબેન ઠાકર અને બાબુલાલ પટેલ જેવા અન્ય નાગરિકો પણ આ જ પ્રકારે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. એમ.પી. ફિનકોર્પ સર્વીસીસ સિવાય મિહિર પરીખ એક ટ્રાવેલ્સ કંપની પણ ચલાવતો હતો, જેના થકી તે લોકો સાથે વિદેશમાં ડેસ્ટિનેશન વેડિંગ અને રિસોર્ટ બુકિંગના નામે છેતરપિંડી કરતો હતો. આ ઉપરાંત મિહિર પરીખ, તેની પત્ની અને માતાના નામે અન્ય કંપનીઓ પણ છે, જેમાં એમ.પી. ઈન્સ્યોરન્સ & બ્રોકિંગ સર્વિસીસ અને એમ.પી. ઈન્સ્યોરન્સ & બ્રોકિંગ ઈન્ડિયા પ્રા. લિ. પણ સામેલ છે.

# દિવાળી-છઠ પહેલાં અમદાવાદથી ઉત્તરપ્રદેશ-બિહાર સહિત પૂર્વોત્તર ભારત તરફ વધુ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની માગણી

**અમદાવાદ, તા.11**



દિવાળી અને છઠ મહાપર્વને હવે ગણતરીના અઠવાડિયા બાકી છે ત્યારે ગુજરાતમાં વસતા ઉત્તર પ્રદેશ, બિહાર સહિત પૂર્વોત્તર ભારતના પ્રવાસીઓની ઘરવાપસી માટે રેલવે દ્વારા વધુ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની માગ ઉઠી છે. હાલ અમદાવાદ તરફથી ઉત્તર પ્રદેશ અને બિહાર જતી અનેક ટ્રેનોમાં રિઝર્વેશન મળતું નથી અને લાંબી વેઈટિંગ લિસ્ટ જોવા મળી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ જંક્શન તેમજ અસારવા ટર્મિનલથી જનસાધારણ એક્સપ્રેસ અને સ્લીપર સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની રજૂઆત કરવામાં આવી છે.

અખિલ ભારતીય રેલ ઉપભોક્તા સંઘે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરને પત્ર લખી જણાવ્યું છે કે, દિવાળી અને છઠ મહાપર્વ દરમિયાન શાળાઓમાં રજાઓ હોવાથી પણ આ સમયગાળામાં ઘરવાપસી કરતા પેસેન્જરોની સંખ્યા વધી જાય છે. ત્યારે રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત ઓછામાં ઓછા એક મહિના અગાઉ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે. જેથી પેસેન્જરોને મુસાફરીનું આયોજન કરવા પૂરતો સમય મળી રહે.

દિવાળીથી છઠ સુધી અમદાવાદ, સાબરમતી અને અન્ય સ્ટેશનો પરથી ઉત્તર પ્રદેશ તથા બિહાર તરફ જતી ટ્રેનોમાં ભારે ભીડ રહેવાની શક્યતા છે. લખનઊ, અયોધ્યા, ગોરખપુર, વારાણસી, મુઝફ્ફરપુર, ગયા, પટના, ભાગલપુર અને રાંચી જેવા શહેરો તરફ જતી ટ્રેનોમાં અત્યારથી જ કન્ફર્મ ટિકિટ મેળવવી મુશ્કેલ બની રહી છે. રિઝર્વેશન નહીં મળતા પેસેન્જરોને બસનો વિકલ્પ પસંદ કરવો પડે છે. તહેવારો નજીક આવતા બસોમાં પણ ભીડ વધે છે અને ભાડામાં વધારો થવાની ફરિયાદો રહે છે. જેના કારણે પેસેન્જરોને મોંઘા ભાડે મુસાફરી કરવાની ફરજ પડે છે.

રજૂઆતમાં જણાવાયું છે કે અમદાવાદ જંકશનથી આશરે 1 કિમીના અંતરે આવેલા અસારવા ટર્મિનલ પરથી પણ તહેવારો દરમિયાન વધુ ટ્રેનો દોડાવી શકાય છે. અસારવાથી જયપુર-આગ્રા-કાનપુર-લખનઊ-અયોધ્યા-ગોરખપુર થઈને મુઝફ્ફરપુર તથા ગયા તરફ સ્પેશિયલ ટ્રેન શરૂ કરવામાં આવે તો અમદાવાદ જંકશન પરનું ભારણ પણ ઘટાડી શકાય તેમ છે.

રજૂઆતમાં રેલવેને સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત સમયસર કરવાની પણ માગ કરાઈ છે. ઘણી વખત ટ્રેનની જાહેરાત મુસાફરીના દિવસે અથવા ગણતરીના દિવસો પહેલાં થવાથી પેસેન્જરોને તેની જાણકારી સમયસર મળતી નથી. પરિણામે સ્પેશિયલ ટ્રેનમાં અપેક્ષા મુજબ બુકિંગ ન થતાં રેલવેને પણ આર્થિક નુકસાન થઈ શકે છે.

# બોલી ન શકતો 6 વર્ષનો માસૂમ BRTSમાં ચડી ચંડોળા પહોંચ્યો, પછી સ્ટાફે જે કર્યું તે જાણી તમારી આંખ પણ ભીની થઈ જશે

**અમદાવાદ, તા.11**

અમદાવાદમાં BRTS સ્ટાફની સતર્કતા, ઝડપી કાર્યવાહી અને આધુનિક ટેક્નોલોજીના અસરકારક ઉપયોગથી ગુમ થયેલા એક 6 વર્ષના બાળકને સુરક્ષિત રીતે શોધી કાઢવામાં સફળતા મળી છે. બોલી ન શકતો ધનુષ જાની નામનો બાળક અંધજન મંડળ BRTS સ્ટેશન પરથી બસમાં બેસીને ચંડોળા સુધી પહોંચી ગયો હતો. જોકે BRTSના કંટ્રોલ સેન્ટર દ્વારા CCTVનું લાઈવ મોનિટરિંગ અને AVLS ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બાળક સુધી પહોંચવામાં આવ્યો હતો. આખરે બાળક ચંડોળા તળાવ પાસે આવેલા BRTS વર્કશોપ વિસ્તારમાંથી સુરક્ષિત મળી આવ્યો હતો અને તેને તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, 9 સપ્ટેમ્બર 2026ના રોજ અંધજન મંડળ BRTS સ્ટેશન ખાતે ટિકિટ સ્ટાફને જાણ કરવામાં આવી હતી કે 6 વર્ષીય ધનુષ જાની ગુમ થઈ ગયો છે. બાળક બોલી શકતો ન હોવાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. પરિવાર માટે બાળક ક્યાં ગયો હશે અને તે કોઈને પોતાની ઓળખ કે સરનામું જણાવી શકશે કે નહીં તે મોટી ચિંતાનો વિષય હતો. ઘટનાની જાણ થતાં જ BRTS સ્ટાફે સમય બગાડ્યા વિના મામલાને ગંભીરતાથી લીધો અને તાત્કાલિક BRTSના કંટ્રોલ સેન્ટર એટલે કે CCCને જાણ કરવામાં આવી હતી. કંટ્રોલ સેન્ટર દ્વારા બાળકને શોધવા માટે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બાળકની તસવીરો મેળવી તેને સંબંધિત BRTSના WhatsApp ગ્રુપમાં શેર કરવામાં આવી હતી જેથી વિવિધ સ્ટેશન અને રૂટ પર કાર્યરત સ્ટાફ પણ સતર્ક થઈ શકે. આ સાથે જ કંટ્રોલ સેન્ટર દ્વારા વિવિધ BRTS સ્ટેશનો અને બસ રૂટ પર લગાવવામાં આવેલા CCTV કેમેરાનું લાઈવ મોનિટરિંગ શરૂ કરવામાં આવ્યું હતું.



CCTV કેમેરાના ફૂટેજની સતત તપાસ દરમિયાન મહત્વપૂર્ણ માહિતી મળી હતી. બાળક CA23 નંબરની બસમાં રૂટ નંબર 12 પર મુસાફરી કરતો જોવા મળ્યો હતો. તે બસ રબારી કોલોની તરફ જઈ રહી હોવાનું સામે આવ્યું હતું. બાળક બસમાં બેઠો હોવાનું સ્પષ્ટ થતાં BRTS ટીમને તેની શોધ માટે ચોક્કસ દિશા મળી ગઈ હતી અને ત્યારબાદ સમગ્ર કાર્યવાહી વધુ ઝડપથી આગળ વધારવામાં આવી હતી. બાળક કઈ બસમાં મુસાફરી કરી રહ્યો છે તેની ઓળખ થયા બાદ BRTSના અધિકારીઓ અને કંટ્રોલ સેન્ટરે બસના લોકેશન પર સતત નજર રાખવાનું શરૂ કર્યું હતું. આ માટે ઓટોમેટિક વ્હીકલ લોકેશન સિસ્ટમ એટલે કે AVLS ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. AVLSની મદદથી બસ ક્યાં પહોંચી છે અને તેના રૂટ પર આગળ કયા સ્ટેશનો આવશે તેની સતત માહિતી મેળવવામાં આવી હતી. બસને ટ્રેક કર્યા બાદ તેના રૂટ પર આવતા વિવિધ BRTS સ્ટેશનોને પણ એલર્ટ કરવામાં આવ્યા હતા. ફિલ્ડમાં રહેલા સ્ટાફ અને કંટ્રોલ સેન્ટર વચ્ચે સતત સંકલન જાળવી રાખવામાં આવ્યું હતું. એક તરફ CCTV દ્વારા બાળકની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી હતી, જ્યારે બીજી તરફ AVLS દ્વારા બસનું ચોક્કસ લોકેશન મેળવવામાં આવી રહ્યું હતું. ટેક્નોલોજી અને માનવીય સતર્કતાના આ સંકલિત પ્રયાસથી બાળક સુધી પહોંચવાનો રસ્તો સરળ બન્યો હતો.

સતત મોનિટરિંગ અને ટ્રેકિંગ બાદ બાળકનું લોકેશન ચંડોળા તળાવ નજીક આવેલા BRTS વર્કશોપ સુધી પહોંચ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યાં BRTS ટીમ દ્વારા તપાસ કરવામાં આવતા ધનુષ જાની સુરક્ષિત હાલતમાં મળી આવ્યો હતો. બાળક મળી આવતાં સ્ટાફ અને પરિવારજનો બંનેએ રાહતનો શ્વાસ લીધો હતો.

બાળકને મળ્યા બાદ BRTS સ્ટાફે તેને પોતાની દેખરેખ હેઠળ સુરક્ષિત રાખ્યો હતો. ત્યારબાદ તેના પિતા મીતુલ જાનીનો સંપર્ક કરીને બાળકને સુરક્ષિત રીતે તેમના હવાલે કરવામાં આવ્યો હતો. બાળક લાંબા સમય સુધી પરિવારથી દૂર રહે તે પહેલાં જ ઝડપી કાર્યવાહી કરીને તેને શોધી કાઢવામાં સફળતા મળી હતી. આ સમગ્ર ઘટનામાં BRTSની સુરક્ષા અને મોનિટરિંગ વ્યવસ્થાની મહત્વપૂર્ણ ભૂમિકા સામે આવી છે. ગુમ થયેલા બાળકને શોધવા માટે માત્ર એક જ વ્યવસ્થા પર આધાર રાખવાને બદલે CCTV લાઈવ મોનિટરિંગ, AVLS ટ્રેકિંગ, કંટ્રોલ સેન્ટરની કામગીરી અને ફિલ્ડ સ્ટાફ વચ્ચે અસરકારક સંકલન કરવામાં આવ્યું હતું. આ તમામ પ્રયાસો એકસાથે થતાં બાળક સુધી ઝડપથી પહોંચવું શક્ય બન્યું હતું. બાળક બોલી શકતો ન હોવાને કારણે તેની શોધખોળ વધુ પડકારજનક બની શકતી હતી. આવી સ્થિતિમાં બાળક પોતાની ઓળખ, ઘરનું સરનામું અથવા પરિવાર વિશે માહિતી આપી શકતો નથી. જોકે BRTS સ્ટાફે આ બાબતને ધ્યાનમાં રાખીને ઘટનાને અત્યંત ગંભીરતાથી લીધી અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બાળક ક્યાં ગયો છે તેની માહિતી મેળવવામાં સફળતા મેળવી હતી. ધનુષ સુરક્ષિત રીતે મળી આવતા તેના પિતા મીતુલ જાનીએ BRTSના તમામ સ્ટાફ અને ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. પરિવાર માટે ચિંતાજનક બની ગયેલી આ ઘટના અંતે ખુશીભર્યા મિલનમાં ફેરવાઈ હતી.

# અમદાવાદની ESIC હોસ્પિટલમાં નોકરીના નામે લાંચનું મોટું રેકેટ ઝડપાયું, ACBના છટકામાં ચાર ઝડપાયા

**અમદાવાદ, તા.11**

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આવેલી ESIC મોડલ જનરલ હોસ્પિટલમાં કરાર આધારિત નોકરી અપાવવાના નામે ચાલી રહેલા મોટા લાંચરૂશવતના રેકેટનો એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. પેરા-મેડિકલ સ્ટાફ સહિત હોસ્પિટલમાં વિવિધ કેટેગરીની જગ્યાઓ પર 11 માસના કરાર પર નોકરી અપાવવાના બહાને ઉમેદવારો પાસેથી મોટી રકમ વસૂલવામાં આવતી હોવાની ફરિયાદો મળ્યા બાદ ACB દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન વટવા GIDC વિસ્તારમાં આવેલી આઉટસોર્સિંગ એજન્સીની ઓફિસમાં ગોઠવાયેલા છટકામાં લાંચની રૂ. 95 હજારની રકમ સ્વીકારતા આરોપીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ઓફિસ તથા આરોપીઓ રોકાયેલા હોટલના રૂમમાંથી મળી આવેલી રોકડ સહિત કુલ રૂ. 21,57,900 જેટલી બિનહિસાબી રોકડ જપ્ત કરવામાં આવી છે.


ACBને હેલ્પલાઈન નંબર 1064 પર એવી ફરિયાદો મળી રહી હતી કે બાપુનગરની ESIC મોડલ જનરલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગ એજન્સી મારફતે કરાર આધારિત નોકરી મેળવવા ઈચ્છતા ઉમેદવારો પાસેથી મોટા પ્રમાણમાં નાણાંની માંગણી કરવામાં આવે છે. ફરિયાદોમાં ખાસ કરીને પેરા-મેડિકલ સ્ટાફ અને અન્ય વિવિધ કેટેગરીની જગ્યાઓ માટે 11 માસના કરાર પર ભરતી કરાવવાના નામે ઉમેદવારો પાસેથી રૂ. 30 હજારથી લઈને રૂ. 1.50 લાખ સુધીની લાંચ માગવામાં આવતી હોવાની વિગતો સામે આવી હતી. આ સમગ્ર મામલે એક જાગૃત નાગરિક પાસેથી મળેલી માહિતીના આધારે ACBએ ફરિયાદની ખરાઈ કરી અને ત્યારબાદ આરોપીઓને લાંચની રકમ સાથે ઝડપી પાડવા માટે છટકું ગોઠવવામાં આવ્યું હતું.



આ કામગીરી અંતર્ગત 10 સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ગ્રામ્ય ACB પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વટવા GIDC વિસ્તારમાં આવેલા મેટ્રિક્સ પ્લાઝા કોમ્પ્લેક્સમાં કાર્યવાહી કરવામાં આવી હતી. કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલી સિક્યોરશિલ્ડ સિક્યુરિટી સર્વિસ પ્રા. લિ.ની ઓફિસ નંબર 114માં ACBની ટીમે છટકું ગોઠવ્યું હતું. આ કંપનીનો ESIC હોસ્પિટલ સાથે કોન્ટ્રાક્ટ હોવાનું સામે આવ્યું છે. ACBની કાર્યવાહીમાં એક સામાન્ય નાગરિક તરીકે ગયેલી વ્યક્તિ પાસેથી કંપનીના ઓપરેશન મેનેજર પ્રમોદ શંકર પાંડેએ નોકરી અપાવવાના નામે રૂ. 95 હજારની લાંચની માગણી કરી હતી. નક્કી કરાયેલી રકમ આપ્યા બાદ પ્રમોદ પાંડેએ લાંચની રકમ સ્વીકારી હતી. આ દરમિયાન પહેલેથી જ વોચમાં રહેલી ACBની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તેને ઝડપી લીધો હતો અને તેની પાસેથી લાંચની સંપૂર્ણ રૂ. 95 હજારની રકમ રિકવર કરી લીધી હતી. માત્ર લાંચની રકમ જ નહીં, પરંતુ ACBને આ કાર્યવાહી દરમિયાન ઓફિસમાંથી પણ મોટી માત્રામાં રોકડ મળી આવી હતી. આરોપીની ઓફિસના ટેબલના ખાનામાં તપાસ કરતા રૂ. 2,29,000 રોકડા મળી આવ્યા હતા. ACBએ આ રોકડની પણ તપાસ હાથ ધરી તેને કબજે કરી હતી. આ ઉપરાંત સમગ્ર મામલામાં સંડોવાયેલા આરોપીઓ જે હોટલના રૂમમાં રોકાયા હતા ત્યાં પણ ACB દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હોટલના રૂમમાં રાખવામાં આવેલી બેગમાંથી રૂ. 19,29,900 જેટલી રોકડ મળી આવતા તપાસ એજન્સી પણ ચોંકી ઉઠી હતી. આમ, લાંચની રકમ ઉપરાંત ઓફિસ અને હોટલમાંથી મળી આવેલી રોકડને મળીને કુલ રૂ. 21,57,900 જેટલી બિનહિસાબી રોકડ ACB દ્વારા કબ્જે કરવામાં આવી છે. આ સમગ્ર કાર્યવાહીથી સ્પષ્ટ થયું છે કે મામલો માત્ર એક વ્યક્તિ પાસેથી લાંચ લેવાનો નહોતો, પરંતુ નોકરી અપાવવાના નામે સંગઠિત રીતે નાણાં વસૂલવામાં આવતા હોવાની આશંકા છે. ESIC હોસ્પિટલમાં કરાર આધારિત નોકરી મેળવવા ઈચ્છતા ઉમેદવારોને નિશાન બનાવી તેમની પાસેથી અલગ અલગ રકમની માંગણી કરવામાં આવતી હોવાની ફરિયાદો ACB સુધી પહોંચી હતી. હવે તપાસ એ દિશામાં પણ આગળ વધારવામાં આવી રહી છે કે અત્યાર સુધી કેટલા ઉમેદવારો પાસેથી નાણાં વસૂલવામાં આવ્યા હતા, કેટલા લોકોને આ રીતે નોકરી અપાવવામાં આવી હતી અને આ સમગ્ર રેકેટમાં અન્ય કેટલા લોકોની સંડોવણી છે.

# અમદાવાદમાં બોસ સ્કેમ: એકાઉન્ટન્ટનો ફોન હેક કરી માલિકના નામે 80 લાખ રૂપિયા પડાવી લીધા, સાયબર ક્રાઈમમાં ફરિયાદ

**અમદાવાદ, તા.11**



અમદાવાદના સાણંદ વિસ્તારમાં સાયબર ઠગાઈનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાયબર ઠગોએ એક રાઈસ મિલના એકાઉન્ટન્ટના મોબાઈલ ફોનને હેક કરીને વેપારીના નામે તેના જ કર્મચારીને ગેરમાર્ગે દોર્યો હતો અને કંપનીના ખાતામાંથી રૂ. 80 લાખની મોટી રકમ અન્ય બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ સમગ્ર કૌભાંડમાં ઠગોએ એટલી ચાલાકીથી છેતરપિંડી આચરી હતી કે એકાઉન્ટન્ટને લાંબા સમય સુધી એવો ભ્રમ રહ્યો કે તે પોતાના માલિક સાથે જ વ્હોટ્સએપ પર વાત કરી રહ્યો છે. જોકે, ત્યારબાદ ઠગોએ વધુ રૂ. 30 લાખની માંગણી કરતાં એકાઉન્ટન્ટને શંકા ગઈ અને તેણે માલિક સાથે રૂબરૂ વાત કરતાં સમગ્ર સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો હતો.

મળતી માહિતી મુજબ સાણંદમાં રાઈસ મિલનો વ્યવસાય ધરાવતા અને અમદાવાદમાં મુખ્ય ઓફિસ ધરાવતા 40 વર્ષીય વેપારી પ્રદીપ રામવાણી આ સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા છે. તેમની ફેક્ટરીમાં જયેશ નામનો એકાઉન્ટન્ટ કામ કરે છે. ગત 31 ઓગસ્ટના રોજ અજાણ્યા સાયબર ઠગે જયેશના મોબાઈલ ફોન પર એક ફાઈલ મોકલી હતી. એકાઉન્ટન્ટે આ ફાઈલ ખોલ્યા બાદ ઠગોને તેના મોબાઈલમાં પ્રવેશ મળી ગયો હોવાની આશંકા છે. ફોન હેક થયા બાદ સાયબર ગુનેગારોએ મોબાઈલમાં રહેલી માહિતીનો ઉપયોગ કરીને છેતરપિંડીનું આયોજન કર્યું હતું.

ઠગોએ સૌથી પહેલાં એકાઉન્ટન્ટના મોબાઈલમાંથી વેપારી પ્રદીપ રામવાણીનો અસલી મોબાઈલ નંબર ડિલીટ કરી નાખ્યો હતો. ત્યારબાદ પોતાના મોબાઈલ નંબર પર વેપારી પ્રદીપનું નામ સેવ કરીને વ્હોટ્સએપ એકાઉન્ટ પર તેમનો ફોટો એટલે કે ડીપી પણ લગાવી દીધો હતો. આ રીતે એકાઉન્ટન્ટ જયેશના મોબાઈલમાં ઠગનો નંબર પ્રદીપના નામ અને ફોટા સાથે દેખાવા લાગ્યો હતો. જેના કારણે જયેશને જરા પણ શંકા ન ગઈ કે વાસ્તવમાં તે પોતાના માલિક સાથે નહીં પરંતુ એક સાયબર ઠગ સાથે વાત કરી રહ્યો છે. આ પછી ઠગોએ વેપારી પ્રદીપ રામવાણી બનીને તેમના એકાઉન્ટન્ટ જયેશને વ્હોટ્સએપ મારફતે મેસેજ મોકલવાનું શરૂ કર્યું હતું. મેસેજમાં તાત્કાલિક નાણાંની જરૂરિયાત હોવાનું જણાવી બેન્ક મારફતે મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે સૂચના આપવામાં આવી હતી. એકાઉન્ટન્ટના મોબાઈલમાં વેપારીનો નંબર અને ડીપી અગાઉથી ઠગોએ સેટ કરી દીધા હોવાથી જયેશે મેસેજ કરનાર વ્યક્તિને પોતાનો માલિક જ સમજી લીધો હતો. માલિકનો આદેશ હોવાનું માનીને તેણે કોઈ બીજી ચકાસણી કર્યા વિના કુલ રૂ. 80 લાખ બેન્ક મારફતે ટ્રાન્સફર કરી દીધા હતા. રૂ. 80 લાખની રકમ ટ્રાન્સફર થઈ ગયા બાદ પણ સાયબર ઠગો અટક્યા નહોતા. થોડા સમય બાદ તેમણે એકાઉન્ટન્ટ જયેશને ફરીથી મેસેજ કરીને વધુ રૂ. 30 લાખની માંગણી કરી હતી. એક પછી એક મોટી રકમની માંગણી થતાં જયેશને કંઈક ગરબડ હોવાની શંકા ઊભી થઈ હતી. સામાન્ય રીતે વ્યવસાયિક લેવડદેવડમાં આટલી મોટી રકમ વારંવાર તાત્કાલિક ટ્રાન્સફર કરવા અંગે શંકા જતાં તેણે હવે સીધી રીતે માલિક સાથે વાત કરવાનો નિર્ણય કર્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નેપાળમાં પુનર્નિર્માણ માટે ₹4.52 લાખ કરોડ લાગશે: આ દેશની GDP કરતાં પણ વધુ, પૂરથી 16 લાખ લોકો પ્રભાવિત, 1377ના મોત

**કાઠમંડુ, તા.11**

નેપાળમાં 26 ઓગસ્ટે આવેલા ભયાનક પૂરે સમગ્ર દેશમાં એવી વિનાશક સ્થિતિ સર્જી છે કે હવે અસરગ્રસ્ત વિસ્તારોને ફરીથી સામાન્ય સ્થિતિમાં લાવવા માટે વર્ષો લાગી શકે છે. પૂરના પ્રચંડ પાણી અને તેની સાથે આવેલા કાટમાળે હજારો ઘરો, રસ્તાઓ, પુલો અને મહત્વપૂર્ણ સરકારી સુવિધાઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે. આ વિનાશ બાદ તૂટેલા માળખાકીય વિકાસને ફરીથી ઉભું કરવા માટે અંદાજે 4.52 લાખ કરોડ ભારતીય રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે પૂરના કારણે થયેલા નુકસાન અને પુનર્નિર્માણ માટેનો અંદાજિત ખર્ચ નેપાળની કુલ GDP કરતાં પણ વધુ હોવાનું સામે આવ્યું છે. નેપાળની અર્થવ્યવસ્થાનું કદ આશરે 4.32 લાખ કરોડ ભારતીય રૂપિયા હોવાનું જણાવવામાં આવે છે, જ્યારે પૂરમાં તબાહ થયેલા વિસ્તારોના પુનર્નિર્માણ માટે અંદાજે 4.52 લાખ કરોડ રૂપિયાની જરૂર પડી શકે છે. એટલે કે દેશની વાર્ષિક આર્થિક ક્ષમતા કરતાં પણ વધુ રકમ માત્ર પૂરની તબાહીમાંથી બહાર આવવા માટે ખર્ચ કરવાની સ્થિતિ ઊભી થઈ છે.

આ વિનાશક પૂરની અસર દેશના લાખો લોકો પર પડી છે. અત્યાર સુધીના અંદાજ મુજબ લગભગ 16 લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. અનેક પરિવારો પોતાના ઘર ગુમાવી બેઠા છે, જ્યારે ઘણા વિસ્તારોમાં લોકો હજુ પણ મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. પૂરનું પાણી ઓસર્યા બાદ હવે તબાહ થયેલા વિસ્તારોમાં કાટમાળ, તૂટેલા રસ્તાઓ અને ધ્વસ્ત ઈમારતોના દૃશ્યો જોવા મળી રહ્યા છે. આ દુર્ઘટનામાં જાનહાનિ પણ અત્યંત ગંભીર રહી છે. અત્યાર સુધીમાં 1,377 લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે 5,130 લોકો હજુ પણ ગુમ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ગુમ થયેલા લોકોની શોધ માટે બચાવ અને રાહત કામગીરી ચાલુ છે, પરંતુ અનેક વિસ્તારોમાં રસ્તાઓ અને પુલો તૂટી જવાના કારણે બચાવ ટુકડીઓને અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

પૂરના કારણે નેપાળના માળખાકીય વિકાસને સૌથી મોટો ફટકો પડ્યો છે. કુલ અંદાજિત પુનર્નિર્માણ ખર્ચનો લગભગ 75 ટકા હિસ્સો એટલે કે આશરે 2.96 લાખ કરોડ રૂપિયા રસ્તાઓ, પુલો,



વીજળી વ્યવસ્થા અને અન્ય જરૂરી જાહેર સુવિધાઓને ફરીથી ઉભી કરવામાં ખર્ચ થવાનો અંદાજ છે. અનેક મુખ્ય માર્ગો ધોવાઈ ગયા છે, પુલો તૂટી પડ્યા છે અને વીજળી સહિતની મહત્વપૂર્ણ સેવાઓને ભારે નુકસાન થયું છે.

પૂરની તબાહીએ સામાન્ય લોકોના રહેણાંક વિસ્તારોને પણ ગંભીર અસર પહોંચાડી છે. ઉપલબ્ધ માહિતી મુજબ લગભગ 7,570 ઘરોને નુકસાન થયું છે અથવા તે ક્ષતિગ્રસ્ત થયા છે. હજારો પરિવારોને પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ આશરો લેવો પડ્યો છે. ઘણા લોકો માટે હવે સૌથી મોટો પ્રશ્ન ફરીથી પોતાનું જીવન અને ઘર કેવી રીતે ઉભું કરવું તેનો બની ગયો છે.

સરકારી અને સામાજિક માળખાને પણ આ કુદરતી આફતથી મોટું નુકસાન થયું છે. પૂરના કારણે 48 સરકારી ઈમારતોને નુકસાન પહોંચ્યું છે, જેના કારણે અનેક વિસ્તારોમાં વહીવટી કામગીરી પર અસર પડી શકે છે. આ ઉપરાંત 18 શાળાઓને નુકસાન થતાં બાળકોના શિક્ષણ પર પણ અસર થવાની શક્યતા ઉભી થઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં શાળાઓને ફરી શરૂ કરવા માટે પણ સમારકામ અને પુનર્નિર્માણની જરૂર પડશે.

આરોગ્ય ક્ષેત્ર પણ પૂરની તબાહીથી બચી શક્યું નથી. સાત આરોગ્ય કેન્દ્રોને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહેલેથી જ પડકારરૂપ બની ગઈ છે અને આરોગ્ય કેન્દ્રોને નુકસાન થતાં દર્દીઓ અને સ્થાનિક લોકોને સારવાર મેળવવામાં વધુ મુશ્કેલી પડી શકે છે. પૂરના પાણી અને ગંદકીના કારણે વિવિધ ચેપી રોગો ફેલાવવાનો ખતરો પણ વધી શકે છે. નેપાળ માટે હાલ સૌથી મોટો પડકાર માત્ર તૂટેલા માળખાને ફરીથી ઉભું કરવાનો નથી, પરંતુ લાખો અસરગ્રસ્ત લોકોને ફરીથી સામાન્ય જીવન તરફ લાવવાનો પણ છે. ઘરો ગુમાવનારા પરિવારોને રહેઠાણ આપવું, રસ્તાઓ અને પુલોનું પુનર્નિર્માણ કરવું, વીજળી અને પાણી જેવી મૂળભૂત સેવાઓ ફરી શરૂ કરવી તેમજ રોજગાર અને આર્થિક પ્રવૃત્તિઓને પુનઃસ્થાપિત કરવી સરકાર સામે મોટો પડકાર બની રહેશે. આટલા મોટા પાયે પુનર્નિર્માણ માટે જરૂરી રકમ નેપાળની પોતાની આર્થિક ક્ષમતા પર પણ ભારે દબાણ લાવી શકે છે. દેશની GDP કરતાં વધુ ખર્ચનો અંદાજ દર્શાવે છે કે આ કુદરતી આફતની અસર માત્ર તાત્કાલિક માનવ અને માળખાકીય નુકસાન પૂરતી મર્યાદિત રહેશે નહીં, પરંતુ આગામી ઘણા વર્ષો સુધી નેપાળની અર્થવ્યવસ્થા પર તેની અસર જોવા મળી શકે છે.

પૂર બાદ હવે નેપાળ સામે રાહત અને બચાવ કામગીરીની સાથે લાંબા ગાળાના પુનર્નિર્માણનું મોટું કાર્ય ઊભું થયું છે. અસરગ્રસ્ત વિસ્તારોને ફરીથી ઉભા કરવા માટે સરકારને મોટા પ્રમાણમાં નાણાંકીય સંસાધનોની જરૂર પડશે અને આંતરરાષ્ટ્રીય સહાય પણ મહત્વપૂર્ણ બની શકે છે. લાખો લોકોના જીવનને ફરીથી પાટા પર લાવવા માટે સરકાર, સ્થાનિક સંસ્થાઓ અને રાહત એજન્સીઓ વચ્ચે વ્યાપક સ્તરે સંકલન જરૂરી બનશે. 26 ઓગસ્ટના આ ભયાનક પૂરે નેપાળને માનવજીવન, સંપત્તિ અને માળખાકીય વિકાસના સ્તરે અણધાર્યો ફટકો આપ્યો છે. હજારો લોકો હજુ પણ પોતાના ભવિષ્યને લઈને અનિશ્ચિતતામાં છે.

# ઈઝરાયલે લેબનોનમાં હિઝબુલ્લાહની 2 કિમી લાંબી સુરંગ ઉડાવી: વિસ્ફોટ પછી 4.1 તીવ્રતાનો ભૂકંપ આવ્યો

**બૈરુત, તા.11**

ઈઝરાયલે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહની 2 કિલોમીટરથી વધુ લાંબી સુરંગને બ્લાસ્ટ કરીને તબાહ કરી દીધી. આ વિસ્ફોટ એટલો તેજ હતો કે વિસ્તારમાં 4.1 તીવ્રતાના ભૂકંપ જેવા આંચકા અનુભવાયા.



લેબનોનની સરકારી ન્યૂઝ એજન્સી અનુસાર, ધમાકાથી આસપાસના વિસ્તારોમાં જમીન ધ્રૂજવા લાગી. આ હુમલા બાદ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું, 'મિશન પૂરું થયું. હેપ્પી ન્યૂ યર.'

ઈઝરાયલી સેના અનુસાર, સુરંગમાં ઈરાનમાં બનેલા ઘણા રોકેટ, મિસાઈલ અને ડ્રોન રાખવામાં આવ્યા હતા. અહીં મશીનગન, એન્ટી-ટેન્ક મિસાઈલ અને સેંકડો બારૂદી સુરંગો તથા વિસ્ફોટકો પણ મળ્યા. સેનાએ જણાવ્યું કે આ પરિસરમાં હિઝબુલ્લાહની 'બદ્ર' યુનિટનું કમાન્ડ સેન્ટર પણ હતું.

નેતન્યાહુના મતે આ ટનલ નેટવર્ક બનાવવામાં લગભગ 20 વર્ષ લાગ્યા હતા. આ માટે ઈરાને ફંડિંગ કર્યું હતું. ઈઝરાયલી રક્ષામંત્રી ઈઝરાયલ કાટ્ઝે તેને આતંકી નેટવર્ક ગણાવ્યું.

આ ટનલ લેબનોનની અલી અલ-તાહેર પહાડીના વિસ્તારમાં આવેલી હતી. ઈઝરાયલનું કહેવું છે કે આ વિસ્તારમાં જમીનની ઉપર અને નીચે બંને જગ્યાએ તેનું નિયંત્રણ થઈ ગયું છે.

ગયા અઠવાડિયે ઈઝરાયલે દાવો કર્યો હતો કે તેણે વિસ્તાર પર કબજો કરી લીધો છે. સેનાના એક અધિકારીના મતે હિઝબુલ્લાહના ઘણા ઉગ્રવાદીઓને હવાઈ હુમલામાં મારી નાખવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક ભાગી છૂટ્યા હતા.

હિઝબુલ્લાહનું 'બદ્ર' યુનિટ દક્ષિણ લેબનોનમાં સંગઠનના સૌથી મહત્વપૂર્ણ સૈન્ય એકમોમાંનું એક છે. તે લિટાની નદીના ઉત્તરના વિસ્તારમાં સક્રિય છે.

યુનિટનું નામ 624 ઈસવીસનની બદ્રની લડાઈ પરથી લેવામાં આવ્યું છે. આ લડાઈ પયગંબર મુહમ્મદના નેતૃત્વ હેઠળની સેના અને મક્કાના કુરેશ વચ્ચે થઈ હતી.

ઈઝરાયલે છેલ્લા કેટલાક દિવસોમાં દક્ષિણ લેબનોનમાં ફરીથી હુમલા તેજ કર્યા છે. જૂનમાં ઈરાન અને અમેરિકાની વાતચીત પછી ઈઝરાયલ-લેબનોન વચ્ચે સમજૂતી થઈ હતી. આ સમજૂતી પછી થોડા સમય માટે હુમલા અટકી ગયા હતા.

AFP અનુસાર, વાતચીત દરમિયાન અમેરિકાએ પ્રસ્તાવ મૂક્યો હતો કે અલી અલ-તાહેર પહાડીનો નિયંત્રણ લેબનાનની સેનાને સોંપવામાં આવે. જોકે, હિઝબુલ્લાહે તેને નકારી કાઢ્યો હતો.

લેબનાનના અધિકારીઓ અનુસાર, માર્ચથી અત્યાર સુધી ઈઝરાયલી હુમલાઓમાં 4300થી વધુ લોકોના મોત થયા છે. ઈઝરાયલી સેના દક્ષિણ લેબનાનના એક ભાગમાં બનાવેલા સિક્યોરિટી ઝોનમાં હજુ પણ હાજર છે.

# BRICS સમિટમાં ભારત નહીં આવે બાંગ્લાદેશી PM રહેમાન: બાંગ્લાદેશે કહ્યું- વડાપ્રધાન તરીકે આમંત્રણ મળ્યું ન હતું

**ઢાકા, તા.11**

બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાન BRICS સમિટમાં ભાગ લેવા ભારત નહીં આવે. વિદેશ રાજ્ય મંત્રી હુમાયુ કબીરે તેની પુષ્ટિ કરી છે. BRICS સમિટ 12 અને 13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમમાં યોજાશે. તેમાં ઘણા દેશોના નેતાઓ ભાગ લેશે. બાંગ્લાદેશ BRICSનું સભ્ય નથી. ભારતે BIMSTEC ના વર્તમાન અધ્યક્ષ તરીકે તારિક રહેમાનને BRICS સમિટના આઉટરીચ સેશનમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું હતું. BIMSTEC દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનું પ્રાદેશિક સંગઠન છે. તેમાં ભારત અને બાંગ્લાદેશ પણ સામેલ છે. સંગઠનનો ઉદ્દેશ્ય સભ્ય દેશો વચ્ચે વેપાર, કનેક્ટિવિટી, સુરક્ષા અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. BRICS માં સામેલ 11 દેશો ઉપરાંત ભારત કેટલાક અન્ય દેશોના નેતાઓને પણ બેઠકમાં બોલાવે છે. આ નેતાઓ સાથે થતી બેઠકને આઉટરીચ બેઠક કહેવાય છે. સરળ ભાષામાં કહીએ તો BRICS ની બેઠકમાં અન્ય દેશોને પણ બોલાવીને તેમની સાથે વાતચીત કરવી એ જ આઉટરીચ બેઠક છે. આમાં તે દેશો સાથે વિશ્વની અર્થવ્યવસ્થા, વેપાર, ઊર્જા, ખાદ્ય સુરક્ષા, વિકાસ અને અન્ય સામાન્ય મુદ્દાઓ પર ચર્ચા થાય છે. દર વર્ષે તેની યાદી એકસરખી હોતી નથી. જે દેશ અધ્યક્ષતા કરે છે, તે પોતાની પ્રાથમિકતાઓ અનુસાર અન્ય દેશો અને પ્રાદેશિક સંગઠનોના



નેતાઓને આમંત્રિત કરી શકે છે.

આ વખતે ભારતે બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને આમંત્રિત કર્યા છે. તેમને બાંગ્લાદેશના વડાપ્રધાન હોવા ઉપરાંત બિમ્સટેકના અધ્યક્ષ તરીકે પણ આમંત્રિત કરવામાં આવ્યા છે.

છેલ્લી વાર 2016માં ગોવામાં બ્રિક્સ દેશોની બેઠક યોજાઈ હતી. તેમાં બિમ્સટેકના તમામ દેશોના નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ બીજી વાર છે જ્યારે તારિક રહેમાનની ભારત યાત્રા ટળી છે. આ પહેલા તેમને 22 ઓગસ્ટે ભારત આવવાનું હતું, પરંતુ પ્રવાસ પહેલા જ આ કાર્યક્રમ રદ થઈ ગયો હતો. તે સમયે બાંગ્લાદેશે ભારત સમક્ષ પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણનો મુદ્દો ઉઠાવ્યો હતો. બંને દેશો વચ્ચે આ મુદ્દાને લઈને પહેલેથી જ તણાવ ચાલી રહ્યો છે.

હવે બાંગ્લાદેશના વિદેશ રાજ્ય મંત્રી હુમાયુ કબીરે કહ્યું છે કે સરકાર તારિક રહેમાનની અલગ દ્વિપક્ષીય ભારત યાત્રાની તૈયારી કરી રહી છે.

ખરેખર, 5 ઓગસ્ટે શેખ હસીનાએ દિલ્હીમાં વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે અવામી લીગ સરકારના સત્તા પરથી હટવાની બીજી વર્ષગાંઠ પર પત્રકારોના સવાલોના જવાબ આપ્યા હતા અને બાંગ્લાદેશના રાજકારણ પર પણ પોતાનો મત રજૂ કર્યો હતો. આના પર બાંગ્લાદેશ સરકારે સખત વાંધો ઉઠાવ્યો. ઢાકાનું કહેવું હતું કે ભારતમાં રહેતા હસીનાનું જાહેરમાં રાજકીય નિવેદન આપવું બંને દેશોના સંબંધોને સામાન્ય બનાવવાની કોશિશોને નુકસાન પહોંચાડી શકે છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે કહ્યું કે આ અંગે ભારતને પહેલાથી જ ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેમ છતાં ભારતે તેમને આ પ્રેસ કોન્ફરન્સ કરવાની મંજૂરી આપી. ઉલ્લેખનીય છે કે ભારતે શેખ હસીનાની પ્રેસ કોન્ફરન્સ રોકવાનો ઈનકાર કરી દીધો હતો.

# હુતી બળવાખોરોએ યમનના મોખા શહેર પર કબજો કર્યો: આ બાબ અલ-મંદેબથી માત્ર 75 કિમી દૂર, પાકિસ્તાને ઈરાનને ચેતવણી આપી

**સના, તા.11**

યમનમાં ઈરાન સમર્થિત હુતી વિદ્રોહીઓએ લાલ સાગરના વ્યૂહાત્મક બંદર શહેર મોખા પર કબજો કરી લીધો છે. આ શહેર બાબ અલ-મંદેબ સ્ટ્રેટથી લગભગ 75 કિલોમીટર દૂર છે. આ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંથી એક છે. મોખા પર પહેલા યમની નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સનો કંટ્રોલ હતો. આ હુતીઓ વિરુદ્ધ લડનાર સાઉદી સમર્થિત જૂથ છે. બંને વચ્ચે છેલ્લા 9 દિવસથી લડાઈ ચાલી રહી હતી. મોખા પર કબજા પછી છેલ્લા 4 વર્ષમાં આ હુતીઓની સૌથી મોટી પ્રાદેશિક સફળતા માનવામાં આવી રહી છે. હવે હુતી લડવૈયા યમનના મહત્વના શહેર તાઈઝ તરફ આગળ વધી રહ્યા છે. આ દરમિયાન સાઉદી અરબે પાકિસ્તાન દ્વારા ઈરાનને સંદેશ મોકલીને હુતીઓને સાઉદી અરબ પર હુમલા રોકવા માટે કહેવા જણાવ્યું છે. જોકે, એક ઈરાની અધિકારીએ કહ્યું છે કે ઈરાન હુતીઓને નિયંત્રિત કરતું નથી. છેલ્લા લગભગ 10 દિવસથી હુતી લડવૈયાઓ તાઈઝની પશ્ચિમ દિશામાં સતત આગળ વધી રહ્યા હતા. તેમણે રસ્તામાં આવતા અલ-શકીરા વિસ્તાર પર પણ કબજો કરી લીધો.

આ વિસ્તાર તાઈઝ શહેરને પશ્ચિમ કિનારે જોડતા મહત્વના રસ્તા પર છે. તેના પર કબજાથી આ વિસ્તારમાં હુતીઓની પકડ વધુ મજબૂત બની.

હુતીઓ પહેલાથી જ યમનની રાજધાની સના અને લાલ સાગરના મોટા બંદર હોદેઈદા પર નિયંત્રણ ધરાવે છે. હવે મોખા પર કબજો કર્યા પછી પશ્ચિમી તટ પર પણ તેમની સ્થિતિ મજબૂત થઈ ગઈ છે.

આ જ કારણ છે કે મોખાની લડાઈને માત્ર એક બંદર શહેર પર કબજા તરીકે જોવામાં આવતી નથી. તેનાથી યમનના પશ્ચિમી તટ પર હુતીઓની સૈન્ય અને વ્યૂહાત્મક સ્થિતિ વધુ મજબૂત થઈ શકે છે.

મોખા પર કબજો કર્યા પછી હુતીઓ બાબ અલ-મંદેબની વધુ નજીક પહોંચી ગયા છે. તેમણે લાલ સાગરમાં આવેલા હનીશ દ્વીપો તરફ પણ આગળ વધ્યા છે. ધુબાબ અને તેની સામે આવેલા આ દ્વીપો બાબ અલ-મંદેબની ખૂબ નજીક છે.

રક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે જો હુતી આ વિસ્તારમાં પોતાની પકડ વધુ મજબૂત કરશે, તો લાલ સાગરથી પસાર થતા જહાજો પર નજર રાખવી અને તેમના પર દબાણ બનાવવું તેમના માટે સરળ બની શકે છે.

બાબ અલ-મંદેબ સમુદ્રનો એક સાંકડો રસ્તો છે. તેથી અહીં મોટા વિસ્તાર પર કબજો કર્યા વિના પણ આસપાસના વ્યૂહાત્મક ઠેકાણાઓથી પસાર થતા જહાજો માટે ખતરો ઊભો કરી શકાય છે.

હુતી વિદ્રોહીઓને ઈરાન જ્યારે યમન સરકારને સાઉદી અરબ સમર્થન આપી રહ્યા છે. યમનમાં



હુતી હુમલાઓ વચ્ચે પાકિસ્તાને હાલમાં સૈન્ય કાર્યવાહીનો ઈનકાર કર્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા સજ્જાદ હૈદર ખાને જણાવ્યું કે સાઉદી અરબ સાથેના સંરક્ષણ કરાર હેઠળ હાલમાં હુતીઓ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી પર કોઈ ચર્ચા થઈ રહી નથી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયનું આ નિવેદન રક્ષા મંત્રી ખ્વાજા આસિફના એક દિવસ પહેલા આપેલા નિવેદન બાદ આવ્યું છે. આસિફે કહ્યું હતું કે જો યમનનો સંઘર્ષ સાઉદી અરબ સુધી પહોંચે છે, તો પાકિસ્તાન, સાઉદી અરબ અને તુર્કીયે વચ્ચે થયેલો સંરક્ષણ કરાર લાગુ પડી શકે છે.

7 ઓગસ્ટે પાકિસ્તાન, સાઉદી અરબ અને તુર્કીયે વચ્ચે થયેલા સંરક્ષણ કરાર હેઠળ કોઈ એક દેશ પર હુમલો થવા પર બાકીના બંને દેશો તેની સુરક્ષામાં મદદ કરશે.

યમનમાં હુતીઓ અને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકાર વચ્ચે ગૃહયુદ્ધ 2014માં શરૂ થયું હતું. 2022માં સંયુક્ત રાષ્ટ્રના પ્રયાસોથી બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ થયો. જોકે, બંને વચ્ચે કોઈ કાયમી શાંતિ કરાર થઈ શક્યો નહીં. નિષ્ણાતોના મતે, ઈરાનના અમેરિકા સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ફસાયેલા હોવાનો પ્રભાવ યમન પર પણ પડી રહ્યો છે. આવી સ્થિતિમાં, યમન સરકાર હુતીઓના કબજા હેઠળના વિસ્તારોને પાછા મેળવવા માંગે છે. જ્યારે, હુતીઓ લાલ સાગરના કિનારે અને બાબ અલ-મંદેબની આસપાસ પોતાની પકડ વધુ મજબૂત કરવા માંગે છે.

આ જ કારણ છે કે હવે મોખા, તાઈઝ અને હોદેઈદાની આસપાસ લડાઈ તેજ બની ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં બંને પક્ષોના ઘણા લડવૈયાઓ અને સામાન્ય લોકો માર્યા ગયા છે. હજારો લોકોને પોતાના ઘર છોડીને બીજી જગ્યાએ જવું પડ્યું છે.

હાદીના પદ છોડ્યા પછી યમન પર કોઈ એક સરકારનું નિયંત્રણ રહ્યું નથી. આનાથી પાડોશી સાઉદી અરેબિયાને ખતરો લાગ્યો કારણ કે હુતીઓને ઈરાન સમર્થન આપી રહ્યું હતું. આવા સંજોગોમાં, સાઉદીએ 2015માં આઠ આરબ દેશો સાથે મળીને સૈન્ય ગઠબંધન બનાવ્યું અને હુતીઓ વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યું.


આ ગઠબંધનનો હેતુ રાષ્ટ્રપતિ અબ્દરબ્બુહ મન્સૂર હાદીની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારને ફરી સત્તામાં લાવવાનો હતો. લગભગ આઠ વર્ષ સુધી લડાઈ પછી સાઉદી અરેબિયાને સમજાયું કે માત્ર સૈન્ય શક્તિથી હુતીઓને હરાવવા શક્ય નથી. આ પછી તેણે વાતચીતનો માર્ગ અપનાવ્યો અને સીધા હુતી નેતાઓનો સંપર્ક શરૂ કર્યો.

આજે ઉત્તરી યમનના મોટા ભાગ પર હુતીઓનું નિયંત્રણ છે. જ્યારે દક્ષિણી યમન આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારના નિયંત્રણમાં છે, પરંતુ તે આર્થિક અને સૈન્ય મદદ માટે મોટાભાગે સાઉદી અરેબિયા પર નિર્ભર છે. યમનમાં હુતીઓ અને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકાર વચ્ચે ગૃહયુદ્ધ 2014માં શરૂ થયું હતું. 2022માં સંયુક્ત રાષ્ટ્રના પ્રયાસોથી બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ થયો. જોકે, બંને વચ્ચે કોઈ કાયમી શાંતિ કરાર થઈ શક્યો નહીં. નિષ્ણાતોના મતે, ઈરાનના અમેરિકા સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ફસાયેલા હોવાનો પ્રભાવ યમન પર પણ પડી રહ્યો છે. આવી સ્થિતિમાં, યમન સરકાર હુતીઓના કબજા હેઠળના વિસ્તારોને પાછા મેળવવા માંગે છે. જ્યારે, હુતીઓ લાલ સાગરના કિનારે અને બાબ અલ-મંદેબની આસપાસ પોતાની પકડ વધુ મજબૂત કરવા માંગે છે. આ જ કારણ છે કે હવે મોખા, તાઈઝ અને હોદેઈદાની આસપાસ લડાઈ તેજ બની ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં બંને પક્ષોના ઘણા લડવૈયાઓ અને સામાન્ય લોકો માર્યા ગયા છે. હજારો લોકોને પોતાના ઘર છોડીને બીજી જગ્યાએ જવું પડ્યું છે.

# યુદ્ધ અને આકરી ગરમીથી યુરોપમાં ગેસ-અનાજના ભંડારો સામે સંકટ

**કિવ, તા.11**

રશિયા-યુક્રેનનું યુદ્ધ સાડા ચાર વર્ષથી ચાલી રહ્યું છે. અમેરિકા-ઈરાન-ઈઝરાયલના ત્રિપાંખિયા યુદ્ધનો પ્રારંભ આ વર્ષે ફેબ્રુઆરીના અંતે થયો એ પણ ચાલી રહ્યું છે. આ બંને યુદ્ધોની અસર આખી દુનિયામાં થઈ છે. યુક્રેન-રશિયા યુદ્ધના કારણે રશિયા પર આર્થિક પ્રતિબંધો લાગ્યા. યુરોપિયન યુનિયને પણ રશિયા પર નિયંત્રણો મૂક્યા એટલે રશિયાની ચીજવસ્તુઓની આયાત બંધ થઈ. એમાં સૌથી મહત્ત્વની આયાત ગેસની થતી હતી. રશિયા પર પ્રતિબંધનો નિર્ણય યુરોપના દેશોને ભારે પડયો. રશિયાએ તો ભારત-ચીન જેવા દેશોમાં ક્રૂડ-ગેસની નિકાસ કરીને વૈકલ્પિક માર્કેટ શોધી લીધું, પરંતુ યુરોપના દેશોને રશિયન ગેસના વિકલ્પે જે ગેસ મળવા લાગ્યો એ મોંઘો પડે છે. રશિયાના વિકલ્પે અમેરિકન કંપનીઓ યુરોપમાં ગેસ સપ્લાય કરે છે. અમેરિકાથી યુરોપ સુધી ગેસ પહોંચે તેની કોસ્ટ વધી જાય છે. રશિયા તો પાઈપલાઈન મારફતે જર્મની સુધી ગેસ પહોંચાડતું હતું



એટલે ભાવ નિયંત્રણમાં રહેતા હતા. એમાં વળી અમેરિકા-ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલો કર્યો ને તેના પગલે હોર્મુઝથી ખાડીના માધ્યમથી થતો વેપાર પ્રભાવિત થયો. દુનિયામાં જે કુદરતી ગેસ અને ઓઈલની સપ્લાય થાય છે એમાં હોર્મુઝની ખાડીમાંથી જ ૨૦ ટકા વેપાર થાય છે. આ રસ્તેથી દરરોજ ક્રૂડના ૨ કરોડ બેરલ દુનિયાના ખૂણે ખૂણે પહોંચતા હતા. ઈરાન-અમેરિકા-ઈઝરાયલના જંગમાં હોર્મુઝની ખાડી બંધ થઈ એટલે કંપનીઓએ બીજા લાંબાં રસ્તેથી વેપાર શરૂ કર્યો, તેના પરિણામે ગેસ અને ક્રૂડના ભાવમાં વધારો થયો. યુરોપને જે ગેસ મળતો હતો એમાં અવરોધ આવ્યો. યુદ્ધ દરમિયાન અમેરિકા-ઈઝરાયલે મળીને ઈરાનની ઈમારતોને નિશાન બનાવી એટલે ઈરાને વળતા હુમલા કરીને મિડલ ઈસ્ટમાં અમેરિકાના સહયોગી દેશોના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટાર્ગેટ કર્યું. મોટી પેટ્રોલિયમ કંપનીના ઉત્પાદન એકમો આગમાં ખાક થયા. અમુક રિફાઈનરીઝ પર હુમલા થયા એટલે ત્યાં પ્રોડક્શન બંધ પડયું છે. ઘણી રિફાઈનરીઝે યુદ્ધની પરિસ્થિતિમાં સુરક્ષાના કારણોથી ઉત્પાદન બંધ કરી દીધું છે. ઘણી કંપનીઓએ ગેસનો જથ્થો એક્સપોર્ટ કરવાનું માંડી વાળ્યું. દરિયાઈ જોખમ ખેડીને કરોડોનું નુકસાન વેઠવાની તેમની તૈયારી ન હતી. લાંબાં રસ્તે ગેસનો જથ્થો મોકલવાનો હોય તો એની કોસ્ટ વધી જાય એવી ભીતિ હતી. ખરીદનારી અને વેચનારી કંપનીઓ વચ્ચે રસ્તો બદલવાથી ભાવમાં જે તફાવત આવે તેને લઈને સહમતી ન બની એટલેય અમુક જથ્થો અટકી પડયો. સરવાળે ઈરાન યુદ્ધ શરૂ થતાંની સાથે જ ક્રૂડના સંકટની ભીતિ હતી તે સાચી પડી છે.


વૈશ્વિક ક્રૂડના ભાવમાં ઈરાન યુદ્ધ પછી જબરો ઉછાળો આવ્યો ને ગેસનો જથ્થો ઘટી જવાના ડરથી એશિયન દેશોમાં પણ ડિમાન્ડ વધી ગઈ. આવા અનિશ્ચિત માહોલમાં એશિયા-યુરોપના દેશો વચ્ચે ગેસ ખરીદવાની હોડ જામી ગઈ. ૨૦૨૦ પછી પહેલી વખત યુરોપના રિઝર્વ ગેસના જથ્થામાં ૧૫થી ૧૮ ટકાનું ગાબડું પડયું. અત્યારે યુરોપમાં ટ્રાન્ઝિટ મોસમ છે. ઓક્ટોબરથી શિયાળાનું આગમન થશે. એ સાથે જ ગરમાવા માટે ઘર-ઓફિસમાં ગેસની ડિમાન્ડ વધી જશે. નવેમ્બરથી માર્ચ સુધી શિયાળો રહે છે એટલે અત્યારથી જ બધા દેશો ગેસનો રિઝર્વ જથ્થો સરભર કરે છે. પરંતુ આ વર્ષે ધારણા પ્રમાણેનો સ્ટોક થયો નહીં એટલે ભાવમાં પણ વધારો નોંધાયો છે. અંદાજ એવો બાંધવામાં આવી રહ્યો છે કે યુરોપમાં આગામી મહિનાઓમાં ૪૦ ટકા સુધી ગેસનો ભાવ વધી જશે. જો યુદ્ધ લાંબું ખેંચાશે તો કદાચ આ વધારો વર્ષના અંતે ૪૪ ટકા સુધી પણ પહોંચી શકે છે. યુરોપમાં એનર્જી સેક્ટરમાં છેલ્લાં આઠ જ મહિનામાં ૧૪ ટકાનો ભાવ વધારો ઝીંકાયો છે. આટલું ઓછું હતું તે યુરોપમાં આ વર્ષે ગરમીએ હાહાકાર મચાવ્યો. અલ નીનો અને ક્લાઈમેટ ચેન્જની બેવડી અસર હેઠળ યુરોપના દેશોમાં આકાશમાંથી આગ વરસી. ઓસ્ટ્રિયા, સ્લોવાકિયા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી સહિતના દેશોમાં તાપમાનનો પારો રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યો હતો. યુરોપના અનેક સ્થળોએ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી ગયો હોવાથી લોકો પરેશાન થઈ ગયા હતા. સરકારોએ તાત્કાલિક રાહતના પગલાં ભરવા પડયા હતા.

# જીવ બચાવવા બાળકો બારીમાંથી કૂદી પડ્યા: કોંગોમાં 2 સ્કૂલમાં ભીષણ આગ, 19 છોકરી અને 7 છોકરા ભડકે બળ્યા

**બુકાઉ, તા.11**

કોંગોના બુકાવુ શહેરમાં ગુરુવારે બે શાળાઓમાં આગ લાગવાથી 26 વિદ્યાર્થીઓના મોત થયા. તેમાં 19 છોકરીઓ અને 7 છોકરાઓ છે. 29 વિદ્યાર્થીઓની સારવાર ચાલી રહી છે.

રિપોર્ટ્સ અનુસાર આગ પહેલા એક ઘરમાં લાગી હતી. ત્યારબાદ તે ફુરાહા સેકન્ડરી સ્કૂલ અને ઉજામા પ્રાઈમરી સ્કૂલ સુધી ફેલાઈ ગઈ. ઘણા વિદ્યાર્થીઓ ફુરાહા સેકન્ડરી સ્કૂલની અંદર ફસાઈ ગયા હતા. તેમાંથી કેટલાકનો શ્વાસ રૂંધાઈ ગયો હતો.



આ વિસ્તાર રવાન્ડા-સમર્થિત AFC/M23 વિદ્રોહીઓના નિયંત્રણમાં છે, જેમણે ફેબ્રુઆરી 2025માં પૂર્વી કોંગોમાં હુમલો કર્યો હતો. મૃત્યુઆંક વધી શકે છે.

રિપોર્ટ્સ અનુસાર, શાળામાંથી બહાર નીકળવાનો રસ્તો ખૂબ જ સાંકડો હતો. કેટલાક વિદ્યાર્થીઓએ બારીઓમાંથી કૂદવાનું શરૂ કર્યું. કેટલાક વિદ્યાર્થીઓ દરવાજા તરફ દોડ્યા. બધા એકસાથે બહાર નીકળવાના પ્રયાસમાં ઘણા વિદ્યાર્થીઓ પડી ગયા અને લોકો તેમના પરથી પસાર થઈ ગયા.

આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જે વિસ્તારમાંથી આગ શરૂ થઈ તે ગીચ વસ્તીવાળો છે.

કોંગોના પૂર્વીય ભાગમાં એવા ખનિજો જોવા મળે છે જેની જરૂરિયાત મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય તકનીકી વસ્તુઓના નિર્માણમાં હોય છે.

આ જ કારણ છે કે આ વિસ્તારના ખનિજ સંસાધનો અને વ્યાપારી માર્ગો પર નિયંત્રણને લઈને અલગ-અલગ સશસ્ત્ર જૂથો વચ્ચે સંઘર્ષ ચાલતો રહ્યો છે. AP અનુસાર પૂર્વીય કોંગોમાં 100 થી વધુ સશસ્ત્ર જૂથો સક્રિય છે.

## તંત્રી લેખ

# તામિલનાડુમાં સત્તાધારી ગઠબંધનનું નામકરણ

તામિલનાડુના રાજકારણમાં આગામી દિવસોમાં નવી રાજકીય સમીકરણો વધુ સ્પષ્ટ બનતા જોવા મળી રહ્યા છે. મુખ્યમંત્રી વિજયે પોતાના પક્ષ 'તમિલગા વેટ્રી કઝગમ' એટલે કે ટીવીકેના નેતૃત્વ હેઠળના સત્તાધારી ગઠબંધનને નવું નામ આપવાની જાહેરાત કરી છે. આ ગઠબંધનને હવે 'સેક્યુલર સોશ્યલ જસ્ટીસ વિકટરી એલાયન્સ' તરીકે ઓળખવામાં આવશે. ગઠબંધનના રાજકીય વિચારો અને તેના મુખ્ય સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને આ નામ પસંદ કરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. ટીવીકેનું કહેવું છે કે ધર્મનિરપેક્ષતા અને સામાજિક ન્યાય તેના રાજકીય વિચારધારાના મહત્વપૂર્ણ આધારસ્તંભો છે. આ જ વિચારધારાને પ્રતિબિંબિત કરવા માટે ગઠબંધનના નામમાં 'સેક્યુલર' અને 'સોશ્યલ જસ્ટીસ' જેવા શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા નામ દ્વારા ગઠબંધન પોતાની રાજકીય ઓળખને વધુ સ્પષ્ટ અને મજબૂત બનાવવા માંગે છે. આ ગઠબંધનમાં ટીવીકે ઉપરાંત કોંગ્રેસ, એમડીએમકે, આઈયુએમએલ અને વીસીકે જેવા પક્ષો સામેલ છે. જોકે ગઠબંધનનું મુખ્ય નેતૃત્વ ટીવીકે પાસે રહેશે અને મુખ્યમંત્રી વિજય આ રાજકીય મોરચાની દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તામિલનાડુના રાજકારણમાં આ ગઠબંધનને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે, કારણ કે તેમાં સામાજિક ન્યાય અને ધર્મનિરપેક્ષ રાજકારણને સમર્થન આપતા અનેક પક્ષો એક મંચ પર આવ્યા છે.

ગઠબંધનના નવા નામ અંગે વીસીકેના નેતા એસએસ બાલાજીએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે નવા નામથી હવે તમામ લોકો માટે ગઠબંધનની રાજકીય દિશા સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. તેમના જણાવ્યા મુજબ આ ગઠબંધન ભાજપ અને તેઓ જેને ફાસીવાદી તાકાતો ગણાવે છે, તેના વિરોધમાં મજબૂત રાજકીય ભૂમિકા ભજવશે. બાલાજીએ કહ્યું કે અત્યાર સુધી ટીવીકેને લઈને કેટલાક રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા અને ટીકા થઈ રહી હતી કે પક્ષ ભાજપ પ્રત્યે નરમ વલણ ધરાવે છે અથવા તેની સાથે કોઈ પ્રકારનો ગુપ્ત રાજકીય સંબંધ રાખી શકે છે. જોકે ગઠબંધનને 'સેક્યુલર સોશ્યલ જસ્ટીસ વિકટરી એલાયન્સ' નામ આપવામાં આવ્યા બાદ હવે ટીવીકે અને તેના સાથી પક્ષોની રાજકીય સ્થિતિ વધુ સ્પષ્ટ થઈ ગઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગઠબંધનનું નવું નામ માત્ર એક ઔપચારિક રાજકીય નામકરણ નથી, પરંતુ તે તેના વિચારો અને રાજકીય લક્ષ્યોને પણ રજૂ કરે છે. ધર્મનિરપેક્ષતા, સામાજિક સમાનતા અને સામાજિક ન્યાયના મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ગઠબંધન આગામી રાજકીય લડાઈ લડશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ટીવીકેના ઈન્ડિયા ગઠબંધન સાથે ભવિષ્યમાં હાથ મિલાવવાની શક્યતા અંગે પણ એસએસ બાલાજીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે આવી કોઈ સ્થિતિ ત્યારે ઊભી થઈ શકે છે જ્યારે ટીવીકે પાસે સંસદમાં પોતાના સભ્યો હશે. તેમના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે હાલમાં ટીવીકે પોતાની રાજકીય તાકાત અને સ્વતંત્ર ઓળખને વધુ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તામિલનાડુમાં વિજયના નેતૃત્વ હેઠળ ટીવીકેના ઉદય બાદ રાજ્યનું રાજકીય વાતાવરણ સતત બદલાઈ રહ્યું છે. નવા ગઠબંધનનું નામકરણ અને તેમાં સામેલ પક્ષોની સ્પષ્ટ વિચારધારા આગામી રાજકીય લડાઈમાં મહત્વપૂર્ણ બની શકે છે. ખાસ કરીને ભાજપ વિરોધી રાજકારણ, ધર્મનિરપેક્ષતાનો મુદ્દો અને સામાજિક ન્યાયના પ્રશ્નો આગામી સમયમાં આ ગઠબંધનની રાજકીય રણનીતિના મુખ્ય કેન્દ્ર બની શકે છે. 'સેક્યુલર સોશ્યલ જસ્ટીસ વિકટરી એલાયન્સ'ના નામ સાથે ટીવીકે હવે પોતાની રાજકીય સ્થિતિને વધુ સ્પષ્ટ રીતે રજૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. આગામી સમયમાં આ ગઠબંધન તામિલનાડુના રાજકારણમાં કેટલો પ્રભાવ પાડે છે અને અન્ય રાષ્ટ્રીય તથા પ્રાદેશિક ગઠબંધનો સાથે તેના સંબંધો કેવી રીતે વિકસે છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

**દુનિયાભરમાં પેસિવ સ્મોકિંગનો શિકાર બનેલી કુલ વસ્તીમાંથી અડધોઅડધ હિસ્સો માત્ર ત્રણ એશિયન દેશોમાં એકત્રિત થયેલો છે. વર્ષ ૨૦૨૩ના આંકડા મુજબ ચીનમાં ૬૬.૪૦ કરોડ, ભારતમાં ૪૪.૪૦ કરોડ અને ઈન્ડોનેશિયામાં ૧૪.૨૦ કરોડ લોકો પેસિવ સ્મોકિંગના સકંજામાં સપડાયેલા છે : વૈશ્વિક સ્તરે સેકન્ડ-હેન્ડ સ્મોકના કારણે એક જ વર્ષમાં ૧૬.૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સમગ્ર માનવજાતે ૪.૪૮ કરોડ સ્વસ્થ વર્ષો ગુમાવવાનો વારો આવ્યો છે. ૨૦૨૩માં ભારતીય સમાજે પેસિવ સ્મોકિંગના કારણે થતી બીમારીઓ અને અપંગતાને લીધે ૯૨.૮ લાખ જેટલા સ્વસ્થ વર્ષો ગુમાવ્યા છે, જે દેશની માનવસંપત્તિ ઉપર મોટો આઘાત છે**

# વિશ્વમાં 2.71 અબજ લોકો પેસિવ સ્મોકિંગનો ભોગ બનેલા છે

## વિશ્વની કુલ વસ્તીના અંદાજે ૩૪ ટકા લોકો પોતાની મરજી વિરુદ્ધ દરરોજ આ ઝેર ફેફસાંમાં ભરી રહ્યા છે



દુનિયાભરમાં પેસિવ સ્મોકિંગનો શિકાર બનેલી કુલ વસ્તીમાંથી અડધોઅડધ હિસ્સો માત્ર ત્રણ એશિયન દેશોમાં એકત્રિત થયેલો છે. વર્ષ ૨૦૨૩ના આંકડા મુજબ ચીનમાં ૬૬.૪૦ કરોડ, ભારતમાં ૪૪.૪૦ કરોડ અને ઈન્ડોનેશિયામાં ૧૪.૨૦ કરોડ લોકો પેસિવ સ્મોકિંગના સકંજામાં સપડાયેલા છે : વૈશ્વિક સ્તરે સેકન્ડ-હેન્ડ સ્મોકના કારણે એક જ વર્ષમાં ૧૬.૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સમગ્ર માનવજાતે ૪.૪૮ કરોડ સ્વસ્થ વર્ષો ગુમાવવાનો વારો આવ્યો છે. ૨૦૨૩માં ભારતીય સમાજે પેસિવ સ્મોકિંગના કારણે થતી બીમારીઓ અને અપંગતાને લીધે ૯૨.૮ લાખ જેટલા સ્વસ્થ વર્ષો ગુમાવ્યા છે, જે દેશની માનવસંપત્તિ ઉપર મોટો આઘાત છે.

આજના ઝડપી અને સામાજિક જીવનમાં ઓફિસના કામ વચ્ચે સહકર્મચારી સાથે બ્રેક લેવા નીચે ઉતરવું, સ્મોકિંગ ઝોન કે ચાની કીટલી પર મિત્રો સાથે ગપ્પાં મારવાં, અથવા તો જાહેર બસ સ્ટેન્ડ, રેલવે પ્લેટફોર્મ અને રેસ્ટોરાંની બહાર ઊભા રહીને અન્ય લોકો દ્વારા હવામાં છોડવામાં આવતા સિગરેટના ધુમાડાને અનિચ્છાએ શ્વાસમાં લેવો એવી દિનચર્યા બની ગઈ છે જેને મોટાભાગના લોકો સાવ હળવાશથી લે છે. વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ રિસર્ચ જર્નલ ધ લાન્સેટ પબ્લિક હેલ્થમાં પ્રકાશિત થયેલા તાજેતરના વૈશ્વિક સંશોધન અહેવાલ 'ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ ૨૦૨૩ સેકન્ડ-હેન્ડ સ્મોક કોલેબોરેટર્સ'ના તારણોએ ભારત સહિત સમગ્ર વિશ્વને હચમચાવી મૂક્યું છે. આ અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં પેસિવ સ્મોકિંગ એટલે કે પરોક્ષ ધૂમ્રપાનના કારણે થતાં અકાળ મૃત્યુની સંખ્યામાં વર્ષ ૧૯૯૦ની સરખામણીએ વર્ષ ૨૦૨૩ સુધીમાં આશરે ૫૦ ટકાનો ભયાનક ઉછાળો આવ્યો છે. સિગરેટ કોઈ બીજું ફૂંકી રહ્યું છે અને તેની કિંમત નિર્દોષ નાગરિકો પોતાનો જીવ આપીને ચૂકવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારતના સંદર્ભમાં ધ લાન્સેટના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો એક અત્યંત ચિંતાજનક ચિત્ર ઊભું થાય છે. વર્ષ ૧૯૯૦માં ભારતમાં પેસિવ સ્મોકિંગના કારણે વાર્ષિક ૨,૧૭,૭૦૦ લોકોનાં મોત થયા હતા. ત્રણ દાયકા પછી, એટલે કે વર્ષ ૨૦૨૩માં, આ આંકડો વધીને ૩,૨૫,૬૦૦ ઉપર પહોંચી ગયો છે, જે લગભગ ૪૯.૫૬ ટકા એટલે કે અંદાજે ૫૦ ટકાનો સીધો વધારો દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન પુરુષોના મોતમાં ૬૧.૭ ટકાનો અને મહિલાઓના મોતમાં ૩૮.૩ ટકાનો વધારો થયો છે.

સંખ્યાની દ્રષ્ટિએ ૨૦૨૩માં ૧ લાખ ૯૮ હજારથી વધુ પુરુષો અને ૧ લાખ ૫૬ હજારથી વધુ મહિલાઓ પેસિવ સ્મોકનો ભોગ બનીને કાળનો કોળિયો બની ગયાં હતાં. આ ઉપરાંત, પરોક્ષ ધૂમ્રપાનના સંપર્કમાં આવતી ભારતીય વસ્તીનું પ્રમાણ ૧૯૯૦માં ૩૭.૫૦ કરોડ હતું, જે ૨૦૨૩માં ૧૮.૪ ટકા વધીને ૪૪.૪૦ કરોડ થઈ ગયું છે. આ આંકડો દર્શાવે છે કે ભારતની લગભગ એક તૃતીયાંશથી વધુ નિર્દોષ વસ્તી દરરોજ કોઈને કોઈ સ્થળે સિગરેટના ઝેરી વાતાવરણમાં શ્વાસ લેવા મજબૂર બનેલી છે.

બીજી તરફ દેશમાં સક્રિય તમાકુના સેવનથી થતાં મૃત્યુદરમાં પણ લગભગ ૩૦ ટકાનો ઘટાડો આવ્યો છે. આમ છતાં, કુલ મોતમાં ૫૦ ટકાનો ઉછાળો કેમ આવ્યો? આનું મુખ્ય કારણ છે ભારતની વસ્તીમાં થયેલો વિસ્ફોટક વધારો. ૧૯૯૦માં ભારતની કુલ વસ્તી આશરે ૮૭ કરોડ હતી, જે ૨૦૨૩ સુધીમાં વધીને ૧૪૦ કરોડને વટાવી ગઈ. વસ્તીનો આધાર એટલો વિશાળ થઈ ગયો કે ટકાવારીમાં સુધારો થયો હોવા છતાં, ધુમાડાનો ભોગ બનનારા લોકોની વાસ્તવિક સંખ્યા ૩૭.૫ કરોડથી વધીને ૪૪.૪ કરોડ થઈ ગઈ. પરિણામે, બીમાર પડનારા અને અકાળે જીવ ગુમાવનારા લોકોનો વાસ્તવિક માનવીય આંકડો અડધોઅડધ વધી ગયો. એટલું જ નહીં, ૨૦૨૩માં ભારતીય સમાજે પેસિવ સ્મોકિંગના કારણે થતી બીમારીઓ અને અપંગતાને લીધે ૯૨.૮ લાખ જેટલા સ્વસ્થ જીવન વર્ષો ગુમાવ્યા છે, જે દેશની માનવસંપત્તિ ઉપર મોટો આઘાત છે.

ચિંતાજનક બાબત એ છે કે, આ સમસ્યા માત્ર ભારતની સરહદો પૂરતી સીમિત નથી. ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ ૨૦૨૩ના સંશોધકોએ વિશ્વના ૨૦૪ દેશો અને પ્રદેશોના ડેટાનું એનાલિસીસ કરીને જણાવ્યું કે, વર્ષ ૨૦૨૩માં સમગ્ર વિશ્વમાં અંદાજે ૨.૭૧ અબજ લોકો પેસિવ સ્મોકિંગના સીધા સંપર્કમાં જીવી રહ્યા હતા. વિશ્વની કુલ વસ્તીના ૩૩.૯૦ ટકા લોકો પોતાની મરજી વિરુદ્ધ દરરોજ આ ઝેર ફેફસાંમાં ભરી રહ્યા છે. વૈશ્વિક સ્તરે સેકન્ડ-હેન્ડ સ્મોકના કારણે એક જ વર્ષમાં ૧૬.૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સમગ્ર માનવજાતે ૪.૪૮ કરોડ સ્વસ્થ વર્ષો ગુમાવવાનો વારો આવ્યો છે. સૌથી સ્તબ્ધ કરી દેનારી બાબત એ છે કે દુનિયાભરમાં પેસિવ સ્મોકિંગનો શિકાર બનેલી કુલ વસ્તીમાંથી અડધોઅડધ હિસ્સો માત્ર ત્રણ એશિયન દેશોમાં એકત્રિત થયેલો છે. વર્ષ ૨૦૨૩ના આંકડા મુજબ ચીનમાં ૬૬.૪૦ કરોડ, ભારતમાં ૪૪.૪૦ કરોડ અને ઈન્ડોનેશિયામાં ૧૪.૨૦ કરોડ લોકો પેસિવ સ્મોકિંગના સકંજામાં સપડાયેલા છે. સંશોધકોએ નોંધ્યું છે કે દક્ષિણ-પૂર્વ એશિયા, પૂર્વ એશિયા અને ઓશિનિયા વિસ્તારોમાં વય-આધારિત વધારાનો દર સૌથી વધુ ૪૮.૪૦ ટકા રહ્યો છે, જે દર્શાવે છે કે એશિયા ખંડ હાલ તમાકુના પરોક્ષ ધુમાડાનું વૈશ્વિક એપીસેન્ટર બની ચૂક્યો છે.

વિશ્વમાં જે ૨૭૧ કરોડ લોકો પરોક્ષ ધૂમ્રપાનનો ભોગ બનેલા છે, તેમાં ૦ થી ૧૪ વર્ષની ઉંમરના ૭૬.૭૦ કરોડ માસૂમ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિશ્વના ઘણા દેશોમાં પુરુષો કરતાં મહિલાઓ ૧.૮ ગણી વધુ પેસિવ સ્મોકિંગનો ભોગ બનતી જોવા મળી છે. હકિકતે સેકન્ડ-હેન્ડ સ્મોકમાં ૭,૦૦૦થી વધુ રાસાયણિક સંયોજનો રહેલાં હોય છે, જેમાંથી ઓછામાં ઓછા ૨૫૦ રસાયણો અત્યંત ઝેરી સાબિત થયેલાં છે અને ૬૯ રસાયણો સીધા માનવ શરીરમાં કેન્સર પેદા કરવા માટે વૈજ્ઞાનિક રીતે જવાબદાર ગણાયાં છે.

આ ઝેરી રસાયણોમાં આર્સેનિક, બેન્ઝીન, કેડમિયમ, ફોર્માલ્ડિહાઈડ, પોલોનિયમ-૨૧૦ અને કાર્બન મોનોક્સાઈડ જેવા જીવલેણ ઘટકો સામેલ છે. તે ફેફસાંથી શરૂ કરીને મલ્ટિપલ ઓર્ગનને ડેમેડ અથવા તો કાયમી ધોરણે ફેલ્યોર તરફ ધકેલી શકે છે. શ્વસનતંત્ર પર થતા નુકસાનની વાત કરીએ તો લાંબા ગાળાના પરોક્ષ સંપર્કથી ફેફસાંની ઓક્સિજન ફિલ્ટર કરવાની ક્ષમતા કાયમ માટે નષ્ટ થઈ જાય છે. નોન-સ્મોકર્સમાં પણ ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ, ફેફસાંનું કેન્સર, બ્રોન્કાઈટિસ અને પુખ્ત વયે નવો અસ્થમા થવાના કિસ્સા ઝડપથી વધી રહ્યા છે. આ ઉપરાંત 'ધ લાન્સેટ'ના તાજેતરના અભ્યાસમાં એક નવો અને ચોંકાવનારો ખુલાસો થયો છે કે સેકન્ડ-હેન્ડ સ્મોક શરીરમાં ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ વધારીને ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ પણ વધારે છે. ભારત જેવા દેશમાં, જ્યાં પહેલેથી જ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા વિશ્વમાં સૌથી વધુ છે, ત્યાં પેસિવ સ્મોકિંગ આ બીમારીને વકરાવવામાં ઘી હોમવાનું કામ કરી રહ્યું છે. મહિલાઓમાં આક્રમક બ્રેસ્ટ કેન્સર અને પ્રજનન ક્ષમતામાં ઘટાડો થવા પાછળ પણ આ ધુમાડો સીધો સંબંધ ધરાવે છે.

હકિકત એવી છે કે, તબીબી નિષ્ણાતો અને પોલિસી મેકર્સ ભારપૂર્વક ભલામણ કરે છે કે તમાકુ ઉત્પાદનો પરના કરવેરામાં આકરો વધારો કરવો જોઈએ જેથી સિગરેટ અને બીડી મોંઘાં બને અને યુવા પેઢી તેનું સેવન કરતાં અટકે.

આ સાથે જ ખુલ્લી સિગરેટના છૂટક વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ, કારણ કે છૂટક વેચાણને કારણે સગીરો અને યુવાનો ખૂબ જ સરળતાથી ધૂમ્રપાન તરફ આકર્ષાય છે. જે લોકો ધૂમ્રપાન છોડવા માગે છે તેમને સરકારી દવાખાનાઓમાં વિનામૂલ્યે નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી અને યોગ્ય માનસિક કાઉન્સેલિંગની સેવાઓ વ્યાપકપણે ઉપલબ્ધ કરાવવી જોઈએ. સૌથી મોટો બદલાવ સામાજિક સ્તરે આવવો જરૂરી છે, જ્યાં બિન-ધૂમ્રપાન કરનારાઓએ પોતાનો સંકોચ છોડવો પડશે.

ઓફિસમાં કોઈ સાથી કર્મચારી કે મિત્ર જ્યારે સિગરેટ સળગાવે ત્યારે સંબંધો બગડવાના ડરે તેમની સાથે ઊભા રહેવાને બદલે સ્પષ્ટ અને નમ્રતાપૂર્વક ના પાડવાની હિંમત કેળવવી પડશે. જ્યાં સુધી સમાજ ધૂમ્રપાનને માત્ર પીનાર વ્યક્તિની 'અંગત પસંદગી' માનવાને બદલે આસપાસના લોકોના 'જીવવાના અધિકાર પરનો તરાપ' ગણવાનું શરૂ નહીં કરે, ત્યાં સુધી આ સાયલન્ટ કિલરનો નાશ શક્ય નથી. ભારતમાં દર વર્ષે ૩.૨૫ લાખથી વધુ નિર્દોષ નાગરિકોના જીવ જઈ રહ્યા છે તે કોઈ નાની આંકડાકીય વિગત નથી, પણ સમાજની સામૂહિક બેદરકારીનો જીવલેણ પુરાવો છે. હવે સમય આવી ગયો છે કે આપણે સૌ સાથે મળીને જાગૃત થઈએ, આપણા પોતાના અને આપણી આવનારી પેઢીના ફેફસાંમાં શુદ્ધ ઓક્સિજન પહોંચાડીએ અને આ અદ્રશ્ય ઝેર સામે એક મજબૂત જનઆંદોલન છેડીએ.

આ ભયાનક વાસ્તવિકતાને ઊંડાણપૂર્વક સમજવા માટે સૌથી પહેલાં એ જાણવું જરૂરી છે કે પેસિવ સ્મોકિંગ વાસ્તવમાં શું છે અને તે સક્રિય સ્મોકિંગ કરતાં પણ વધુ ઘાતક કેમ સાબિત થઈ શકે છે. જ્યારે કોઈ વ્યક્તિ સિગરેટ કે બીડી પીવે છે, ત્યારે વાતાવરણમાં બે પ્રવાહમાં ધુમાડો ફેલાય છે. પ્રથમ છે મેઈનસ્ટ્રીમ સ્મોક, જે સ્મોકર પોતે શ્વાસમાં ખેંચીને ફેફસાં દ્વારા બહાર કાઢે છે, જેમાં અમુક અંશે ફિલ્ટરનો ઉપયોગ થયો હોય છે. બીજો અને સૌથી ખતરનાક પ્રકાર છે સાઈડસ્ટ્રીમ સ્મોક, જે સિગરેટ કે બીડીના આગળના સળગતા છેડેથી કોઈ પણ ફિલ્ટર કે અવરોધ વિના સીધો વાતાવરણની ખુલ્લી હવામાં ભળે છે. તબીબી રાસાયણિક વિશ્લેષણ દર્શાવે છે કે સાઈડસ્ટ્રીમ સ્મોકમાં સક્રિય ધુમાડા કરતાં પણ વધુ સાંદ્રતામાં ઝેરી વાયુઓ, નિકોટિન, કાર્બન મોનોક્સાઈડ અને ટાર હોય છે. જ્યારે આ ઝેરી હવાનું મિશ્રણ નજીક ઊભેલી કોઈ બિન-ધૂમ્રપાન કરનાર વ્યક્તિના શ્વાસમાં પ્રવેશે છે, ત્યારે તેને સેકન્ડ-હેન્ડ સ્મોક અથવા પેસિવ સ્મોકિંગ કહેવામાં આવે છે.

આટલું જ પૂરતું ન હોય તેમ, વિજ્ઞાને હવે થર્ડ-હેન્ડ સ્મોક ના ગંભીર ખતરાને પણ ઉજાગર કર્યો છે. ધૂમ્રપાન પૂરું થયા પછી પણ તેના ઝેરી રાસાયણિક કણો ઘરની દિવાલો, સોફા, કાર્પેટ, પડદા, વાહનની સીટો અને વ્યક્તિના કપડાં પર ચોંટી રહે છે. આ કણો હવામાં રહેલા વાયુઓ સાથે પ્રક્રિયા કરીને દિવસો અને મહિનાઓ સુધી ધીમે ધીમે ઝેરી ગેસ મુક્ત કરતા રહે છે, જે ઘરમાં રમતાં નાના બાળકો અને મહિલાઓને અજાણતાં જ સતત બીમાર રાખે છે.

# શ્રાવણના અભિષેકથી ભાદરવા ના સત્સંગ સુધી-વંદનથી અપરોક્ષ સાક્ષાત્કાર સુધીની ભાગવતમય આધ્યાત્મિક યાત્રા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

શ્રાવણ માસ પુરો થયો. મેઘરાજાના રૂસામણા અને રિઝામણા વચ્ચે મહાદેવના મંદિરોમાં જે અભિષેકના ઘંટારવ ગુંજતા હતા, જે વ્રત, તપ અને ઉપાસનાની ધૂણી ધખતી હતી, તે પૂર્ણતાને પામી છે. શિવભક્તોએ બિલ્વપત્ર અને જળાધારીથી ભોળાનાથને રીઝવ્યા.અને જેવો શ્રાવણ પુરો થયો, કે તરત જ ત્યાગ અને ક્ષમાનું પર્વ આવ્યું. આપણા જૈન ભાઈ-બહેનો અત્યારે પર્યુષણ પર્વની કઠોર તપશ્ચર્યામાં લીન છે, જ્યાં 'મિચ્છામિ દુક્કડમ્' ના મંત્ર સાથે આત્માની શુદ્ધિ થઈ રહી છે. તો બીજી તરફ ખેતરના શેઢે ઉભેલો ધરતીપુત્ર અને ગૌમાતાની સેવામાં મગ્ન પશુપાલક આકાશ સામું જોઈને એક જ પ્રાર્થના કરી રહ્યો છે કે હે મેઘરાજા, શ્રાવણમાં તેં ધરતીને તરબોળ કરી, હવે ભાદરવામાં મહેર કરજે તો આવનારા દિવસો સારા જાય.આવા પવિત્ર સંગમ વચ્ચે આજે ભાદરવા માસનો પ્રથમ દિવસ ઉગ્યો છે. અને ભાદરવો એટલે ભાગવત નો માસ. શ્રાવણ શિવનો હતો, ભાદરવો શ્રીકૃષ્ણનો છે. એટલે શ્રાવણ પુરો થયાના આ સંધિકાળે આપણે ભાગવતના એક નાના પણ ગહન શબ્દ 'વંદન' ના મહાસાગરમાં ડૂબકી લગાવીએ.

ભારત - ભોગભૂમિ નહિ, ધર્મભૂમિ આપણો ભારત દેશ એ ભોગભૂમિ નથી, ધર્મભૂમિ છે. ભોગભૂમિમાં ભોગોની પૂજા થાય છે, ધર્મભૂમિમાં ત્યાગીની પૂજા થાય છે. ભારતમાં ત્યાગને જ મહાન માનવામાં આવ્યો છે.

'ભારત' શબ્દનો અર્થ જ અદ્ભુત છે. 'ભા' એટલે જ્ઞાન, પ્રકાશ અને 'રત' એટલે રમણ કરવું. જે જ્ઞાન અને ભક્તિમાં રમણ કરે છે, તેનો જન્મ ભારતમાં થાય છે. એટલે જ દેવો પણ સ્વર્ગનું અખૂટ સુખ ભોગવ્યા પછી સ્વર્ગ કરતાં ભારતમાં મનુષ્ય જન્મ લેવાનું વધુ પસંદ કરે છે. કારણ કે સ્વર્ગમાં માત્ર પુણ્યનો ભોગ છે, જ્યારે ભારતમાં પુરુષાર્થ કરીને મુક્તિ મેળવવાનો અવસર છે

આ ધર્મભૂમિનો સર્વોત્તમ પ્રસાદ એટલે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ.

પરમહંસોની સંહિતા શ્રીમદ્ ભાગવત.ભાગવતને 'પરમહંસોની સંહિતા' કહેવામાં આવે છે. પરમહંસ એટલે જે હંસની જેમ દૂધ અને પાણીને અલગ કરી દે, એટલે કે સાર અને અસારનો વિવેક કરે. જે સંસારમાં રહીને પણ કમળપત્રની જેમ અલિપ્ત રહે.

ભાગવતનું સૌથી મોટું રહસ્ય એ છે કે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણએ આ પૃથ્વી પરથી સ્વધામ પ્રયાણ કર્યું, ત્યારે એમણે પોતાનું સમગ્ર તેજ, પોતાની સમગ્ર કરુણા અને શક્તિ આ ભાગવતમાં મૂકી દીધી છે. એટલે ભાગવત એ માત્ર પુસ્તક નથી, એ સાક્ષાત શ્રીકૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ છે. સંતો કહે છે કે પ્રત્યક્ષ ભગવાનના દર્શન કરતાં પણ તેમની કથામાં મહિમા અને પ્રભાવ વધુ છે, કારણ કે દર્શનમાં ભગવાન સામે આવે અને જતા રહે, પણ કથામાં ભગવાન હૃદયમાં કાયમ માટે બિરાજી જાય છે.

યજ્ઞ અને સત્ર - ફળની સમતાનું રહસ્ય ભાગવતમાં યજ્ઞ અને સત્રનો ભેદ ખૂબ સુંદર રીતે સમજાવ્યો છે.જ્યાં ફળની વિષમતા હોય, એટલે કે યજમાનને વધુ ફળ મળે અને બીજાને ઓછું, તેને યજ્ઞ કહેવાય છે.અને જ્યાં ફળની સમતા હોય, જ્યાં વક્તા અને શ્રોતા બધાને સરખું ફળ મળે, તેને સત્ર કહેવામાં આવે છે.ભાગવત કથા એ સત્ર છે. નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓ એ જે સત્ર કર્યું, તેમાં સાંભળનાર દરેકને સરખું ફળ મળે છે. અહીં કોઈ નાનું-મોટું નથી. ભાગવતની આ જ તો ઉદારતા છે.વંદન જે પ્રભુને પણ બંધનમાં રાખે છે. ભાગવતનો આરંભ વંદનથી થયો છે અને તેની સમાપ્તિ પણ વંદનથી જ થઈ છે. આ કોઈ સંયોગ નથી, આ એક સંદેશ છે. શાસ્ત્ર કહે છે કે વંદન જ પ્રભુને બંધનમાં રાખે છે. જેને કોઈ બંધન બાંધી શકતું નથી, તે માત્ર ભક્તના પ્રેમભર્યા વંદનના બંધનમાં બંધાઈ જાય છે.સૂત્ર સાવ સીધું છે પ્રણામથી પ્રસન્ન થાય તે પરમાત્મા અને પદાર્થ થી પ્રસન્ન થાય તે જીવાત્મા. જીવને વસ્તુ આપો તો રાજી થાય, પણ પરમાત્માને વસ્તુની ભૂખ નથી, તેને પ્રેમની ભૂખ છે.પણ વંદન કેવું હોવું જોઈએ?વંદન એકલા શરીરથી નહીં,મનથી પણ હોવું જોઈએ. માત્ર યંત્રવત માથું નમાવવાથી કાંઈ ન થાય. મનથી વંદન કરવાથી પાપ બળે છે. જ્યારે તમે સદ્ભાવથી વંદન કરો છો, ત્યારે જીવનો શિવ સાથે સંબંધ થાય છે. તમારા સર્વ પાપ-તાપને નષ્ટ કરવા રાધાકૃષ્ણને વંદન કરો. રાધાકૃષ્ણને હૃદયમાં પધરાવો અને તેમને પ્રેમથી વંદન કરો.

ક્રિયાશક્તિ અને બુદ્ધિશક્તિનું સમર્પણ ભગવાનને હાથ જોડો, મસ્તક નમાવો.આ બે ક્રિયામાં આખું જીવન સમાયેલું છે.હાથ જોડ્યા એટલે તમે કહો છો હે નાથ,આજ થી મારા હાથે હું સત્કર્મ જ કરીશ. આ મારી ક્રિયા શક્તિ તમને અર્પણ છે.

મસ્તક નમાવ્યું એટલે તમે તમારી બુદ્ધિશક્તિ તેમના ચરણે અર્પણ કરી. હે નાથ, મેં આપને ચરણે મારી ક્રિયાશક્તિ અને બુદ્ધિશક્તિ અર્પણ કરી છે.એટલે જ કહ્યું છેકે કોઈપણ કાર્યની શરૂઆત કરો કે ઉંબરા બહાર પગ મૂકો ત્યારે ઠાકોરજીને પ્રણામ કરીને નીકળજો. વંદન- પ્રણામ કરવાથી જીવનો ઈશ્વર સાથે સંબંધ થાય છે અને એકવાર સંબંધ થયા પછી પરમાત્મા આપણને ખોટા કામ કરતા અટકાવે છે. આ માટે તેમના ઉપકારોને યાદ કરો. જોવા માટે આંખ કોણે આપી? બોલવા અને ચાખવા માટે જીભ કોણે આપી? સાંભળવા માટે કાન અને વિચારવા માટે મન કોણે આપ્યું? આપણે આ માટે કોઈ કિંમત ચૂકવી નથી. આવા અનંત ઉપકારોને યાદ કરીને ભગવાનને કહો કે હે કરુણાનિધાન, હું તારો સદા ઋણી છું. પરમાત્માની કૃપાથી જ હું સુખી છું. મારા અનેક પાપ હોવા છતાં તારી કૃપાએ જ તેનો અંત આવ્યો છે.

વિચારો, પ્રભુએ મને જે આપ્યું તેને માટે હું લાયક હતો? મનન કરશો તો સમજાશે કે હું નાલાયક હતો, બિનલાયક હતો, છતાં પરમાત્માએ મને આપ્યું છે. જીવ લાયક નથી છતાં પ્રભુએ જીવને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ પાપી જીવોને પણ જગતમાં આબરૂ અને સંપત્તિ આપી છે. એટલે જ કહેવું - હે નાથ, તારા અનંત ઉપકાર છે, તારી કરુણાનો કોઈ પાર નથી. તારો બદલો વાળવા હું અસમર્થ છું, માત્ર તમને વંદન કરીને આત્મસંતોષ મેળવું છું. વંદન કરવાથી અભિમાનનો ભાર હલકો થાય છે.ઠાકોરજીમાંબિલકુલ ભાર નથી કારણ કે તેમનામાં અભિમાન નથી.એટલે જ તો ડાકોર ના ઠાકોર બોડાણાની પત્ની ગંગા બાઈની નાકની વાળીથી તોળાઈ ગયા હતા. જ્યાં અભિમાન શૂન્ય થાય ત્યાં જ ભગવાન તોળાય છે. નિરંતર સ્મરણ દરેક પળે ઠાકોર જી મારી સાથે છે. ઘરની બહાર નીકળો કે ઘરમાં દાખલ થાવ ત્યારે પ્રત્યેક વખતે ઠાકોરજીને વંદન કરો.તેમના સ્વરૂપ ને હૃદયમાં ઉતારો. ઠાકોરજી તમારી ચિંતા કરશે. જીવ ઈશ્વર સાથે સંબંધ કરે તો ઈશ્વર તેની ચિંતા કરે છે.

# નંદી એટલે ધર્મ! અને નંદી રુપી ધર્મનાં ચાર ચરણ, સત્ય, તપ, પવિત્રતા, અને દયા એટલે કે દાન!

## શિવપુરાણની કથા ઉપરાંત શિવ એટલે જ ધર્મ વિશે આગળ અન્ય એંગલથી જોઈશું!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

શિવાલયમાં આપણે જ્યારે ભોળાનાથનાં દર્શને જઈએ તો જે મૂર્તિ સ્વરૂપે ત્યાં આગળ જે કોઈ દશ્યમાન હોય, તેમાં શિવલિંગની બરાબર સામે અને ગર્ભગૃહની બહાર પોઠીયો એટલે કે નંદીની મૂર્તિ હોય છે, તે પોઠિયો શંકરનું વાહન નંદી છે, એને વિશે આગળ ચિંતન કરીશું શિવપુરાણમાં આગળ નંદીકેશ્વર સનતકુમારોને કહે છે, પિતા ઈન્દ્ર એ આપેલ મંત્ર દ્વારા અર્જુન શિવ પૂજા અને ધ્યાન કરી રહ્યાં હતાં, અને તપથી દેવતાઓ વિચલિત થઈ ભગવાન શિવ પાસે જાય છે, અને કહે છે હે મહાદેવ! આપ એ માનવ મુનિને જે કંઈ વરદાન જોઈતું હોય એ આપી દ્યો, નહીં તો સ્વર્ગ પર એનું આધિપત્ય થઈ જશે! ભગવાન શિવે દેવતાઓની ભોગ વૃત્તિની તાલાવેલી જોઈને કહ્યું, આપ સૌ નિશ્ચિંત થઈ પોતપોતાનાં સ્થાને જાવ, હું એને જોઈ લઈશ! આમ કરી ભગવાન શિવ અર્જુનની પરીક્ષા કરવાં કિરાત એટલે કે એક ભીલ અવતાર લીધો, અને પોતાના ગણોને પણ સાથે લીધા! પણ ત્યારે ત્યાં એક શૂકર ભૂંડ ધસમસતા પ્રવાહ જેમ અર્જુનની સામે આવી રહેલું દેખાયું. દુર્યોધનએ અર્જુનની ભક્તિ વિફળ કરવાં તેમજ તેનો વધ કરવા મૂક નામના માયાવી દૈત્યને ભૂંડનું રુપ લઈ મોકલ્યો હતો. અર્જુન પણ એને જોઈ સાવધાન થઈ જાય છે! અને વિચારે છે કે નક્કી કોઈ શત્રુ લાગે છે! મિત્ર અને શત્રુ વચ્ચે ભેદ બતાવતાં ચાર કારણોનો ઉલ્લેખ પણ છે, પરંતુ એ ફરી કોઈવાર. ભગવાન શિવ પોતાનાં ભક્તની રક્ષાર્થે બાણનું અનુસંધાન સાધે છે, જે ભૂંડના પૃષ્ઠ ભાગમાંથી પસાર થઈ મુખમાંથી બહાર નીકળે છે, જ્યારે અર્જુનનું બાણ મુખમાંથી પસાર થઈ પૃષ્ઠ ભાગેથી નીકળે છે. ત્યાં પડેલાં બાણને અર્જુન ઉઠાવે છે, ત્યારે શિવ ગણ રુપી ભીલ એને રોકે છે, અને બંને વચ્ચે વિવાદ થાય છે, અંતે અર્જુન એનાં સ્વામી સાથે મળવાની વાત કરી. કિરાત રૂપે શિવજી ત્યાં પોતાની સેના સાથે આવે છે, અને બંને વચ્ચે યુદ્ધ થાય છે. અર્જુન શિવજીનાં જે સ્વરૂપનું ધ્યાન ધરતાં હતાં એ સ્વરૂપે શિવ પ્રગટ થાય છે. અર્જુન કહે છે મુજ પર શત્રુ દ્વારા જે સંકટ આવ્યું હતું, એ આપનાં દર્શનથી નષ્ટ થયું હવે શિવ લોકની પરાસિદ્ધિ પ્રાપ્ત થઈ શકે એવી કૃપા કરો. શિવજીએ પોતાના ભક્ત પર પ્રસન્ન થઈ પાશુપત નામનું અસ્ત્ર પ્રદાન કર્યું, અને કહ્યું એને ધારણ કરવાથી, હવે તમે સમસ્ત શત્રુઓ માટે અજય થઈ જશો, જાઓ વિજયી બનો. શ્રીકૃષ્ણને પણ કહીશ એ તમારી સહાયતા કરશે, આમ કહી શંકરજી અર્જુનનાં મસ્તક ઉપર પોતાના કરકમળ કર્યા, અને અર્જુન દ્વારા પૂજિત થઈને અંતર્ધાન થઈ ગયા.

નંદી એ શંકરનું વાહન છે, પોતાનાં પ્રિય ગણ માનો એક ગણ છે. આમ જુવો તો તે બળદ એટલે આખલાનું એક સ્વરૂપ છે. નંદી એટલે ધર્મ એવો પણ અર્થ કરવામાં આવે છે. એટલે એમ કહી શકાય કે, ભગવાન શંકર ધર્મની સવારી કરીને આવે છે. એક સાર્વજનિક બોધ રૂપે જો ધર્મની વ્યાખ્યા કરવામાં આવે તો, જેનાં આચરણથી ખુદની અને સમાજ પ્રત્યેની શુભની ભાવના સતત બની રહે તેવું ચરણ એટલે ધર્મ. પુરાણોમાં નંદીને મંદિર બહાર બેસાડવાનું પણ એક કારણ લખાયેલ છે. ભગવાન શિવ મોટે ભાગે સમાધિ અવસ્થામાં જ રહેતા હતા, એટલે નંદી ગર્ભ ગૃહની બહાર બેસીને, મંદિરમાં આવતા શિવ ભક્તોની ચકાસણી કરે છે. પછી યોગ્ય હોય તેને જ આગળ જવા દે છે, એટલે કે એમ કહો કે પહેરો દેવા માટે નંદીને બેસાડવામાં આવ્યો છે. પાર્વતી રૂપે જે સ્ત્રી શક્તિ છે, તેનાં સુધી કોઈ એરોગેરો પહોંચી જાય નહીં, તેનાં રક્ષણ માટે નંદીને પહેરો દેવાં બેસાડયો છે, એવી એક દંતકથા છે. નંદી એટલે બળદ કે આખલો એવો અર્થ કરીએ તો, ભારવાહક અને સખત પરિશ્રમ કરતું પ્રાણી છે. એ રીતે જોઈએ તો જે વ્યક્તિ પોતાનાં જીવનમાં પરિશ્રમને મહત્વ આપશે, તે શિવ શંકરની હંમેશા સમીપ રહેશે, તેવો અર્થ પણ આપણે કાઢી શકીએ. ગાય હંમેશા દૂધ આપતી હોય છે, એટલે બળદને લોકો એટલું મહત્વ આપતા નથી. તે સમાજથી થોડે અંશે તરછોડાયેલ છે, તો આવા જે સમાજથી તરછોડાયેલા તત્વો છે, તેને પણ શિવજી સ્વીકારી, અને એક અનન્ય સ્થાન આપે છે, એવી વાત પણ આની સાથે જોડાયેલી છે. બળદ રૂપે તે ખેતરોમાં કામ કરી, અને ખેતી પેદાશ એટલે કે પાક ઉત્પન્ન કરે છે. તે રીતે જોઈએ તો તે એક લોક કલ્યાણનું કાર્ય છે, માટે પોતાનાં સ્વાર્થને જોયા વગર, કલ્યાણની ભાવના જેનાં મનમાં નિરંતર છે, તે શિવની સમીપ રહી શકે એવો પણ બોધ નંદીનું પાત્ર આપે છે. ટૂંકમાં કહીએ તો નંદી એટલે એવો ધર્મ જે આપણને સ્વાવલંબી બનાવે! જે આપણને તરછોડાયેલાનો સ્વીકાર કરતાં શીખવે! જે આપણા મનમાં નિત્ય કલ્યાણની ભાવનાની અનુભૂતિ કરાવે! જે આપણી શ્રદ્ધાને વિકારિત થતી બચાવીને સાચાં અર્થમાં યશ કિર્તીનું મહત્વ સમજાવે! આખો મહિનો કદાચ વ્રત નિયમને કારણે આપણે આવો ભાવ રાખી શક્યાં હોઈએ! પણ શું આ ભાવ આપણા મનમાં નિરંતર રહેશે? એ પ્રશ્ન ચિંતનીય છે. નંદીને ધર્મ ગણીએ તો નંદીને જેમ ચાર ચરણ છે, એમ ધર્મના પણ ચાર ચરણ છે! (૧) સત્ય (૨) તપ (૩) પવિત્રતા (૪) દયા એટલે કે દાન! તો ધર્મના ચાર ચરણને આચરણમાં મૂકીને આપણે સૌ આપણાં સાચાં ધર્મને અનુસરીએ તો આ ભક્તિ ભાવ કાયમ રાખી શકીએ! અને તો જ આ દેહથી જ શિવ સાક્ષાત્કાર સુધી પહોંચી શકાય!સંસાર નામના સમય સંજોગ અને સંબંધના આ ત્રિકોણમાં કોઈ જ વસ્તુ શાશ્વત નથી! પણ એને માધ્યમ બનાવી અસંગ રહેતા આવડી જાય તો કંઈ અશક્ય પણ નથી. તો આ છે શિવ શંકરના પ્રિય એવાં ગણ નંદી વિશેની વાત, જેને શાસ્ત્ર સાથે જોડી છે,એ માત્ર આપણને બોધ આપવા માટે. નંદીને ચાર ચરણ એટલે કે પગ હોય છે! અને મનુષ્ય સિવાયના બાકીના બધા જ પશુઓને પણ ચાર ચરણ છે ! અને એટલે જ એ લોકો પોતાનાં ધર્મથી બહાર નથી! પણ આપણે બે પગા..... ભગવાન બહુ ભોળા છે, એટલે જે થયું તે થયું! પણ આપણે બધા આજે નંદીના આ પાત્રમાંથી સારો બોધ ગ્રહણ કરીને નિત્ય પરિશ્રમ અને પરમ કલ્યાણ માટેનો શિવ સંકલ્પ લઈએ, અને તેના ચરણે બેસીએ તો શક્ય છે માફ કરી દે! દરેકનુ જીવન આ રીતે જ પૂરું થાય.

**મોટાં સપનાં જુઓ, લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો અને દેશનું ગૌરવ વધારો : પૂર્વ એર ચીફ માર્શલ વિવેકરામ ચૌધરી**

# ઉડ્ડયન ક્ષેત્રે કારકિર્દીની તકો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અમદાવાદમાં 'ASPIRE 2026' કાર્યક્રમ યોજાયો

- **એવિએશન એટલે માત્ર પ્લેન ઉડાડવું નહીં, ભવિષ્યનું નિર્માણ કરવું : નાગરિક ઉડ્ડયન વિભાગના કમિશનર કિશોર બચાણી**
- **સમગ્ર રાજ્યના 3,000થી વધુ વિદ્યાર્થીઓએ તજજ્ઞો પાસેથી ઉડ્ડયન ક્ષેત્રે રહેલી કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન મેળવ્યું**






**અમદાવાદ, તા.11**

અમદાવાદના સાયન્સ સિટી ખાતે ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) અને ડ્રીમવેટર પ્રાઈવેટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે ઉડ્ડયન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે 'ASPIRE 2026 - Aviation Skill Progress & Industry Readiness in Education' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંરક્ષણ, નાગરિક ઉડ્ડયન, એરોસ્પેસ, નિયમન અને ઉદ્યોગ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિષ્ઠિત વક્તાઓ તેમજ ઉડ્ડયન ક્ષેત્રના તજજ્ઞોએ વિદ્યાર્થીઓને કારકિર્દીની તકો, જરૂરી લાયકાતો, કૌશલ્યો, પ્રવેશના માર્ગો, તાલીમની આવશ્યકતાઓ અને કારકિર્દીમાં પ્રગતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પૂર્વ એર ચીફ માર્શલ વિવેકરામ ચૌધરીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું કે, આપણે સૌએ બાળપણમાં કાગળનાં વિમાન બનાવીને ઉડાડ્યાં છે, જે આકાશને આંબવાની આપણી પ્રથમ આકાંક્ષા હતી. ઉડ્ડયન ક્ષેત્રે છેલ્લાં ૧૨૦ વર્ષમાં અદભુત પ્રગતિ કરી છે. ભારતીય વાયુસેનામાં માત્ર પાઈલટ જ નહીં, પરંતુ એન્જિનિયર્સ, એર ટ્રાફિક કંટ્રોલર્સ અને લોજિસ્ટિક્સ જેવાં અનેક ક્ષેત્રોમાં દેશસેવાની ઉત્તમ તકો રહેલી છે.

તેમણે જણાવ્યું કે, 'વિકસિત ભારત@૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે યુવાનોનું યોગદાન અત્યંત મહત્ત્વનું છે. સફળતાની ચાવીરૂપ ત્રણ બાબતો–સક્ષમતા, પ્રતિબદ્ધતા અને ચારિત્ર્ય–પર તેમણે ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને હંમેશાં મોટાં સપનાં જોવા, લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા અને દેશનું ગૌરવ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સૌનું સ્વાગત કરતાં નાગરિક ઉડ્ડયન વિભાગના કમિશનર શ્રી કિશોર બચાણીએ જણાવ્યું કે, એવિએશન એટલે માત્ર પ્લેન ઉડાવવું જ નથી, પરંતુ એન્જિનિયર્સ, ટેકનિશિયનો અને એરોસ્પેસ નિષ્ણાતો દ્વારા ભવિષ્યનું નિર્માણ કરવું છે. આગામી 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭'માં પણ એરોસ્પેસ ક્ષેત્ર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને બિરદાવતાં તેમણે જણાવ્યું કે, આ કાર્યક્રમમાં સ્ત્રી નેતૃત્વને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. માત્ર ઉડવાનું જ નહીં, પરંતુ ઉડાન શક્ય બને તેવું ભવિષ્ય બનાવવાનું સ્વપ્ન જોવા માટે તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, શિક્ષણ કૌશલ્ય લાવશે અને કૌશલ્ય નવી તકોનું સર્જન કરશે. આ દિશામાં આ પ્રકારના કાર્યક્રમો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન યોજાયેલા વિવિધ સેશનમાં વિદ્યાર્થીઓને પાઈલટની કારકિર્દી ઉપરાંત એરલાઈન્સ, એરપોર્ટ્સ, એરોસ્પેસ, એરક્રાફ્ટ મેન્ટેનન્સ, રિપેર એન્ડ ઓવરહોલ (MRO), એર ટ્રાફિક મેનેજમેન્ટ, ગ્રાઉન્ડ ઓપરેશન્સ, એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નિયમન અને સંરક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, એર ઈન્ડિયા, ઈન્ડિગો અને એતિહાદ એરવેઝના વરિષ્ઠ વ્યાવસાયિકોએ પણ પોતાના અનુભવો અને વિચારો વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 'ASPIRE 2026' જેવાં આયોજનો દ્વારા રાજ્યના યુવાનોને ઝડપથી વિકસી રહેલા ઉડ્ડયન ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની વિશાળ તકો અંગે સમજણ આપી, શિક્ષણ, કૌશલ્ય અને વ્યાવસાયિક કારકિર્દીમાં મદદરૂપ થવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ છે. આ પહેલ દ્વારા રાજ્યમાં ઉડ્ડયન અને એરોસ્પેસ ઈકોસિસ્ટમ માટે કુશળ અને ઉદ્યોગ માટે તૈયાર માનવબળ વિકસાવવાનો અભિગમ દર્શાવવામાં આવ્યો છે.

આ પ્રસંગે એર વાઈસ માર્શલ જી.એસ. ભુલ્લર, શ્રી દીપક કપૂર, વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, મહારાષ્ટ્ર એરપોર્ટ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (MADC), GUJSAILના સીઈઓ વિજય પટેલ, માતંગ કુમાર નિમાવત, ડ્રીમવેટર પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અને ફાઉન્ડર પ્રભુ અગ્રવાલ સહિતના મહાનુભાવો તેમજ ગુજરાતભરમાંથી 3,000થી વધુ વિદ્યાર્થીઓ અને યુવાનો, શિક્ષકો, ઉડ્ડયન ક્ષેત્રના વ્યાવસાયિકો અને ઉદ્યોગ પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.

## સરકાર દુષ્કાળ જાહેર નહી કરે: દુષ્કાળ જાહેર કરવા વરસાદની ઘટ પૂરતી નહી, પાક વાવેતર, જમીનની ભેજ અને ગ્રાઉન્ડ ટ્રુથિંગ બાદ નિર્ણય થાય

**ગુજરાતમાં વરસાદની અસમાનતા વચ્ચે સરકારની ચાંપતી નજર, CM ના અધ્યક્ષસ્થાને બેઠક બાદ પીવાના પાણી, સિંચાઈ અને ઘાસચારાની વ્યવસ્થા પર ખાસ ધ્યાન**

**ગાંધીનગર, તા.11**

રાજ્યમાં ચાલુ ચોમાસા દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં અછતના પગલે દુષ્કાળની સ્થિતિ અંગે રાજ્ય સરકાર દ્વારા સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, સુરેન્દ્રનગર અને પોરબંદર સહિતના અસરગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિ પર સરકારની નજર છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકોમાં સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી અને સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હોવાનું વિધાનસભામાં જણાવાયું છે. ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC)ના અહેવાલ મુજબ તા. 3 ઓગસ્ટ, 2025ની સ્થિતિએ રાજ્યમાં ચોમાસાનો કુલ સરેરાશ 75.43 ટકા (625.43 મી.મી.) વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાં સરેરાશ 103.69 ટકા વરસાદ થયો છે.

રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે દુષ્કાળ જાહેર કરવાની પ્રક્રિયા કેન્દ્ર સરકારના Drought Management Manual-2016 ના માર્ગદર્શક મુજબ હાથ ધરવામાં આવે છે. દુષ્કાળની સ્થિતિ નક્કી કરવા માટે માત્ર વરસાદની અછત જ નહીં, પરંતુ વરસાદમાં થયેલો ઘટાડો, વાવેતર વિસ્તાર, NDVI એટલે કે વનસ્પતિની સ્થિતિ, જમીનની ભેજ અને ભૂગર્ભજળ સ્તર જેવા વિવિધ માપદંડોને ધ્યાનમાં લેવામાં આવે છે.

સરકાર દ્વારા Trigger-1 અને Trigger-2 હેઠળના માપદંડો મુજબ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ GPS અને અન્ય પદ્ધતિઓ દ્વારા ગ્રાઉન્ડ ટ્રુથિંગ કરીને વાસ્તવિક પરિસ્થિતિની ચકાસણી પણ કરવામાં આવે છે.

તા. 31 જુલાઈ, 2025 સુધીના આંકડા મુજબ રાજ્યના સામાન્ય વાવેતર વિસ્તાર 24.30 લાખ હેક્ટર સામે 20.36 લાખ હેક્ટરમાં, એટલે કે આશરે 84.24 ટકા વાવેતર પૂર્ણ થયું છે. મુખ્ય પાકોમાં મગફળી, કપાસ, સોયાબીન, ડાંગર અને કપાસનો સમાવેશ થાય છે.

સરદાર સરોવર ડેમમાં તેની ક્ષમતાના 88.60 ટકા પાણી ઉપલબ્ધ હોવાનું સરકાર દ્વારા જણાવાયું છે. રાજ્યના અન્ય 206 જળાશયોમાં પણ 55.07 ટકા જળજથ્થો ઉપલબ્ધ છે.

નર્મદા બેસિનમાંથી મળતા પાણીમાંથી પીવાના પાણી માટે 2.0 MAF જેટલો જથ્થો અનામત રાખીને નર્મદા કમાન્ડ વિસ્તારના આશરે 19.36 લાખ હેક્ટરમાં ખરીફ પાક માટે સિંચાઈનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત 'સૌની યોજના' તથા 'સુજલામ સુફલામ' યોજનાઓ મારફતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પીવાના તથા સિંચાઈના પાણીનું સતત વિતરણ ચાલુ છે.

ખેડૂતોના ઊભા પાકને બચાવવા રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા કૃષિ વીજ પુરવઠો 8 કલાકના બદલે 10 કલાક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, મહેસાણા, બોટાદ અને સાબરકાંઠા સહિત રાજ્યના 21 જિલ્લાઓના 132 તાલુકા-જૂથોમાં આ વ્યવસ્થા અમલમાં છે.

માંગ અને પુરવઠા વચ્ચેની તંગી દૂર કરવા GUVNL દ્વારા સપ્ટેમ્બર અને ઓક્ટોબર 2025 માટે વધારાની ટૂંકા ગાળાની વીજ ખરીદી (Short-term Power Purchase)ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઘાસચારાની અછત ધરાવતા વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા રાહતદરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લાના અસરગ્રસ્ત ગામોના પશુપાલકોના આશરે 1.39 લાખ પશુઓ માટે 31 લાખ કિ.ગ્રા. ઘાસચારો રાહતદરે વિતરણ કરવામાં આવ્યો હોવાનું સરકારના જવાબમાં જણાવાયું છે.

કેન્દ્ર સરકારના 'Drought Management Manual-2016' મુજબ માત્ર વરસાદની અસમાનતા આધારે સીધો દુષ્કાળ જાહેર કરી શકાય નહીં. દુષ્કાળની સ્થિતિ નક્કી કરવા Trigger-1 અને Trigger-2 હેઠળ વરસાદ, પાક વાવેતર વિસ્તાર, NDVI, જમીનની ભેજ અને ભૂગર્ભજળ સ્તર જેવા વિવિધ સૂચકાંકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

ખરીફ ઋતુના અંતે અને લણણી પહેલાં, એટલે કે 31 ઓક્ટોબર સુધીમાં, અસરગ્રસ્ત ગામોમાં GPS/સ્માર્ટફોન આધારિત આશરે 10 ટકા ભૂમિ ચકાસણી (Ground Truthing) હાથ ધરવામાં આવશે. પાક નુકસાનની માત્રાના આધારે દુષ્કાળના અંગો અંગે નિર્ણય લેવામાં આવશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે વૈજ્ઞાનિક મૂલ્યાંકન અને Ground Truthing બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. હાલ રાજ્યમાં વરસાદ, પાણી, વીજળી તથા ઘાસચારાની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિને અનુરૂપ ખેડૂતો તથા પશુપાલકોના હિતમાં જરૂરી પગલાં લેવામાં આવશે.

## રાજ્યમાં 97 ટકા રેશનકાર્ડનું e-KYC પૂર્ણ, ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને

**e-KYC બાકી હોય તો પણ લાભાર્થીઓને અનાજનો લાભ મળશે, ચાર પ્લેટફોર્મ પરથી કરાવી શકાશે KYC**

**ગાંધીનગર, તા.11**

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસુ સત્રના છેલ્લા દિવસે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન NFSA રેશનકાર્ડ ધારકોના e-KYC મુદ્દે મહત્વની માહિતી સામે આવી હતી. સાબરકાંઠા જિલ્લામાં NFSA રેશનકાર્ડના e-KYC અંગે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણ સોલંકીને પ્રશ્ન પૂછ્યો હતો. પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં રેશનકાર્ડ ધારકોના e-KYCની કામગીરી મોટા પ્રમાણમાં પૂર્ણ કરવામાં આવી છે અને હાલમાં રાજ્યમાં આશરે 97 ટકા રેશનકાર્ડનું e-KYC પૂર્ણ થઈ ચૂક્યું છે. આ કામગીરીમાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યોગ્ય ઓળખ સુનિશ્ચિત કરવા માટે e-KYCની પ્રક્રિયા અત્યંત મહત્વપૂર્ણ છે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા લાભાર્થીઓને સરળતાથી e-KYC કરાવી શકાય તે માટે વિવિધ માધ્યમો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. રેશનકાર્ડ ધારકો My Ration મોબાઈલ એપ્લિકેશન, PDS+ Gujarat એપ્લિકેશન, VC સહિતના માધ્યમો તેમજ મામલતદાર કચેરી મારફતે e-KYCની પ્રક્રિયા પૂર્ણ કરાવી શકે છે. સરકાર દ્વારા ચાર અલગ-અલગ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવીને લાભાર્થીઓને આ પ્રક્રિયામાં સરળતા રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં NFSA રેશનકાર્ડના કેટલા લાભાર્થીઓનું e-KYC પૂર્ણ કરવામાં આવ્યું છે તે અંગે વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તેના જવાબમાં સરકારે e-KYCની પ્રક્રિયા માટે ઉપલબ્ધ વિવિધ માધ્યમો અને રાજ્યવ્યાપી કામગીરી અંગે માહિતી આપી હતી. રાજ્યમાં રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણ કરવાની કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી રહી છે અને 97 ટકા કામગીરી પૂર્ણ થતાં ગુજરાતે દેશભરમાં નોંધપાત્ર સ્થાન મેળવ્યું હોવાનું વિધાનસભામાં મંત્રીના જવાબથી સામે આવ્યું છે.

## ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલથી રાજ્યમાં 'ટ્રસ્ટ-બેઝ્ડ ગવર્નન્સ' અને રોકાણ-અનુકૂળ વાતાવરણને નવી ગતિ મળશે

**ગાંધીનગર, તા.11**

ગુજરાત વિધાનસભા ખાતે ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ.જયરામ ગામીતે કહ્યું હતું કે, રાજ્યમાં ઉદ્યોગ-વ્યવસાય માટેની નિયમનકારી પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી, પારદર્શક અને ઉદ્યોગ સ્નેહી બનાવવા માટે 'ગુજરાત ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ બિલ,૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે. રાજ્ય મંત્રી ડૉ.ગામીતે બિલ અંગે ગૃહમાં વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મિનિમમ ગવર્નમેન્ટ,મેક્સિમમ ગવર્નન્સ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે.રાજ્યમાં વ્યવસાય અને રોકાણકારી પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને ઉદ્યોગસ્નેહી બનાવવાના હેતુથી આ મહત્વપૂર્ણ વિધેયક લાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે,આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગો અને નાગરિકો પરનો બિનજરૂરી નિયમનકારી બોજ ઘટાડવાનો, પ્રક્રિયાઓને સરળ બનાવવાનો, સ્વ-ઘોષણા અને સ્વ-પ્રમાણીકરણને પ્રોત્સાહન આપવાનો તેમજ જોખમ આધારિત અને ટેક્નોલોજી આધારિત વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે.ઓછા જોખમવાળી પ્રવૃત્તિઓમાં ફરજિયાત પૂર્વ મંજૂરી તથા ભૌતિક સંપર્કની જરૂરિયાત ઘટાડીને વિશ્વાસ આધારિત શાસન તરફ આગળ વધવાની દિશા આ બિલમાં દર્શાવવામાં આવી છે.

ગૃહમાં વિધેયકના હાર્દ અને હેતુ સ્પષ્ટ કરતાં રાજ્ય મંત્રી ડૉ જયરામ ગામીતે જણાવ્યું હતું કે, આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય નિયંત્રણ આધારિત શાસનમાંથી 'વિશ્વાસ અને જોખમ આધારિત શાસન' (Trust-Based & Risk-Based Governance) તરફ આગળ વધવાનો છે. આ વિધેયક દ્વારા જુદા જુદા પાંચ રાજ્ય કાયદાઓની ૧૨ સુધારાત્મક કલમોને એક જ છત્ર હેઠળ લાવીને કાયદાકીય પ્રક્રિયાને સરળ બનાવીને સદનનો સમય બચાવવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પ, ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ અને આગામી ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના પૃષ્ઠભૂમિમાં આ સુધારાઓ રોકાણકારોના વિશ્વાસમાં વધારો કરશે. બિલ હેઠળ પ્રસ્તાવિત મુખ્ય કાયદાકીય સુધારાઓ: ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ, ૨૦૧૩ અગ્નિ સલામતીના ધોરણોને જોખમ અને કામગીરી આધારિત (Risk-based and Performance-oriented) બનાવવામાં આવ્યા છે. સ્થાનિક પરિસ્થિતિ અને બિલ્ડિંગના પ્રકાર મુજબ નિયમોને સુસંગત કરી કમ્પ્લાયન્સ ખર્ચ ઘટાડાશે. ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ,૨૦૧૯ સ્વ-ઘોષણા (Self-declaration) અને સ્વ-પ્રમાણીકરણ દ્વારા રજિસ્ટ્રેશન સરળ બનશે. ૨૪*૭ ઓપરેશન્સની સુવિધા સાથે જ કામદારોના હક્કો અને સુરક્ષા યથાવત રખાશે.

દુકાનો અને સંસ્થાઓને અઠવાડિયાના કોઈપણ દિવસે ૨૪*૭ કામગીરી કરવાની સુવિધા મળશે, જે કામના કલાકો, આરામના અંતરાલ તથા રોજગારની શરતો સંબંધિત લાગુ કાયદાઓને આધીન રહેશે.

ગુજરાત એમએસએમઈ ફેસિલિટેશન એક્ટ, ૨૦૧૯ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે 'રાઈટ ટુ બિઝનેસ' માળખું વધુ મજબૂત કરાશે. સહકારી, વીજળી, જીઆઈડીસી અને સિંચાઈ જેવા વધારાના ૮ રાજ્ય કાયદાઓને ફેસિલિટેશન ફ્રેમવર્ક સાથે સુસંગત કરાયા છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭ અન્ય રાજ્યમાં નોંધાયેલા તબીબો માટે સેલ્ફ-ડિક્લેરેશનના આધારે ગુજરાતમાં નોંધણી મેળવવી સરળ બનશે, જેથી તબીબી સેવાઓ અને પ્રોફેશનલ મોબિલિટી ઝડપી બનશે. ગુજરાત રાઈટ ઓફ સિટિઝન્સ ટુ પબ્લિક સર્વિસિસ એક્ટ, ૨૦૧૩ સમયમર્યાદામાં સરકારી સેવા કે ફરિયાદનો નિકાલ ન થાય તો મામલો આપમેળે ઉચ્ચ અધિકારી સમક્ષ જતો રહે તે માટે ટેકનોલોજી આધારિત 'ઑટો-અપીલ' અને 'ઑટો-એસ્કેલેશન' મિકેનિઝમ અમલી બનશે. વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પ સાથે જાહેર કરાયેલી ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬, તાજેતરમાં ચારેય રીજીયન (પ્રાદેશિક) યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ્સ અને આગામી જાન્યુઆરીમાં યોજાનાર ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ ('વિકસિત ગુજરાત - શેપિંગ ગ્લોબલ ફ્યુચર') માટે આ કાયદાકીય સુધારા અગત્યનું માઈલસ્ટોન સાબિત થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

## ગુજરાત વિધાનસભા ગૃહમાં 'ગુજરાત ભાડા વિધેયક-2026' વિના વિરોધે સર્વાનુમતે પસાર

**ગાંધીનગર, તા.11**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા વધારવા અને મકાન માલિકો તેમજ ભાડૂઆતો વચ્ચેના સંબંધોમાં શિસ્ત તથા સંતુલન લાવવાના ઉદ્દેશ્યથી 'ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬' વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ મંત્રીકનુભાઈ દેસાઈએ ગૃહમાં આ ક્રાંતિકારી વિધેયક રજૂ કરતા તેની મહત્વની જોગવાઈઓ અને હેતુઓની વિગતવાર માહિતી આપી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી રાજ્યમાં મિલકત ભાડે આપવાની વ્યવસ્થા 'મુંબઈ ભાડા અને નિવાસ ગૃહદર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭' હેઠળ સંચાલિત થતી હતી, જેની મુદત વખતોવખત લંબાવવી પડતી હતી. જૂના કાયદાની મર્યાદાઓને કારણે મકાન માલિકો અને ભાડૂઆતોને અનેક કાનૂની ગૂંચવણોનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યની આધુનિક જરૂરિયાતોને અનુરૂપ નવો 'ગુજરાત ભાડા અધિનિયમ' લાવવામાં આવ્યો છે.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ની મુખ્ય જોગવાઈઓ

૧. લેખિત કરાર ફરજિયાત

હવેથી કોઈ પણ મિલકત (રહેણાંક કે વાણિજ્યિક) લેખિત ભાડા કરાર વિના ભાડે આપી શકાશે નહીં. આ કરારની માહિતી સંયુક્ત રીતે 'રેન્ટ ઓથોરિટી'ને આપવાની રહેશે.

૨. ડિજિટલ પ્લેટફોર્મ અને યુનિક આઈડી ડિજિટલ શાસન અને ટેકનોલોજીના શ્રેષ્ઠ ઉપયોગથી ભાડા સત્તાધિકારી ૩ મહિનામાં માતૃભાષા ગુજરાતીમાં ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરશે. દરેક કરારને એક વિશેષ આઈડેન્ટિફિકેશન નંબર (ID) ફાળવી વેબસાઈટ પર અપલોડ કરાશે, જે ભાડૂઆત અને માલિક બંને માટે નિર્ણાયક પુરાવો બનશે. ૩. સિક્યોરિટી ડિપોઝિટની મર્યાદા ભાડૂઆતોના હિતમાં એડવાન્સ સિક્યોરિટી ડિપોઝિટની રકમ વધુમાં વધુ ૩ મહિનાના ભાડા જેટલી જ રાખી શકાશે. મિલકત ખાલી કરતી વખતે તમામ હિસાબ ચુકતે કરીને ૧ મહિનામાં આ ડિપોઝિટ પરત કરવાની રહેશે.

૪. ત્રિ-સ્તરીય (Three-Tier) ન્યાયિક વ્યવસ્થા

કોઈપણ વિવાદના સમયબદ્ધ અને ઝડપી નિવારણ માટે રાજ્યમાં રેન્ટ ઓથોરિટી (Rent Authority), રેન્ટ કોર્ટ (Rent Court) અને રેન્ટ ટ્રિબ્યુનલ (Rent Tribunal) એમ ત્રણ સ્તરની ન્યાયિક વ્યવસ્થા અસ્તિત્વમાં લાવવામાં આવશે.

૫. જીવનજરૂરી સેવાઓ રોકી શકાશે નહીં કોઈપણ મકાન માલિક ભાડૂઆતની વીજળી, પાણી કે ગેસ કનેક્શન જેવી આવશ્યક સેવાઓ રોકી શકશે નહીં. જો આવું થશે, તો રેન્ટ ઓથોરિટી તુરંત સેવાઓ પુનઃજીવિત કરવાનો આદેશ કરશે.

'૬. મિલકત ખાલી કરાવવાના સ્પષ્ટ આધારો (કલમ ૨૧)

મકાન માલિકના હકોનું રક્ષણ કરતા કલમ ૨૧ હેઠળ મિલકત ખાલી કરાવવાના આધારો દર્શાવ્યા છે. જો ભાડૂઆત સતત ભાડું ન ચૂકવે, મિલકતને નુકસાન પહોંચાડે કે માલિકની મંજૂરી વગર પેટા-ભાડે આપે, તો માલિક ભાડા અદાલત મારફતે મિલકત ખાલી કરાવી શકશે. ૭. કુદરતી આપત્તિમાં રાહત પૂર ભૂકંપ કે ચક્રવાત જેવી કુદરતી આપત્તિના સમયે જો મિલકત રહેવા યોગ્ય ન રહે, તો ભાડુઆતને ભાડામાંથી મુક્તિ મળશે અથવા કરાર લંબાવવાની વાજબી તક મળશે.

'૮. પ્રોપર્ટી મેનેજરને કાનૂની માન્યતા (કલમ ૧૮):

કલમ ૧૮ મુજબ મકાન માલિક પોતાની સુવિધા માટે પ્રોપર્ટી મેનેજરની નિમણૂક કરી શકશે. પ્રોપર્ટી મેનેજરની ભૂમિકાને કાયદાકીય માળખામાં લાવી તેની ફરજો નિર્ધારિત કરવામાં આવી છે.

૯. ચોક્કસ સંસ્થાઓને મુક્તિ (કલમ ૩): સરકારી પરિસરો, કંપનીઓ દ્વારા કર્મચારીઓને અપાતા સર્વિસ ક્વાર્ટર, ધાર્મિક-સખાવતી સંસ્થાઓ, વક્ફ બોર્ડ અને પબ્લિક ટ્રસ્ટની માલિકીની મિલકતોને આ કાયદામાંથી મુક્તિ અપાઈ છે. જોકે, બંને પક્ષોની પરસ્પર સંમતિ હોય તો તેઓ આ કાયદા હેઠળ જોડાઈ શકે છે. મંત્રી કનુભાઈ દેસાઈએ ઉમેર્યું હતું કે, 'ગુજરાત ભાડા અધિનિયમ એ માત્ર કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ ગુજરાતના આર્થિક અને સામાજિક તાણાવાણાને જોડતી એક મહત્વની કડી છે. આ કાયદો મકાન માલિકને યોગ્ય ન્યાય અને ભાડૂઆતને આદરપૂર્વક જીવવાની છત આપે છે. આ વિધેયકથી રિયલ એસ્ટેટ માર્કેટમાં પારદર્શિતા આવશે, 'ઈઝ ઓફ લિવિંગ' વધશે અને રાજ્યમાં પરસ્પર વિશ્વાસનું વાતાવરણ વધુ મજબૂત બનશે.'

# વિનેશ ફોગાટને દિલ્હી હાઈકોર્ટનો ઝટકો, વર્લ્ડ ચેમ્પિયનશિપની ટ્રાયલમાં ભાગ નહીં લઈ શકે



**નવી દિલ્હી, તા.11**

ભારતીય સ્ટાર મહિલા પહેલવાન વિનેશ ફોગાટના આંતરરાષ્ટ્રીય કુસ્તીમાં પુનરાગમનના પ્રયાસોને મોટો આંચકો લાગ્યો છે. દિલ્હી હાઈકોર્ટે વર્ષ 2026ની સીનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટેના સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવા માટે વિનેશ દ્વારા માંગવામાં આવેલી વચગાળાની રાહતની અરજી ફગાવી દીધી છે. હાઈકોર્ટના આ ચુકાદા બાદ નવી દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે 14 સપ્ટેમ્બરે યોજાનાર ટ્રાયલ્સમાં ભાગ લેવાના વિનેશ માટેના તમામ રસ્તા હાલ બંધ થઈ ગયા છે.

જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ ગુરુવારે મોડી રાત્રે આ આદેશ આપતાં જણાવ્યું હતું કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) દ્વારા નક્કી કરાયેલી પાત્રતાની શરતોમાં કોઈ એક વ્યક્તિગત ખેલાડીને ખાસ છૂટછાટ આપી શકાય નહીં. 7 સપ્ટેમ્બર 2026ના રોજ જારી કરાયેલા સર્ક્યુલરમાં નિર્ધારિત માપદંડો તમામ રમતવીરો પર એકસમાન રીતે લાગુ પડે છે.

WFIના 7 સપ્ટેમ્બરના સર્ક્યુલર અનુસાર, સીનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપના ટ્રાયલ્સ માટે છ ઓલિમ્પિક વજન વર્ગમાં અમુક ચોક્કસ સ્પર્ધાઓના મેડલ વિજેતાઓ, નેશનલ કોચિંગ કેમ્પના કુસ્તીબાજો અને 2026 અંડર-20 વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પસંદ થયેલા પહેલવાનો જ પાત્ર ઠરે છે.

વિનેશની દલીલમાં કહેવામાં આવ્યું છે કે જુલાઈ 2025માં માતા બન્યા બાદ તેઓ માતૃત્વના કારણે જરૂરી ક્વોલિફાઈંગ સ્પર્ધાઓમાં ભાગ લઈ શક્યા નહોતા. જેથી આ નિયમો તેમના માટે ટ્રાયલ્સના દ્વાર સંપૂર્ણ બંધ કરી દે છે. વિનેશે સીધી ટીમમાં એન્ટ્રી નહોતી માંગી, પરંતુ માત્ર ટ્રાયલ્સમાં ઉતરીને પોતાના પ્રદર્શનના આધારે સ્થાન મેળવવાની તક માંગી હતી. તેમણે 30 મેના રોજ યોજાયેલા એશિયન ગેમ્સના સિલેક્શન ટ્રાયલ્સનો પણ સંદર્ભ આપ્યો હતો, જ્યાં તેમણે 53 કિગ્રા વજન વર્ગમાં સેમિફાઈનલ સુધી સફર ખેડી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માતા બન્યા પછી તેઓ સઘન તાલીમ લઈ ચૂક્યા છે અને પોતાની ક્ષમતા સાબિત કરવા તૈયાર છે.

દિલ્હી હાઈકોર્ટે WFIની નીતિને સાચી કે ખોટી જાહેર કર્યા વિના સ્પષ્ટ કર્યું કે અરજીમાં ઉઠાવાયેલા નીતિવિષયક મોટા પ્રશ્નો પર હજુ વિગતવાર સુનાવણી બાકી છે. અદાલતે સ્વીકાર્યું કે ગર્ભાવસ્થા, બાળકના જન્મ અને રિકવરી જેવા સંજોગોને ફેડરેશનની નીતિમાં ધ્યાને લેવા જોઈએ, પરંતુ માત્ર આ સંજોગોના આધારે વિનેશને તાત્કાલિક વચગાળાની રાહત આપી શકાય નહીં. કોર્ટે ચિંતા વ્યક્ત કરી કે જો માત્ર વિનેશને જ ટ્રાયલ્સમાં ઉતરવાની પરવાનગી અપાશે તો સમાન સ્થિતિ ધરાવતા અન્ય જે ખેલાડીઓ કોર્ટ સુધી નથી પહોંચ્યા તેમની સાથે અસમાનતા સર્જાશે.

આ કાનૂની લડાઈ માત્ર 14 સપ્ટેમ્બરના ટ્રાયલ્સ પૂરતી સીમિત નથી: મેટરનિટી પોલિસીની માંગ: મહિલા રમતવીરો ગર્ભાવસ્થા અને પ્રસૂતિ રજા પછી રમતમાં પાછી ફરે ત્યારે તેમના માટે પારદર્શક પસંદગી પ્રક્રિયા અને વૈકલ્પિક વ્યવસ્થા હોવી જોઈએ તેવી વ્યવસ્થિત નીતિ ઘડવાની માંગ વિનેશે કરી છે.

શો-કોઝ નોટિસને પડકાર: વિનેશે WFI દ્વારા મે અને જૂન મહિનામાં પાઠવવામાં આવેલી બે કારણદર્શક નોટિસ અને શિસ્તભંગની કાર્યવાહીને પણ રદ કરવાની માંગ કરી છે. જ્યારે WFIનો દાવો છે કે વિનેશને પેનલ સમક્ષ પક્ષ રજૂ કરવાની પૂરતી તકો અપાઈ હતી.

વર્ષ 2026ની સીનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ કઝાકિસ્તાનની રાજધાની અસ્તાના ખાતે 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર દરમિયાન યોજાવાની છે. વિનેશ ટ્રાયલ્સમાંથી બહાર થતાં આ વૈશ્વિક સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં, પરંતુ મહિલા એથ્લેટ્સના અધિકારો અને મેટરનિટી નીતિ અંગેની તેમની કાનૂની લડાઈ અદાલતમાં ચાલુ રહેશે.

# ટીમ ઈન્ડિયાને ઝટકો! રયાન ડોશેટ બાદ ખરા સમયે ફિઝિયોએ પણ BCCIને સોંપ્યું રાજીનામુ

**નવી દિલ્હી, તા.11**

આગામી દિવસોમાં ભારતીય ક્રિકેટ ટીમનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત રહેવાનું છે. 13 સપ્ટેમ્બરથી ટીમ અફઘાનિસ્તાન સામે T20I સીરિઝ રમશે. ત્યારબાદ જાપાન સામે એકમાત્ર T20 ઇન્ટરનેશનલ મેચ અને એશિયન ગેમ્સમાં પણ ભારત રમશે. એશિયન ગેમ્સ દરમિયાન જ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે 3 મેચોની વનડે શ્રેણી પણ શરૂ થશે. આ વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ટીમ ઈન્ડિયામાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ટીમના મુખ્ય ફિઝિયો કમલેશ જૈને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.



એક અહેવાલ મુજબ, કમલેશ જૈને પોતાનું રાજીનામું BCCIને સોંપી દીધું છે. જોકે બોર્ડ તરફથી તેને હજુ સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યું નથી.

તેઓ હાલમાં 3 મહિનાના નોટિસ પિરિયડ પર છે અને ટીમ સાથે જોડાયેલા છે.

કમલેશ જૈન હાલમાં નવી દિલ્હી ખાતે ટીમ ઈન્ડિયા સાથે હાજર છે, જ્યાં ટીમ અફઘાનિસ્તાન સામેની શ્રેણી માટે તડામાર તૈયારી કરી રહી છે.

જો બોર્ડ તેમને વહેલા મુક્ત ન કરે તો ડિસેમ્બરની શરૂઆતમાં સમાપ્ત થનારી ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝ તેમના કાર્યકાળનો અંતિમ અસાઈનમેન્ટ બની શકે છે.

કમલેશ જૈનના રાજીનામા પાછળનું મુખ્ય કારણ ટીમ સાથે સતત થતી લાંબી મુસાફરીઓ હોવાનું સામે આવ્યું છે. ભારતીય ટીમ સાથે આશરે સાડા ચાર વર્ષ વિતાવ્યા બાદ તેઓ પોતાના યુવાન પરિવારને વધુ સમય આપવા માંગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે ટીમ સાથેના પોતાના કાર્યકાળનો ભરપૂર આનંદ માણ્યો છે, પરંતુ પારિવારિક જવાબદારીઓને કારણે હવે તેઓ સતત મુસાફરીથી અંતર જાળવવા ઈચ્છે છે.

ચેન્નાઈના વતની કમલેશ જૈન જૂન 2022માં ભારતીય ટીમના સપોર્ટ સ્ટાફનો હિસ્સો બન્યા હતા.

તેમણે નીતિન પટેલનું સ્થાન લીધું હતું, જેઓ તે સમયે બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) માં જોડાયા હતા.

કમલેશ જૈન અગાઉ IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સાથે કામ કરી ચૂક્યા હતા. રાહુલ દ્રવિડના મુખ્ય કોચ તરીકેના કાર્યકાળ દરમિયાન BCCI દ્વારા તેમની ટીમ ઈન્ડિયામાં નિમણૂક કરવામાં આવી હતી.

કમલેશ જૈનનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફમાં એક પછી એક ફેરફારો જોવા મળી રહ્યા છે:

તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસ પછી લાંબા સમય સુધી સેવા આપનાર ફિલ્ડિંગ કોચ ટી. દિલીપે ટીમ ઈન્ડિયાનો સાથ છોડી દીધો હતો.

આસિસ્ટન્ટ કોચ રયાન ટેન ડોશેટ પણ ભારતીય ટીમથી અલગ થઈ ચૂક્યા છે અને તેઓ હવે KKR સાથે જોડાઈ ગયા છે.

# ઈંગ્લેન્ડમાં 10 વિકેટો ઝડપી ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિનરે કોચ-પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું

**લંડન, તા.11**

ભારતીય ટીમમાં સતત અવગણના અને મર્યાદિત તકો વચ્ચે ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવે મેદાન પર પોતાની તાકાત બતાવીને તમામને ચોંકાવી દીધા છે. ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન-1માં યોર્કશાયર તરફથી રમતાં કુલદીપે એસેક્સ સામે 120 રન આપીને 10 વિકેટ ઝડપી લીધી છે. કુલદીપે પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં પ્રથમ વખત એક મેચમાં 10 વિકેટ લેવાની અનોખી સિદ્ધિ મેળવી છે. આ દમદાર પ્રદર્શન દ્વારા તેણે ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર અને પસંદગીકારો સમક્ષ પોતાની દાવેદારી મજબૂતીથી રજૂ કરી દીધી છે.

લીડ્ઝના હેડિંગ્લે ખાતે રમાયેલી આ મેચમાં કુલદીપ યાદવે બંને ઈનિંગ્સમાં કાતિલાન બોલિંગનું પ્રદર્શન કર્યું હતું: પ્રથમ ઈનિંગ્સ: 70 રન આપીને 4 વિકેટ ઝડપી. બીજી ઈનિંગ્સ: 50 રન આપીને 6 બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા.



કુલદીપની સ્પિન જાળ સામે એસેક્સની ટીમ પહેલી ઈનિંગ્સમાં 171 અને બીજી ઈનિંગ્સમાં માત્ર 113 રનમાં સમેટાઈ ગઈ હતી. યોર્કશાયરે આ મુકાબલો ઈનિંગ્સ અને 106 રનના મોટા માર્જિનથી જીતી લીધો હતો.

આ ઉપરાંત યોર્કશાયરના પ્રથમ ઈનિંગ્સના 390 રનના સ્કોરમાં પણ કુલદીપે બેટિંગથી મહત્ત્વનું યોગદાન આપતાં 94 બોલમાં 4 ચોગ્ગાની મદદથી ઉપયોગી 36 રન ફટકાર્યા હતા.

હેડિંગ્લેની પિચ પર બોલિંગ કરવા અંગે કુલદીપે રસપ્રદ વિગતો શેર કરતાં જણાવ્યું હતું કે: "અહીં બોલિંગ કરતી વખતે બોલ વધુ ઝડપથી ફેંકવાની જરૂર નહોતી, કારણ કે પિચમાં પહેલાંથી જ પૂરતી ગતિ હતી જે ટપ્પો પડ્યા બાદ બેટ્સમેનો માટે મુશ્કેલી ઊભી કરતી હતી. ભારતમાં પિચો સામાન્ય રીતે ધીમી હોય છે, જેના લીધે બેટ્સમેનોને શૉટ્સ રમવા માટે પૂરતો સમય મળી રહે છે. જ્યારે ઈંગ્લેન્ડમાં બોલની વધારાની ઝડપના લીધે બેટ્સમેન બેકફૂટ પર જતાં જ વિકેટકીપરની પાછળ, સ્લિપ કે શોર્ટ લેગ પર કેચના ચાન્સ વધુ ઊભા થાય છે."

કુલદીપ યાદવ માટે તાજેતરનો સમય ઘણો મુશ્કેલ રહ્યો છે: શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોની સીરિઝમાં પ્રથમ ટેસ્ટ દરમિયાન ભારતીય સ્પિનરોમાં તેને સૌથી ઓછી ઓવરો બોલિંગ કરવા મળી હતી. બીજી ટેસ્ટમાં તો તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી દઈને સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર સારાંશ જૈનને તક આપવામાં આવી હતી (જોકે સારાંશ જૈન તે મેચમાં કોઈ ખાસ પ્રભાવ પાડી શક્યો નહોતો).

આટલું જ નહીં, અફઘાનિસ્તાન સામેની T20I સીરિઝ અને એશિયન ગેમ્સ 2026 માટે પણ કુલદીપને ટીમ ઈન્ડિયાની સ્ક્વોડમાં સ્થાન આપવામાં આવ્યું નથી. આવા સમયે કાઉન્ટીમાં 10 વિકેટનું આ મેચ વિનિંગ પ્રદર્શન તેના આત્મવિશ્વાસ માટે સંજીવની સમાન છે.

# રત્ના અને સુપ્રિયા પાઠકની 'વર્કિંગ સ્ટાઈલ' સાવ અલગ છે - દેવેન ભોજાણી

**મુંબઈ, તા.11**

ત્રણ દાયકાથી વધુ સમયથી અભિનય ક્ષેત્રમાં સક્રિય દેવેન ભોજાણી અભિનેતા ઉપરાંત દિગ્દર્શક તરીકે પણ પોતાની ઓળખ બનાવી ચૂક્યા છે. 'દેખ ભાઈ દેખ', 'સારાભાઈ વર્સેસ સારાભાઈ' જેવી લોકપ્રિય કોમેડી સિરિયલોથી લઈને ગુજરાતી ફિલ્મો સુધી તેમણે કામ કર્યું છે. હવે 'ચુંબક'માં તેઓ ફરી અભિનેતા તરીકે જોવા મળશે. 'ચુંબક'માં દેવેન ભૂલકણા પતિની ભૂમિકા ભજવે છે, જે પોતાની પત્નીનું નામ પણ ભુલી જાય છે. તેમની જોડી નીના ગુપ્તા સાથે છે. દેવેનના મતે બંનેની અભિનય શૈલી અલગ હોવાથી શરૂઆતમાં સાથે કામ કરવું પડકારજનક હતું.



આ અનુભવ તેમને રત્ના પાઠક અને સુપ્રિયા પાઠક સાથેના દિગ્દર્શનના દિવસોની યાદ અપાવે છે. દેવેન બંને બહેનો સાથે કામ કરી ચૂક્યા છે– 'સારાભાઈ વર્સેસ સારાભાઈ'માં રત્ના પાઠક અને 'ખિચડી'માં સુપ્રિયા પાઠકને તેમણે ડિરેક્ટ કર્યાં હતાં.

દેવેન કહે છે કે બંને બહેનો પ્રતિભાશાળી છે, પરંતુ તેમની કામ કરવાની પદ્ધતિ અલગ છે. તેમના મતે રત્ના પાઠકની શૈલી તેમની પોતાની જેમ વધુ તૈયારી આધારિત છે, જ્યારે સુપ્રિયા પાઠક અને નીના ગુપ્તા વધુ સ્પોન્ટેનિયસ કલાકારો છે. નીના સાથે કામ કરતી વખતે તેમણે આ તફાવત શરૂઆતના થોડા દિવસોમાં જ સમજી લીધો હતો. બાદમાં બંનેએ એકબીજાની શૈલીનું સન્માન કરીને કામ કરવાની સામાન્ય રીત શોધી કાઢી.

દેવેન માટે દિગ્દર્શન શરૂઆતમાં અભિનય ન ચાલે તો એક 'બેકઅપ' યોજના હતી. 'જો અભિનય નહીં ચાલે તો દિગ્દર્શન પણ શીખી લઉં' એવી વિચારસરણી સાથે તેમણે 'જો જીતા વહી સિકંદર'માં અભિનેતા ઉપરાંત આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું.

# રાની મુખરજીને 'રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રિબ્યુશન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી

**મુંબઈ, તા.11**

મુંબઈમાં યોજાયેલા 62મા મહારાષ્ટ્ર સ્ટેટ ફિલ્મ એવોર્ડ્સ સમારોહમાં અભિનેત્રી રાની મુખર્જીને 'રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રિબ્યુશન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાનીને આ એવોર્ડ એનાયત કર્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક બાબતોના મંત્રી આશિષ શેલાર સહિત ફિલ્મ જગતની અનેક હસ્તીઓ હાજર રહી હતી. ભારતીય સિનેમામાં રાની મુખર્જીના લાંબા સમયના યોગદાન અને મુંબઈ તથા મહારાષ્ટ્ર સાથેના તેનાં ગાઢ સંબંધને ધ્યાનમાં રાખીને આ સન્માન આપવામાં આવ્યું છે. મુંબઈમાં જન્મેલી અને ઉછરેલી રાનીએ દાયકાઓની કારકિર્દીમાં વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. 'કુછ કુછ હોતા હૈ', 'હમ તુમ', 'બન્ટી ઔર બબલી', 'બ્લૅક', 'તલાશ',



'હિચકી' અને 'મિસિસ ચેટર્જી વર્સેસ નોર્વે' જેવી ફિલ્મો તેની કારકિર્દીનાં મહત્વના પડાવ રહ્યા છે. એવોર્ડ સ્વીકારતી વખતે રાનીએ મહારાષ્ટ્ર સાથેના પોતાના સંબંધને યાદ કર્યો. તેણે કહ્યું કે મહારાષ્ટ્ર તેનાં માટે માત્ર એક રાજ્ય નથી. તે તેની જન્મભૂમિ, કર્મભૂમિ અને જીવનનો અભિન્ન હિસ્સો છે.

મુંબઈએ તેને ઓળખ, દર્શકો અને કારકિર્દી આપ્યા હોવાનું જણાવતાં રાનીએ કહ્યું કે આ શહેર તેનું ઘર અને સુરક્ષિત સ્થળ રહ્યું છે. તેથી આ એવોર્ડ તેનાં માટે વિશેષ સ્થાન ધરાવે છે. રાનીએ પોતાની ભૂમિકાઓ અંગે પણ વાત કરી. તેનાં મતે તેણે હંમેશાં એવી યુવતીઓ અને મહિલાઓને પડદા પર રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે, જેઓ પોતાનાં જીવનનાં નિર્ણયો પોતે લે છે. તેની પસંદગીની ભૂમિકાઓમાં હિંમત, ખામીઓ અને સંઘર્ષ સાથે આગળ વધતી મહિલાઓ જોવા મળી છે.

# 'દૃશ્યમઃ ધ કન્ક્લૂઝન'માં હવે અજય દેવગન સામે જયદીપ અહલાવતની ટક્કર

- **વિજય સાલગાંવકરની દુનિયાનાં રહસ્યો અંતિમ અધ્યાયમાં પહોંચશે**

**મુંબઈ, તા.11**

'દશ્યમ' ફ્રેન્ચાઈઝી ભારતીય સિનેમાની સૌથી લોકપ્રિય ફેમિલી થ્રિલર સિરીઝમાં સ્થાન મેળવી ચૂકી છે. વિજય સાલગાંવકરની ચાલાકી, તેના પરિવારને બચાવવાની કોશિશ અને પોલીસથી એક ડગલું આગળ રહેવાની તેની રમતે દર્શકોને લાંબા સમયથી જકડી રાખ્યા છે. હવે આ કહાનીના અંતિમ અધ્યાયનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે.



'દશ્યમઃ ધ કન્ક્લૂઝન'માં અજય દેવગન ફરી વિજય સાલગાંવકરની ભૂમિકામાં જોવા મળશે. જોકે, આ વખતે તેની સામે વધુ પડકારજનક પોલીસ અધિકારી છે. હવે ફિલ્મમાં જયદીપ અહલાવત એસપી ક્રાઈમ બ્રાન્ચ રાજવીર સિંહ તોમરની ભૂમિકામાં છે. તેનું પાત્ર વિજયના ભૂતકાળના રહસ્યોનો પર્દાફાશ કરવા માટે મક્કમ છે. પ્રકાશ રાજની એન્ટ્રી પણ સંઘર્ષને વધુ ઉગ્ર બનાવે છે. ફિલ્મની કહાની 'દશ્યમ 2' જ્યાં પૂરી થઈ હતી ત્યાંથી આગળ વધે છે. જોકે, નિર્માતાઓએ આ વખતે નવી કહાની અને સંપૂર્ણપણે નવી પટકથા તૈયાર કરી છે. જૂના રહસ્યો ફરી સામે આવી રહ્યા છે. વણઉકેલાયેલા સવાલો વિજયની નજીક આવી રહ્યા છે. બીજી તરફ, નવા પોલીસ અધિકારીની એન્ટ્રીથી તેની મુશ્કેલીઓ વધી રહી છે.

તબુ, શ્રિયા સરન અને રજત કપૂર પણ પોતાની અગાઉની ભૂમિકાઓમાં પરત ફર્યાં છે. કમલેશ સાવંત, ઈશિતા દત્તા અને મૃણાલ જાધવ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મનાં ટ્રેલર લોન્ચ માટે નિર્માતાઓએ ગોવાની પસંદગી કરી હતી. 'દશ્યમ'ની કહાની સાથે ગોવાનો ગાઢ સંબંધ હોવાથી અહીં મીડિયા અને ઈન્ફ્લુએન્સર્સ માટે ખાસ અનુભવનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મના જાણીતા સ્થળોની મુલાકાત બાદ પણજીમાં ટ્રેલરનું ભવ્ય લોન્ચિંગ થયું હતું. અભિષેક પાઠકના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મની પટકથા અભિષેક પાઠક, આમિલ કીયાન ખાન અને પરવીઝ શેખે લખી છે.

# મહેશ બાબુ અને પ્રિયંકાની 'વારાણસી' હવે શૂટિંગના અંતિમ તબક્કામાં

**મુંબઈ, તા.11**

એસ.એસ. રાજામૌલીની મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા જોનાસ અને પૃથ્વીરાજ સુકુમારન સ્ટારર ફિલ્મ 'વારાણસી' હવે શૂટિંગના અંતિમ તબક્કામાં પહોંચી હોવાના અહેવાલ છે. ફિલ્મ 7 એપ્રિલ, 2027ના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે.

આ અંગેના અહેવાલ મુજબ ફિલ્મનું લગભગ 90 ટકા શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. ફિલ્મના મોટા ભાગના શૂટિંગ શેડ્યુલ પૂરા થયા બાદ હવે ટીમ એક ભવ્ય ઈન્ટ્રોડક્શન સિક્વન્સનું શૂટિંગ કરવાની તૈયારીમાં છે. જોકે, આ અંગે નિર્માતાઓ તરફથી સત્તાવાર જાહેરાત થઈ નથી.

શૂટિંગની સાથે ફિલ્મનું ડબિંગ, એડિટિંગ, બેકગ્રાઉન્ડ સ્કોર અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સનું કામ પણ આગળ વધી રહ્યું છે. વિશાળ પાયે તૈયાર થઈ રહેલી આ ફિલ્મમાં એક્શન, સાહસ અને પૌરાણિક



તત્ત્વોનું સંયોજન જોવા મળશે.

'વારાણસી'ની વાર્તા 2027ની પૃષ્ઠભૂમિમાં છે. શંભવી નામનો વિશાળ એસ્ટ્રોઈડ વારાણસી તરફ આગળ વધી રહ્યો છે અને માનવજાત સામે મોટું સંકટ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં પુરાતત્ત્વવિદ અને એક્સપ્લોરર રુદ્રને એક પ્રાચીન કોસ્મિક આર્ટિફેક્ટ શોધવાની જવાબદારી સોંપવામાં આવે છે. તેની સાથે ઈતિહાસકાર અને નિષ્ણાત માર્ક્સમેન મંદાકિની જોડાય છે.

કહાની આફ્રિકાના જંગલો, એન્ટાર્કટિકાના બરફીલા પ્રદેશો અને યુરોપના વિવિધ સ્થળો સુધી પહોંચે છે. તેમની પાછળ ટેકનોલોજીમાં નિષ્ણાત વિલન કુંભા પડ્યો છે. ફિલ્મનો મોટો ભાગ વીએફએક્સ પર આધારિત હોવાથી પોસ્ટ-પ્રોડક્શન પણ તેની ભવ્યતામાં મહત્વની ભૂમિકા ભજવશે. રાજામૌલી ફિલ્મનાં ડબિંગને પણ માત્ર અનુવાદ પૂરતું રાખવા માગતા નથી. અહેવાલ મુજબ ટીમે વિવિધ ભાષાઓ માટે 1,500થી વધુ અવાજોનું ઓડિશન કર્યા બાદ કલાકારોની પસંદગી કરી છે. ફિલ્મ ભારતીય ભાષાઓ ઉપરાંત ફ્રેન્ચ, સ્પેનિશ, જર્મન, અરબી, જાપાનીઝ અને કોરિયન સહિત લગભગ 50 ભાષાઓમાં રિલીઝ થવાની અપેક્ષા છે.

# ચાંદી ₹3,742 ઘટીને ₹2.30 લાખ પ્રતિ કિલો પર આવી: સોનું ₹269 સસ્તું થઈને ₹1.53 લાખનું 10 ગ્રામ થયું

નવી દિલ્હી, તા.11

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 11 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારમાં કિંમતી ધાતુઓના ભાવમાં સતત ઉતાર-ચઢાવ વચ્ચે આજે સોના તેમજ ચાંદી બંનેના ભાવમાં નરમાઈ જોવા મળી હતી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં 269 રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે સોનાનો ભાવ ઘટીને 1,53,018 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર આવી ગયો છે.

ચાંદીના બજારમાં પણ આજે નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. એક કિલો ચાંદીની કિંમતમાં 3,742 રૂપિયાનો ઘટાડો થતાં તેનો ભાવ લગભગ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સોના અને ચાંદી બંનેમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે અને રોકાણકારો તેમજ સામાન્ય ખરીદદારો બંને કિંમતોની દિશા પર નજીકથી નજર રાખી રહ્યા છે.

કેરેટ પ્રમાણે સોનાના ભાવમાં પણ તફાવત જોવા મળે છે. આજે 24 કેરેટ સોનાની કિંમત 1,53,018 રૂપિયા પ્રતિ 10 ગ્રામ નોંધાઈ છે. 22 કેરેટ સોનાનો ભાવ 1,40,164 રૂપિયા પ્રતિ 10 ગ્રામ રહ્યો છે, જ્યારે 18 કેરેટ સોનાની કિંમત 1,14,764 રૂપિયા પ્રતિ 10 ગ્રામ નોંધાઈ છે. 14 કેરેટ સોનાનો ભાવ 89,516 રૂપિયા પ્રતિ 10 ગ્રામ રહ્યો છે. ઘરેણાં ખરીદતા ગ્રાહકો માટે ખાસ કરીને 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ મહત્વપૂર્ણ હોય છે, જ્યારે 24 કેરેટ સોનું સામાન્ય રીતે સૌથી વધુ શુદ્ધ માનવામાં આવે છે.

આ વર્ષ દરમિયાન સોનાની કિંમતોમાં મોટો વધારો જોવા મળ્યો હોવા છતાં વચ્ચે વચ્ચે ઘટાડાના તબક્કાઓ પણ આવ્યા છે. વર્ષ 2026ની શરૂઆતથી અત્યાર સુધીમાં સોનું અંદાજે 20 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત આશરે 1.33 લાખ રૂપિયા હતી, જે હવે વધીને 1.53 લાખ રૂપિયાની આસપાસ પહોંચી ગઈ છે. આથી સ્પષ્ટ થાય છે કે લાંબા ગાળાના દૃષ્ટિકોણથી સોનાએ રોકાણકારોને મજબૂત વળતર આપ્યું છે, જોકે ટૂંકા ગાળામાં તેની કિંમતોમાં ભારે વધઘટ જોવા મળી રહી છે.



ચાંદીના ભાવમાં પણ આ સમયગાળા દરમિયાન ભારે હલચલ જોવા મળી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ લગભગ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતો અને હાલમાં પણ તે લગભગ આ જ સ્તરની આસપાસ જોવા મળી રહી છે. જોકે વર્ષ દરમિયાન ચાંદીના ભાવમાં મોટા ઉછાળા અને ઘટાડા બંને નોંધાયા છે. કિંમતી ધાતુઓના બજારમાં એક સમયે એવી સ્થિતિ પણ આવી હતી કે સોના અને ચાંદી બંનેએ નવા રેકોર્ડ બનાવ્યા હતા.

29 જાન્યુઆરીએ સોનાએ લગભગ 1.76 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામની ઓલટાઈમ હાઈ નોંધાવી હતી. એ જ સમયગાળામાં ચાંદી પણ લગભગ 3.86 લાખ રૂપિયા પ્રતિ કિલોના રેકોર્ડ સ્તર સુધી પહોંચી ગઈ હતી. ત્યારબાદ બંને કિંમતી ધાતુઓના ભાવમાં નફાવસૂલી અને બજારની બદલાતી પરિસ્થિતિઓને કારણે ઘટાડો જોવા મળ્યો હતો. હાલમાં સોના અને ચાંદીના ભાવ તેમના સર્વોચ્ચ સ્તર કરતાં નીચે છે, પરંતુ લાંબા ગાળે કિંમતોમાં ફરી તેજી આવવાની શક્યતા અંગે બજાર નિષ્ણાતો આશાવાદી દેખાઈ રહ્યા છે.

બજાર નિષ્ણાતોના મતે સોનાને માત્ર સામાન્ય રોકાણકારો તરફથી જ નહીં પરંતુ વિશ્વભરની કેન્દ્રીય બેંકો તરફથી પણ મજબૂત ટેકો મળી રહ્યો છે. કોટક સિક્યોરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના જણાવ્યા અનુસાર વિવિધ દેશોની કેન્દ્રીય બેંકો, જેમાં આરબીઆઈ જેવી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે, સતત સોનાની ખરીદી કરી રહી છે. કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની વધતી ખરીદીને કારણે લાંબા ગાળે કિંમતોને ટેકો મળી રહ્યો હોવાનું માનવામાં આવે છે.

વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા, ભૌગોલિક રાજકીય તણાવ અને નાણાકીય બજારોમાં વધતી અસ્થિરતાના સમયમાં રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોનાને મહત્વ આપે છે. આવી પરિસ્થિતિમાં સોનાની માંગ વધતી હોવાથી તેના ભાવને મજબૂતી મળી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે આગામી સમયમાં પડકારજનક પરિસ્થિતિઓ યથાવત રહેશે તો સોનામાં તેજીનો ટ્રેન્ડ ચાલુ રહી શકે છે.

જો વૈશ્વિક અને આર્થિક પરિસ્થિતિઓમાં સુધારો જોવા મળશે તો ચાંદીમાં પણ વધુ તેજી આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ચાંદીનો ઉપયોગ માત્ર રોકાણ માટે જ નહીં પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રોમાં પણ મોટા પ્રમાણમાં થાય છે. તેથી આર્થિક પ્રવૃત્તિઓ અને ઔદ્યોગિક માંગમાં વધારો થાય તો ચાંદીના ભાવને વધારાનો ટેકો મળી શકે છે.

હાલની બજાર પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને નિષ્ણાતોએ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી પહોંચી શકે તેવી શક્યતા વ્યક્ત કરી છે. ચાંદીનો ભાવ પણ આગામી મહિનાઓમાં વધીને 3 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી જઈ શકે છે તેવી ધારણા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે કિંમતી ધાતુઓના બજાર પર આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ, ડોલરની ચાલ, વ્યાજદરો અને રોકાણકારોની માંગ જેવા અનેક પરિબળોની અસર રહેતી હોવાથી ભાવમાં ઉતાર-ચઢાવ ચાલુ રહી શકે છે.

# NSEએ IPOનો પ્રાઈસ બેન્ડ ₹1700-1785 નક્કી કર્યો: 17 થી 21 સપ્ટેમ્બર સુધી રોકાણકારો બોલી લગાવી શકશે

મુંબઈ, તા.11

નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે NSEએ તેના IPOના પ્રાઈસ બેન્ડની જાહેરાત કરી દીધી છે. કંપનીએ ઈશ્યૂનો પ્રાઈસ બેન્ડ 1,700 થી 1,785 પ્રતિ શેર નક્કી કર્યો. કંપનીનો આ ઈશ્યૂમાંથી આશરે 22,562 કરોડ એકત્ર કરવાનો પ્લાન છે.

અપર પ્રાઈસ બેન્ડ પર કંપનીનું કુલ વેલ્યુએશન 4.42 લાખ કરોડ આંકવામાં આવ્યું છે. NSEનો આ ઈનિશિયલ પબ્લિક ઓફર 17 સપ્ટેમ્બરના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને રોકાણકારો તેમાં 21 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. એન્કર ઈન્વેસ્ટર્સ એટલે કે મોટા રોકાણકારો માટે શેરનું એલોકેશન 16 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે.

IPO હેઠળ શેરનું એલોટમેન્ટ 22 સપ્ટેમ્બરના રોજ થશે. જેમને શેર એલોટ નહીં થાય, તેમને 23 સપ્ટેમ્બરના રોજ રિફંડ પ્રોસેસ કરી દેવામાં આવશે.

આ જ દિવસે જે રોકાણકારોને શેર એલોટ થયા છે, તેમના ડિમેટ એકાઉન્ટમાં શેર ક્રેડિટ કરી દેવામાં આવશે. કંપનીના શેર 24 સપ્ટેમ્બરના રોજ BSE પર લિસ્ટ થવાની સંભાવના છે.

આ IPO માટે રિટેલ રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 8 શેર માટે અરજી કરી શકે છે. જો તમે IPOના અપર પ્રાઈસ બેન્ડ



1785 મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,280નું રોકાણ કરવું પડશે.

જ્યારે રિટેલ રોકાણકારો IPOના વધુમાં વધુ 14 લોટ એટલે કે 112 શેર માટે બિડિંગ કરી શકે છે. જેના માટે રોકાણકારોએ વધુમાં વધુ 1,99,920નું રોકાણ કરવું પડશે.

કંપનીના ઈશ્યૂનો લગભગ 50% હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB) માટે અનામત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, લગભગ 35% હિસ્સો રિટેલ ઈન્વેસ્ટર્સ અને લગભગ 15% હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (NII) માટે અનામત છે.

કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (RHP) અનુસાર, IPO હેઠળ વેચવામાં આવનાર શેરની સંખ્યા 14.89 કરોડથી ઘટાડીને 12.64 કરોડ કરવામાં આવી છે.

આ ઓફર સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) હશે, એટલે કે, આ હેઠળ કોઈ પણ નવા શેર જારી કરવામાં આવશે નહીં. આ વેચાણ કંપનીની કુલ ઈક્વિટી કેપિટલનો લગભગ 5.1% હિસ્સો છે, જેને અગાઉ 6% વેચવાનો પ્રસ્તાવ હતો.

નેટ પ્રોસીડ્સ એટલે કે ટેક્સ અને ખર્ચાઓ પછી બાકી રહેલી રકમ સંપૂર્ણપણે શેર વેચનારા હાલના શેરધારકોને મળશે. આ IPO નો મુખ્ય ઉદ્દેશ્ય ફક્ત લિસ્ટિંગ અને OFS ને સરળ બનાવવાનો છે. કંપનીએ જૂન 2026માં ફાઈલ કરેલા ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP)ની સરખામણીમાં ઈશ્યૂ સાઈઝમાં લગભગ 15%નો ઘટાડો કર્યો છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ 4 સપ્ટેમ્બર 2026ના રોજ આ DRHPને મંજૂરી આપી હતી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે SBI આ IPO માં ઓફર ફોર સેલ દ્વારા સૌથી વધુ શેર વેચનાર શેરહોલ્ડર છે. SBI તેના 1.59 કરોડ ઈક્વિટી શેર વેચી રહ્યું છે.

આ ઉપરાંત, કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ 1.18 કરોડ શેર, અરંડા ઈન્વેસ્ટમેન્ટ્સ (મોરેશિયસ) 1.12 કરોડ શેર, એમએસ સ્ટ્રેટેજિક (મોરેશિયસ) 1.10 કરોડ શેર અને ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની 1.05 કરોડ શેર વેચશે. 10 સપ્ટેમ્બરે ફાઈલ થયેલા RHP (RHP) મુજબ, SBI, એમએસ સ્ટ્રેટેજિક, બેંક ઓફ બરોડા, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ વેચવામાં આવનાર શેરોની સંખ્યા ઘટાડી છે.

# દેશભરમાં આજે બેંકોની હડતાળ: 5-દિવસીય કાર્યની માગ પર બેંક કર્મચારીઓ અડગ

નવી દિલ્હી, તા.11

SBI, PNB અને યુનિયન બેંક સહિત દેશભરની સરકારી અને કેટલીક ખાનગી બેંકો આજથી સતત ત્રણ દિવસ બંધ રહેશે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા 2 વર્ષથી અટકેલી 5-દિવસીય કાર્યપ્રણાલીની માગને લઈને શુક્રવારે એક દિવસની હડતાળની જાહેરાત કરવામાં આવી છે.

ત્યારબાદ, 12 સપ્ટેમ્બરે મહિનાનો બીજો શનિવાર અને 13 સપ્ટેમ્બરે રવિવાર હોવાને કારણે બેંક શાખાઓ બંધ રહેશે. જો સરકાર અને બેંક મેનેજમેન્ટે માંગણીઓ નહીં સ્વીકારે, તો 26 ઓક્ટોબરથી દેશભરની બેંકોમાં અનિશ્ચિતકાલીન હડતાળ શરૂ થઈ જશે. બેંકોએ તેમના ગ્રાહકોને જણાવ્યું છે કે હડતાળને કારણે શાખા સ્તરની સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. જોકે, આ સમયગાળા દરમિયાન UPI, મોબાઈલ બેંકિંગ અને ATM જેવી ડિજિટલ સેવાઓ ચાલુ રહેશે.

UFBU નું કહેવું છે કે 8 માર્ચ 2024 ના રોજ ઈન્ડિયન બેંક્સ એસોસિએશન એટલે કે IBA સાથે 12મા દ્વિપક્ષીય કરાર અને 9મા સંયુક્ત નોટ પર હસ્તાક્ષર થયા હતા. તેમાં 5-દિવસીય બેંકિંગ લાગુ કરવા પર સહમતિ બની



હતી. આ અંતર્ગત કર્મચારીઓ સોમવારથી શુક્રવાર સુધી દરરોજ 40 મિનિટ વધુ કામ કરશે.

IBAએ આ પ્રસ્તાવને મંજૂરી આપીને કેન્દ્ર સરકાર પાસે મોકલ્યો હતો, પરંતુ બે વર્ષથી વધુ સમય વીતી ગયા પછી પણ નાણા મંત્રાલય તરફથી તેને મંજૂરી મળી નથી.

હાલમાં બેંકોમાં મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા રહે છે. નવો પ્રસ્તાવ અમલમાં આવતા દર શનિવારે રજા રહેશે. તેના બદલે સોમવારથી શુક્રવાર સુધી કામકાજનો સમય દરરોજ 40 મિનિટ વધી જશે. નવી PLI સ્કીમ પર વિવાદ: વરિષ્ઠ અધિકારીઓને ફાયદો, નીચલા સ્ટાફ સાથે ભેદભાવ યુનિયનોએ નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ દ્વારા જારી કરાયેલી નવી PLI ગાઈડલાઈન્સનો વિરોધ કર્યો છે. યુનિયનોનો આરોપ છે કે આ સ્કીમ ભેદભાવપૂર્ણ છે: સ્કેલ IV અને તેથી ઉપરના અધિકારીઓ: વ્યક્તિગત પ્રદર્શનના આધારે 365 દિવસ સુધીના બેઝિક પે જેટલું PLI મળશે. વર્કમેન અને સ્કેલ I થી III ના કર્મચારીઓ: તેમને વધુમાં વધુ માત્ર 15 દિવસનો બેઝિક પે + DA જ મળશે.

UFBU દલીલ કરે છે કે PLI સંપૂર્ણપણે બેંકના એકંદર પ્રદર્શન પર આધારિત હોવું જોઈએ અને સ્કેલ VII સુધીના તમામ કર્મચારીઓને સમાન દિવસોનું પ્રોત્સાહન મળવું જોઈએ. આ નવો નિયમ IBA અને યુનિયનો વચ્ચે થયેલા કરારનું ઉલ્લંઘન છે.

PLI સ્કીમને લઈને વિવાદ હવે મુખ્ય શ્રમ આયુક્ત સમક્ષ સમાધાન પ્રક્રિયા હેઠળ પેન્ડિંગ છે. આ ઉપરાંત, આ મામલાને દિલ્હી હાઈકોર્ટમાં પણ પડકારવામાં આવ્યો છે. યુનિયનોએ દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઈન્સેન્ટિવ સ્કીમમાં સુધારો કરવાની માગ કરી છે.

હડતાળના મુખ્ય કારણો ઉપરાંત, બેંક યુનિયનોએ ઘણી જૂની માંગણીઓ પણ ફરી ઉઠાવી છે: તમામ પેન્શનરો માટે પેન્શન અપડેશન અને સુધારણા. તમામ નિવૃત્ત કર્મચારીઓ માટે એક સમાન મોંઘવારી ભથ્થાનું ફોર્મ્યુલા. NPS હેઠળ આવતા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સ્વિચ કરવાનો વિકલ્પ.

# IMFએ કહ્યું- ભારત વિશ્વનું ગ્રોથ એન્જિન છે: GDP ગ્રોથ અનુમાન કરતાં 7.8% વધુ રહી, ઊર્જા સંકટ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત

નવી દિલ્હી, તા.11

ભારતની અર્થવ્યવસ્થાએ વૈશ્વિક સ્તરે ચાલી રહેલા પડકારો, ઊર્જા ક્ષેત્રની અનિશ્ચિતતા અને વિવિધ આર્થિક દબાણો વચ્ચે પણ પોતાની મજબૂત વૃદ્ધિની ગતિ જાળવી રાખી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા એટલે કે એપ્રિલથી જૂન દરમિયાન દેશનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર 7.8 ટકા નોંધાયો છે. આ વૃદ્ધિ દર માત્ર ભારતની આર્થિક મજબૂતી દર્શાવતો નથી, પરંતુ વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની વધતી મહત્વપૂર્ણ ભૂમિકાને પણ ઉજાગર કરે છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ એટલે કે IMFએ ભારતના આર્થિક પ્રદર્શનની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે દેશનો વિકાસ દર તેમની અગાઉની અપેક્ષાઓ અને બજાર નિષ્ણાતોના અંદાજ કરતાં વધુ સારો રહ્યો છે. મજબૂત સેવા ક્ષેત્ર અને નિકાસમાં જોવા મળેલી સારી ગતિવિધિઓએ ભારતીય અર્થતંત્રને મહત્વપૂર્ણ ટેકો આપ્યો હોવાનું IMFએ જણાવ્યું છે. વૈશ્વિક સ્તરે અનેક દેશો ધીમી આર્થિક વૃદ્ધિ અને મોંઘવારીના દબાણનો સામનો કરી રહ્યા છે ત્યારે ભારતનું આ પ્રદર્શન ખાસ મહત્વ ધરાવે છે.

IMFના પ્રવક્તા જુલી કોજાકે પ્રેસ બ્રીફિંગ દરમિયાન ભારતના પ્રથમ ત્રિમાસિકના જીડીપી આંકડાઓ અંગે સકારાત્મક અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એપ્રિલથી જૂન દરમિયાન નોંધાયેલો 7.8 ટકાનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર IMFના અનુમાન કરતાં વધુ રહ્યો છે. બજાર નિષ્ણાતોએ પણ જે સ્તરની વૃદ્ધિની ધારણા વ્યક્ત કરી હતી તેની સરખામણીએ ભારતનું પ્રદર્શન વધુ મજબૂત રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

જુલી કોજાકના જણાવ્યા અનુસાર ભારતીય અર્થતંત્રને સેવા ક્ષેત્રમાંથી ખાસ મજબૂતી મળી છે. દેશમાં નાણાકીય સેવાઓ, વેપાર, પરિવહન, સંચાર અને અન્ય સેવા આધારિત પ્રવૃત્તિઓમાં થયેલી વૃદ્ધિએ સમગ્ર અર્થતંત્રને વેગ આપ્યો છે. આ ઉપરાંત નિકાસ ક્ષેત્રમાં જોવા મળેલી સારી કામગીરીએ પણ જીડીપી વૃદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

વૈશ્વિક સ્તરે ઊર્જાના ભાવમાં થતી વધઘટ અને પુરવઠા સંબંધિત



ચિંતાઓ વચ્ચે પણ ભારતે પોતાની આર્થિક ગતિ જાળવી રાખી હોવાનું IMFએ નોંધ્યું છે. ઊર્જા કિંમતોમાં વધારો સામાન્ય રીતે આયાત પર આધારિત દેશો માટે મોટો પડકાર બની શકે છે, કારણ કે તેનાથી ઉત્પાદન ખર્ચ, પરિવહન ખર્ચ અને મોંઘવારી પર અસર પડે છે. તેમ છતાં ભારતના મજબૂત સ્થાનિક બજાર અને વિવિધ આર્થિક ક્ષેત્રોની કામગીરીએ વિકાસની ગતિને જાળવી રાખવામાં મદદ કરી છે.

IMFના મતે ભારતનું આ પ્રદર્શન દર્શાવે છે કે ઊર્જા સંબંધિત આંચકા અને વૈશ્વિક અનિશ્ચિતતા છતાં દેશની આર્થિક વ્યવસ્થા મજબૂત સ્થિતિમાં છે. જુલી કોજાકે ભારતને વૈશ્વિક અર્થતંત્ર માટે એક મહત્વપૂર્ણ 'ગ્રોથ એન્જિન' તરીકે પણ રજૂ કર્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ રહ્યું છે અને આ નવા આંકડાઓએ તેની આ સ્થિતિને વધુ મજબૂત બનાવી છે.

ભારતના પ્રથમ ત્રિમાસિકનો 7.8 ટકાનો વૃદ્ધિ દર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે RBIના અગાઉના અંદાજ કરતાં પણ વધુ રહ્યો છે. આરબીઆઈએ આ સમયગાળા માટે આશરે 7 ટકાના વિકાસ દરનો અંદાજ વ્યક્ત કર્યો હતો. જોકે વાસ્તવિક આંકડો 7.8 ટકા નોંધાતા ભારતીય અર્થતંત્રની ગતિ અપેક્ષા કરતાં વધુ મજબૂત હોવાનું સામે આવ્યું છે.

આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય એટલે કે MoSPI દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર પ્રથમ ત્રિમાસિક દરમિયાન દેશની રિયલ જીડીપી 81.36 લાખ કરોડ રૂપિયા રહી હતી. પાછલા નાણાકીય વર્ષ એટલે કે FY26ના આ જ સમયગાળા દરમિયાન દેશની રિયલ જીડીપી 75.46 લાખ કરોડ રૂપિયા નોંધાઈ હતી. બંને સમયગાળાના આંકડાઓની સરખામણી કરતાં દેશના ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

IMFએ ભારત દ્વારા જીડીપીની ગણતરી અને આર્થિક આંકડાકીય વ્યવસ્થામાં કરવામાં આવેલા આધુનિકીકરણને પણ સકારાત્મક રીતે લીધું છે. દેશમાં જીડીપી આકારણીની પદ્ધતિમાં સમયાંતરે ફેરફારો કરીને તેને વધુ આધુનિક અને વર્તમાન આર્થિક પરિસ્થિતિને અનુરૂપ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. IMFના જણાવ્યા અનુસાર આવા સુધારાઓથી દેશની આર્થિક સ્થિતિનું વધુ ચોક્કસ ચિત્ર સામે આવી શકે છે.

જુલી કોજાકે જણાવ્યું હતું કે નવીનતમ ડેટા સિસ્ટમમાં નવા ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક એટલે કે IIP અને ઉત્પાદક ભાવ સૂચકાંક એટલે કે PPI શ્રેણીને પણ મહત્વ આપવામાં આવ્યું છે. આ પ્રકારના નવા સૂચકાંકો અને આધુનિક ડેટા સિસ્ટમનો સમાવેશ થવાથી જીડીપીના આંકડાઓની ગુણવત્તા અને સચોટતામાં વધુ સુધારો થઈ શકે છે. IMF માને છે કે અર્થતંત્રમાં થતા વાસ્તવિક ફેરફારોને સમજવા માટે આધુનિક અને વિશ્વસનીય ડેટા સિસ્ટમ અત્યંત જરૂરી છે.

# સેન્સેક્સ 120 અંક ઘટીને 74,781 પર બંધ: નિફ્ટી પણ 79 અંક ઘટ્યો; રિયલ્ટી-મેટલ શેરોમાં સૌથી વધુ ઘટાડો રહ્યો

મુંબઈ, તા.11

શેરબજારમાં આજે એટલે કે 11 સપ્ટેમ્બરે ફરી એકવાર નરમાઈ જોવા મળી હતી. દિવસભર વૈશ્વિક બજારોમાંથી મળેલા નબળા સંકેતો, ક્રૂડ ઓઈલના ભાવમાં તેજ વધારો અને વિદેશી રોકાણકારોના વેચાણના દબાણને કારણે ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ થયું હતું. બીએસઈનો સેન્સેક્સ 120 પોઈન્ટ ઘટીને 74,781ના સ્તરે બંધ થયો હતો, જ્યારે એનએસઈનો નિફ્ટી પણ 79 પોઈન્ટના ઘટાડા સાથે 23,398ના સ્તરે આવી ગયો હતો. બજારમાં ખાસ કરીને રિયલ્ટી અને મેટલ ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી.

બજારના ઘટાડા પાછળનું સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો જોરદાર ઉછાળો માનવામાં આવી રહ્યો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને રેડ સીમાં જહાજો પર થતા હુમલાઓને કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠાને લઈને ચિંતા વધી છે. છેલ્લા એક અઠવાડિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં અંદાજે 12 ટકાનો વધારો નોંધાયો છે અને ભાવ વધીને પ્રતિ બેરલ 108 ડોલરને પાર પહોંચી ગયા છે.



ભારત પોતાની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાતી ક્રૂડ ઓઈલથી પૂરો કરે છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધે ત્યારે તેની સીધી અસર ભારતના આયાત ખર્ચ પર પડે છે. વધતા આયાત બિલને કારણે દેશની આર્થિક સ્થિતિ પર દબાણ વધી શકે છે અને પેટ્રોલિયમ ઉત્પાદનો સહિત અન્ય ક્ષેત્રોમાં મોંઘવારી વધવાની શક્યતા પણ ઉભી થાય છે. રોકાણકારોમાં આ ચિંતાને કારણે બજારમાં સાવચેતીનું વાતાવરણ જોવા મળ્યું હતું.

બીજી તરફ અમેરિકી બોન્ડ યીલ્ડમાં પણ મોટો ઉછાળો બજાર માટે નકારાત્મક પરિબળ બન્યો હતો. અમેરિકાની 10 વર્ષની બોન્ડ યીલ્ડ વધીને 4.94 ટકાને પાર પહોંચી ગઈ હોવાનું સામે આવ્યું છે. અમેરિકામાં સરકારી બોન્ડ જેવા ઓછા જોખમવાળા રોકાણમાં વધુ વળતર મળતા વૈશ્વિક રોકાણકારો ઉભરતા બજારોમાંથી પોતાની મૂડી પાછી ખેંચવાની દિશામાં આગળ વધી શકે છે. ભારત જેવા ઉભરતા બજારો માટે આ સ્થિતિ વિદેશી મૂડીના પ્રવાહને અસર કરી શકે છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઈઆઈ અને એફપીઆઈ દ્વારા કરવામાં આવેલી વેચવાલીએ પણ બજાર પર દબાણ વધાર્યું હતું. 10 સપ્ટેમ્બરના રોજ વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી અંદાજે 438 કરોડ રૂપિયાના શેર વેચી નાખ્યા હતા. જોકે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ બજારમાં ખરીદી કરીને ઘટાડાને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વૈશ્વિક સ્તરે ઊભા થયેલા નકારાત્મક માહોલ સામે સ્થાનિક ખરીદી પૂરતી અસરકારક સાબિત થઈ શકી નહોતી.

છેલ્લા સાત દિવસના આંકડાઓ પર નજર કરીએ તો સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય શેરબજાર પર વિશ્વાસ જાળવી રાખ્યો છે. ડીઆઈઆઈએ આ સમયગાળા દરમિયાન કુલ 4,451 કરોડ રૂપિયાના શેરોની ખરીદી કરી છે. છેલ્લા 30 દિવસમાં સ્થાનિક રોકાણકારોની નેટ ખરીદી 68,944 કરોડ રૂપિયા સુધી પહોંચી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. બીજી તરફ વિદેશી રોકાણકારોનો વલણ વેચવાલી તરફ વધુ જોવા મળ્યો છે. છેલ્લા સાત દિવસમાં એફઆઈઆઈ અને એફપીઆઈએ 864 કરોડ રૂપિયાની નેટ વેચવાલી કરી છે, જ્યારે છેલ્લા 30 દિવસમાં તેમની નેટ વેચવાલી 10,141 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

એશિયન શેરબજારોમાં પણ આજે ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે ભારતીય રોકાણકારોની ભાવના પર પણ અસર પડી હતી. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 179 પોઈન્ટ અથવા 2.73 ટકા ઘટીને 6,855ના સ્તરે રહ્યો હતો. જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ પણ ભારે દબાણ હેઠળ જોવા મળ્યો અને તેમાં 1,802 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. નિકેઈ 2.76 ટકાના ઘટાડા સાથે 63,469ના સ્તરે રહ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ 242 પોઈન્ટ અથવા 1.04 ટકા ઘટીને 24,712ના સ્તરે પહોંચ્યો હતો. વૈશ્વિક બજારોમાં નબળાઈનો માહોલ અગાઉથી જ જોવા મળી રહ્યો હતો. 10 સપ્ટેમ્બરના રોજ અમેરિકી શેરબજારો પણ ઘટાડા સાથે બંધ થયા હતા. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ 317 પોઈન્ટ અથવા 0.60 ટકા ઘટીને 52,064ના સ્તરે બંધ થયો હતો. ટેકનોલોજી શેરો આધારિત નાસ્ડેકમાં પણ 172 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 26,082ના સ્તરે રહ્યો હતો. એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ 45 પોઈન્ટ અથવા 0.58 ટકા ઘટીને 7,592ના સ્તરે બંધ થયો હતો. અમેરિકી બજારોમાં ઘટાડો અને એશિયન બજારોમાં જોવા મળેલી ભારે વેચવાલીએ ભારતીય શેરબજાર પર પણ સીધી અસર કરી હતી.

# નોકરી જતાં કે આવક ઘટતાં EMI કેવી રીતે ભરવી? જાણો મહત્વપૂર્ણ નાણાકીય વિકલ્પો

નવી દિલ્હી, તા.11

આજના સમયમાં EMIના માધ્યમથી મોંઘી વસ્તુઓ કે વિવિધ જરૂરિયાતો માટે લોન લેવી સામાન્ય બની ગઈ છે. EMIના કારણે મોટી રકમ એકસાથે ચૂકવવાને બદલે દર મહિને નિશ્ચિત રકમ ચૂકવી શકાય છે. જોકે નોકરી જતી રહેવી, પગારમાં ઘટાડો થવો અથવા અચાનક મોટો ખર્ચ આવી પડવા જેવી સ્થિતિમાં સમયસર EMI ભરવી મુશ્કેલ બની શકે છે.

EMI ભરવામાં મુશ્કેલી પડે ત્યારે બેંકથી વાત છુપાવવાને બદલે શક્ય તેટલી વહેલી તકે સંપર્ક કરવો જોઈએ. તમારી લોનની વિગતો, અગાઉની ચુકવણીનો રેકોર્ડ અને બેંક તરફથી મળેલી નોટિસ જેવા દસ્તાવેજો તૈયાર રાખો. EMI ન ભરી શકવાનું વાસ્તવિક કારણ બેંકને જણાવો અને તમે લોન ચૂકવવા માટે પ્રતિબદ્ધ છો તે સ્પષ્ટ કરો. અગાઉ તમારો ચુકવણી રેકોર્ડ સારો રહ્યો હોય તો તેનો પણ ઉલ્લેખ કરી શકાય છે.

જો થોડા મહિનામાં તમારી આર્થિક સ્થિતિ સુધરવાની શક્યતા હોય, જેમ કે નવી નોકરી મળવાની આશા હોય, તો બેંક સાથે EMI માટે રાહત અથવા ચુકવણી મુલતવી રાખવાની શક્યતા અંગે ચર્ચા કરી શકાય છે. બેંકની મંજૂરી અને લાગુ શરતો અનુસાર આવો વિકલ્પ મળી શકે છે. જોકે, ગ્રેસ




પિરિયડ બાદ EMI ફરી શરૂ થશે અને મોડા ચુકવણીના ચાર્જ અથવા અન્ય લાગુ ખર્ચ થઈ શકે છે.

જો હાલની EMI તમારી આવકની સરખામણીએ વધારે થઈ ગઈ હોય તો બેંક સાથે લોન રિસ્ટ્રક્ચરિંગ અંગે વાત કરી શકાય છે. કેટલીક પરિસ્થિતિમાં EMI ઘટાડીને લોનની મુદત વધારવાનો વિકલ્પ મળી શકે છે. તેનાથી ટૂંકા ગાળે માસિક નાણાકીય બોજ ઓછો થઈ શકે છે. કેટલાક કિસ્સામાં બેંક બાકી લોન માટે એકમુશ્ત સેટલમેન્ટનો વિકલ્પ પણ વિચારણા હેઠળ લઈ શકે છે. જોકે આવી વ્યવસ્થા તમારી ક્રેડિટ હિસ્ટ્રી અને ક્રેડિટ સ્કોર પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી આ વિકલ્પ પસંદ કરતા પહેલાં તેની લાંબા ગાળાની અસર સમજવી જરૂરી છે. અન્ય વિકલ્પો કામ ન કરે તો ઉપલબ્ધ બચત, ડિપોઝિટ અથવા કેટલાક રોકાણને લિક્વિડેટ કરીને EMI ચૂકવવા અંગે વિચાર કરી શકાય છે. જોકે આ નિર્ણય લેતા પહેલાં રોકાણ તોડવાથી થનારા નુકસાન, ટેક્સ અને ભવિષ્યની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. નાણાકીય આયોજનમાં ઈમરજન્સી ફંડનું મહત્વ ખૂબ છે. સામાન્ય રીતે ઓછામાં ઓછા કેટલાક મહિનાના જરૂરી ખર્ચ અને EMIને આવરી શકે તેવી સરળતાથી ઉપલબ્ધ બચત રાખવી ઉપયોગી બની શકે છે. સૌથી મહત્વનું એ છે કે EMI ચૂકવવામાં મુશ્કેલી પડે ત્યારે સમસ્યાને ટાળવાને બદલે બેંક સાથે વહેલી તકે પારદર્શક વાતચીત કરવી. કોઈપણ લોન સંબંધિત નિર્ણય લેતા પહેલાં તેની ફી, વ્યાજ, ક્રેડિટ સ્કોર પર અસર અને કુલ ચુકવણી અંગેની શરતો સારી રીતે સમજવી જરૂરી છે.

# ગુજરાત સરકારે દેવું કરી દિવાળી ઉજવી! વિકાસના દાવા વચ્ચે વધતો દેવાનો બોજ

## સરકારના આંકડાઓથી ચોંકાવનારી સ્થિતિ, એક વર્ષમાં રૂ. 55,475 કરોડનો વધારો, દેવું રૂ. 4.30 લાખ કરોડને પાર

**ગાંધીનગર, તા.11**

રાજ્યા સરકાર વિકાસના મોડેલના દાવા કરતી હોવા છતાં રાજ્યના માથે દેવાનો બોજ સતત વધી રહ્યો હોવાનો મુદ્દો વિધાનસભામાં સામે આવ્ય. જમાલપુર-ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વિધાનસભામાં પૂછેલા પ્રશ્નના જવાબમાં સરકાર દ્વારા રજૂ કરાયેલા આંકડાઓ રાજ્યની નાણાકીય સ્થિતિ અંગે સવાલો ઉભા થયા છે.



સરકારના જવાબ મુજબ નાણાકીય વર્ષ 2024-25ના અંતે રાજ્યનું કુલ દેવું અંદાજે રૂ. 3,74,485 કરોડ હતું, જે 2025-26ના અંદાજ મુજબ રૂ. 4,30,320 કરોડ સુધી પહોંચ્યું છે. માત્ર એક જ વર્ષના ગાળામાં રાજ્યના દેવામાં રૂ. 55,475 કરોડનો વધારો થયો છે.

પ્રજાના ટેક્સના નાણાં વિકાસ કાર્યોમાં વપરાવાને બદલે માત્ર વ્યાજ ચૂકવવામાં હોમાઈ રહ્યા છે. વર્ષ 2024-25 માં સરકારે વ્યાજ પેટે રૂ. 25,604 કરોડ ચૂકવ્યા જ્યારે વર્ષ2025-26 માં આ બોજ વધીને રૂ. 27,095 કરોડ થઈ જશે. આ ઉપરાંત, મુદ્દલની ચુકવણી પેટે વર્ષ 2025-26 માં રૂ. 34,025 કરોડ ચૂકવવાનો અંદાજ છે.

ઈમરાન ખેડાવાલાએ સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે ગુજરાત રાજ્યને સતત રોલ મોડેલ તરીકે રજૂ કરવામાં આવે છે, પરંતુ બીજી તરફ સરકારી આંકડાઓ જ રાજ્ય પર વધતા દેવાના બોજની સ્થિતિ દર્શાવી રહ્યા છે. રાજ્યના ખજાના પર વ્યાજ અને દેવાની ચુકવણીનો બોજ વધતો જતો હોવાનો મુદ્દો તેમણે વધુ ઉમેર્યું, પ્રજા પર કરવેરાનો બોજ નાખીને તિજોરી ભરતી સરકાર પોતાના જંગી ખર્ચાઓ અને ઈવેન્ટબાજી પર લગામ લગાવવાને બદલે કરોડો રૂપિયાનું દેવું વધારી રહી છે. જે વિકાસના બોર્ડ આજે મારવામાં આવે છે, તેની વાસ્તવિક કિંમત ગુજરાતનો સામાન્ય નાગરિક અને આવનારી પેઢીઓ વ્યાજ ચૂકવીને ભોગવશે. જો માત્ર વ્યાજમાં જ રૂ. 27,000 કરોડથી વધુ રકમ જતી હોય, તો એ નાણાંથી રાજ્યના અનેક આરોગ્ય કેન્દ્રો, શાળાઓ અને ખેડૂતોની સહાય માટે વાપરી શકાયા હોત. તેમણે કહ્યું કે સરકારે હવે આંકડાઓની માયાજાળમાંથી બહાર આવીને કાગળ પરના વિકાસ પાછળ રાજ્યને દેવાના દળદળમાં ધકેલવાનું બંધ કરવું જોઈએ.

# અમદાવાદ-દરભંગા સહિત પશ્ચિમ રેલવેની સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા, 11મી સપ્ટેમ્બરથી બુકિંગ શરૂ

**અમદાવાદ, તા.11**

તહેવારો દરમિયાન પેસેન્જરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ સહિત વિવિધ શહેરોથી દોડતી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા છે. તેમાં અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા 27મી નવેમ્બર, 2026 સુધી વધારવામાં આવ્યા છે. વિસ્તૃત ફેરાની ટિકિટનું બુકિંગ 11મી સપ્ટેમ્બરથી શરૂ થશે.



પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકે જણાવ્યું હતું કે પેસેન્જરોની સુવિધા અને વધારાની ભીડને સમાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નંબર 09465 અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 27 નવેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવ્યા છે. જ્યારે ટ્રેન નંબર 09466 દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 30મી નવેમ્બર, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.

ટ્રેન નંબર 04828 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સાપ્તાહિક સ્પેશિયલ: 4 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 04827 ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ: 3 ઓક્ટોબરથી 31 ઓક્ટોબર, 2026 સુધી. ટ્રેન નંબર 04728 વલસાડ-હિસાર સાપ્તાહિક સ્પેશિયલ: 15 ઓક્ટોબરથી 26 નવેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 04727 હિસાર-વલસાડ સાપ્તાહિક સ્પેશિયલ: 14 ઓક્ટોબરથી 25 નવેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 09045 ઉધના-મધુબની સાપ્તાહિક સ્પેશિયલ: 27 સપ્ટેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 09046 મધુબની-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ: 28 સપ્ટેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 09151 ઉધના-મધુબની સાપ્તાહિક સ્પેશિયલ: 30 સપ્ટેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 09152 મધુબની-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ: 2 ઓક્ટોબર, 2026 સુધી. ટ્રેન નંબર 09047 ઉધના-ઝંઝારપુર સાપ્તાહિક સ્પેશિયલ: 27 સપ્ટેમ્બર, 2026 સુધી. ટ્રેન નંબર 09048 ઝંઝારપુર-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ: 28 સપ્ટેમ્બર, 2026 સુધી.


ન્યૂ વેસ્ટ કેબિન અને પ્રયાગરાજ જંક્શન વચ્ચે કોરિડોર બ્લોકના કારણે ટ્રેન નંબર 09031/09032 અનુક્રમે 20 અને 22 સપ્ટેમ્બર, 2026થી પ્રયાગરાજ જંક્શનના બદલે સુબેદારગંજ સ્ટેશને રોકાશે.

ટ્રેન નંબર 04828, 04728, 09045, 09151, 09047, 09031 અને 09465ના વિસ્તૃત ફેરા માટેનું બુકિંગ 11 સપ્ટેમ્બર, 2026થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે 65 નાગરિકો સાથે ₹8.63 લાખની છેતરપિંડી, RTIથી ખૂલ્યું કૌભાંડ

**અમદાવાદ, તા.11**

અમદાવાદના શાહીબાગ નમસ્તે સર્કલ રિલાયન્સ મોલના પાર્કિંગ સહિતના વિસ્તારોમાં ગરીબ અને સામાન્ય પરિવારોને ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (GUDA) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સંચાલિત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચ આપી કુલ 65 નાગરિકો પાસેથી 8,63,400 રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. રાણીપ વિસ્તારમાં રહેતા 62 વર્ષીય એજન્ટ જગદીશસિંહ રાજપુતની ફરિયાદના આધારે માધવપુરા પોલીસે માધવપુરા પંકજ પ્રજાપતિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



મળતી માહિતી અનુસાર, રાણીપમાં રહેતા જગદીશસિંહ રાજપુત સરકારી યોજના તથા ડોક્યુમેન્ટ સુધારવા અંગેનું કામ કરે છે. થોડા સમય પંકજ પ્રજાપતિ ઘોડાકેમ્પ અનાજ ગોડાઉન પાસે રેશનકાર્ડ કચેરી બહાર એજન્ટ તરીકે કામ કરતો હતો હોવાથી પરિચયમાં આવ્યા હતા. નવેમ્બર 2023 દરમિયાન વડાપ્રધાન ગરીબ આવાસ યોજના હેઠળ ફોર્મ ભરવાની જાહેરાત થતાં પંકજે ફોર્મ ભરી આપવાની ખાતરી આપી હતી. તેણે GUDA હેઠળ LIG 2-BHK માટે 21,000 રૂપિયા ડિપોઝિટ અને AMC હેઠળ EWS 1-BHK માટે 7,800 રૂપિયા ડિપોઝિટ ઓનલાઈન ભરવી પડશે તેમ જણાવ્યું હતું. આથી ફરિયાદી મારફતે 27 વ્યક્તિઓએ LIG મકાન માટે કુલ 5,67,000 રૂપિયા અને 38 વ્યક્તિઓએ EWS મકાન માટે કુલ 2,96,400 રૂપિયા મળી કુલ 65 લોકોએ 8,63,400 રૂપિયા પંકજને 13મી ડિસેમ્બર 2023થી પાંચમી જાન્યુઆરી 2024 દરમિયાન રોકડા ચૂકવ્યા હતા.

પૈસા લીધા બાદ પંકજે EWS મકાનના ફોર્મ અને નાણાં ભર્યા અંગેની બનાવટી પાવતીઓ પધરાવી દીધી હતી. જ્યારે LIG મકાનની પાવતીઓ આપવાના નામે ગલ્લાંતલ્લાં શરૂ કર્યા હતા. લાંબો સમય કોઈ જવાબ ન મળતાં ફરિયાદીએ 22મી ડિસેમ્બર 2025ના રોજ AMCના રાયખડ સરદાર ભવન સ્થિત હાઉસિંગ સેલ કમિટીમાં RTI દાખલ કરી હતી. જેમાં અપીલ બાદ 17 માર્ચ 2026ના રોજ તંત્ર તરફથી ઘટસ્ફોટ કરવામાં આવ્યો હતો કે, આ પહોંચો રેકોર્ડ પર ઉપલબ્ધ નથી અને કોર્પોરેશનમાં કોઈ નાણાં જમા થયા નથી. આરોપીએ આવાસના ફોર્મ ભર્યા વિના જ રકમ હડપ કરી હોવાનું સામે આવ્યું હતું. આ મામલે માધવપુરા પોલીસે ગુનો તપાસ શરૂ કરી છે.

જગદીશસિંહે જ્યારે શંકાના આધારે AMCમાં તપાસ કરી અને RTIનો ખુલાસો મેળવ્યો ત્યારે આ સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. કોર્પોરેશને સ્પષ્ટ કર્યું હતું કે રજૂ કરાયેલી પહોંચો તંત્ર દ્વારા ઈશ્યૂ કરાયેલી નથી. આ પુરાવા સાથે જ્યારે ફરિયાદી અને ભોગ બનનારા લોકો પંકજ પાસે પહોંચ્યા ત્યારે તેણે પોતે ફોર્મ ન ભર્યા હોવાની કબૂલાત કરી હતી, પરંતુ નાણાં પરત ન આપીને વાયદા કરતો રહ્યો હતો, જેના કારણે આખરે મામલો પોલીસ સ્ટેશન પહોચ્યો હતો.

# અમદાવાદના વેજલપુરમાં નશાકારક સિરપનો મોટો જથ્થો ઝડપાયો: પિતા-પુત્ર સામે ગુનો નોંધાયો, 1ની ધરપકડ બીજો ફરાર!

**અમદાવાદ, તા.11**

અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાંથી પોલીસે 10 સપ્ટેમ્બરની વહેલી સવારે એક શખસને નિયંત્રિત પદાર્થ 'કોડીન ફોસ્ફેટ' ધરાવતી ઉધરસની દવાની 354 બોટલો તથા રોકડ સહિત કુલ 4.69 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીની ઓળખ અહમદાબાદના ફતેહવાડી વિસ્તારમાં આવેલા રમઝાન પાર્ક-2ના રહીશ ઈસાબખાન પઠાણ તરીકે થઈ છે.



વેજલપુર પોલીસની ટીમે 10 સપ્ટેમ્બરના રોજ સવારે આશરે 3.50 વાગ્યે ઈસાબખાન પઠાણને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી કોડીન ફોસ્ફેટયુક્ત ઉધરસના સિરપની 354 બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા સિરપનું આશરે વજન 35.4 કિલોગ્રામ છે, જેની બજાર કિંમત 4.16 લાખ આંકવામાં આવી છે.

પોલીસે ઘટનાસ્થળેથી સિરપ ઉપરાંત એક મોબાઈલ ફોન, 42,900ની રોકડ રકમ, આધાર કાર્ડ, લાઈટ બિલ અને એક કાળા રંગની બેગ પણ કબજે કરી છે. આ તમામ જપ્ત કરેલી ચીજવસ્તુઓની કુલ કિંમત આશરે 4.69 લાખ અંદાજવામાં આવી છે.

પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસે આરોપીના પુત્ર રિયાઝ ઈસાબખાન પઠાણની સંડોવણી ખુલતા તેને પણ આરોપી તરીકે દર્શાવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, ગેરકાયદે આર્થિક લાભ મેળવવાના હેતુથી રિયાઝે તેના પિતાને કોડીન ફોસ્ફેટ ધરાવતો આ જથ્થો પૂરો પાડ્યો હતો. બંને પિતા-પુત્રએ એકબીજાની મદદગારીથી કોડીનયુક્ત સિરપનો ગેરકાયદે જથ્થો રાખવા અને તેનું વેચાણ કરવાનું કૌભાંડ આચર્યું હોવાનો આક્ષેપ છે.

ઉલ્લેખનીય છે કે, કોડીન એક ઓપિઓઈડ (અફીણ ઘટક) પદાર્થ છે, જેનો ઉપયોગ ચોક્કસ તબીબી નિયંત્રણો હેઠળ દવામાં થાય છે. કાયદાકીય જોગવાઈઓ બહાર તેનો સંગ્રહ કે વેચાણ કરવું એ ગુનો બને છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ ગેરકાયદે જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને શું આ પિતા-પુત્ર કોઈ મોટા નેટવર્ક કે રેકેટ સાથે જોડાયેલા છે કે કેમ તે અંગે દિશામાં તપાસ ચાલુ છે.

# સુરતથી ગાંજો લાવી યુવકે વટવામાં સાસરીમાં સંતાડ્યો, બારેજા લઈ જતા પોલીસના હાથે ઝડપાયો

**અમદાવાદ, તા.11**

અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલા કેનાલ ચાર રસ્તા પાસેથી પોલીસે 445 ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખસને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી 22,250 રૂપિયાની કિંમતનો ગાંજો અને 40,000 રૂપિયાની બાઈક મળીને કુલ 62,250 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા શખસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, તે આ ગાંજો સુરતથી લાવ્યો હતો અને વટવા સ્થિત પોતાની સાસરીમાં છુપાવ્યા બાદ બારેજા પોતાના ઘરે લઈ જઈ રહ્યો હતો. આ અંગે નારોલ પોલીસે આરોપી સામે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી મુજબ, નારોલ પોલીસનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, આ દરમિયાન કોન્સ્ટેબલ શક્તિસિંહને ચોક્કસ બાતમી મળી હતી. બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે, બારેજા ખાતે રહેતો ભાઈલાલ નામનો શખસ પોતાની બાઈક પર ગાંજાનો જથ્થો લઈને તિરુપતિ એન્કલેવ કેનાલ ચાર રસ્તાથી એસ.પી. રિંગ રોડ થઈ બારેજા તરફ જવાનો છે.

આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન આગળના ભાગે નંબર પ્લેટ વગરની સ્પ્લેન્ડર બાઈક લઈને પસાર થઈ રહેલા એક શંકાસ્પદ યુવકને રોકીને પૂછપરછ કરવામાં આવી હતી. તેણે પોતાનું નામ ભાઈલાલ બતાવ્યું હતું. પોલીસે તેની તલાશી લેતાં તેની પાસેથી 445 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

પોલીસની કડક પૂછપરછમાં આરોપી ભાઈલાલે કબૂલાત કરી હતી કે, તે સુરત રેલવે ફાટક પાસેથી એક અજાણ્યા શખસ પાસેથી આ ગાંજો ખરીદીને લાવ્યો હતો. ત્યારબાદ તેણે આ જથ્થો વટવા ચારમાળિયા ખાતે આવેલી પોતાની સાસરીમાં સંતાડી રાખ્યો હતો. ત્યાંથી તે ગાંજો પોતાના ઘરે બારેજા લઈ જઈ રહ્યો હતો ત્યારે જ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. નારોલ પોલીસે આ મામલે મુખ્ય સપ્લાયર સહિતના અન્ય સંડોવાયેલા શખસોની શોધખોળ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

